दैनिक
# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 69 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ફાગણ સુદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 March 2024, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૨૧ માર્ચ ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ ૫ ૬ ૭ ૮ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


નવરોઝની શુભેચ્છા
મુંબઈ સમાચારના દરેક
પારસી વાચકો અને
શુભેચ્છકોને જમશેદી
નવરોઝની શુભેચ્છા

# લોકસભાની ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ

## ૨૧ રાજ્ય, કેન્દ્રશાસિત પ્રદેશની ૧૦૨ બેઠક માટે ઉમેદવારી નોંધાવાનું શરૂ

૨૦૨૪

નવી દિલ્હી: પ્રથમ તબક્કામાં જે રાજ્યોમાં લોકસભાની બેઠકો માટે મતદાન થવાનું છે તે રાજ્યો માટે ઉમેદવારોના નામાંકન ભરવાની પ્રક્રિયા બુધવારથી શરૂ થઈ ગઈ હતી.

પ્રથમ તબક્કામાં ૧૭ રાજ્ય અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશની ૧૦૨ લોકસભા બેઠકો પર ચૂંટણી યોજાશે. ૧૮મી લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૦૨ બેઠક માટે નામાંકન ભરવાની છેલ્લી તારીખ ૨૭ માર્ચ છે.

ચૂંટણી પંચ દ્વારા ગત સપ્તાહે લોકસભા ચૂંટણી ૨૦૨૪ની તારીખોની જાહેરાત કરવામાં આવી હતી. ચૂંટણી ૧૯ એપ્રિલથી શરૂ થશે અને તે પછી ૨૬ એપ્રિલ, સાત મે, ૧૩ મે, ૨૦ મે, ૨૫ મે અને એક જૂનના રોજ સાત અલગ-અલગ તબક્કામાં મતદાન થશે. મતગણતરી ચાર જૂને થશે.

આ વખતે સામાન્ય ચૂંટણી સાત તબક્કામાં યોજાવા જઈ રહી છે, જેના પ્રથમ તબક્કા માટે ચૂંટણી પંચે ૨૦ માર્ચે જાહેરનામું બહાર પાડ્યું હતું.

જોકે, બિહાર માટે નોમિનેશનની છેલ્લી તારીખ ૨૮ માર્ચ રાખવામાં આવી છે. જ્યારે ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ ૩૦ માર્ચ છે. આ સિવાય બિહારમાં નામાંકન પરત ખેંચવા માટે બે એપ્રિલની તારીખ નક્કી કરવામાં આવી છે. બિહારની ૪૦માંથી ચાર બેઠક પર પ્રથમ તબક્કામાં મતદાન થશે.

પ્રથમ તબક્કામાં જે ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠક પર ચૂંટણી યોજાશે, તેમાં પુડુચેરી, મિઝોરમ, મેઘાલય, મધ્ય પ્રદેશ, મણિપુર, મહારાષ્ટ્ર, અરુણાચલ પ્રદેશ, આસામ, બિહાર, છત્તીસગઢ, જમ્મુ અને કાશ્મીર, લક્ષદ્વીપ, રાજસ્થાન, સિક્કિમ, તમિલનાડુ, ત્રિપુરા, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બંગાળ, નાગાલેન્ડ, આંદામાન નિકોબારનો સમાવેશ થાય છે. લોકસભા ચૂંટણીના પ્રથમ

(જુઓ પાનું ૨) ▸▸


magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.


ભારત ૨૦૩૬ ઓલિમ્પિક્સનું આયોજન કરવા તૈયાર ૧૧


ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 60,390/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## રશિયા-યુક્રેન યુદ્ધમાં મધ્યસ્થીનો ભારતનો પ્રયાસ

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીની સાથે બુધવારે મંત્રણા કરીને આ બંને દેશ વચ્ચેનું યુદ્ધ બંધ કરાવવા મધ્યસ્થી કરવાની કોશિશ ફરી કરી હતી.

વાટાઘાટ મારફતે સમસ્યાનો ઉકેલ લાવવાનો મોદીએ પુનરોચ્ચાર કર્યો હતો.

બંને દેશ વચ્ચે ચાલી રહેલા વર્તમાન સંઘર્ષ અને વિવાદનો વહેલામાં વહેલી તકે અંત લાવવા અને શાંતિ સ્થાપવા જરૂરી તમામ સહાય કરવાની તેમણે તૈયારી દર્શાવી હતી.

ભારત તેના લોકકેન્દ્રીત અભિગમ સાથે માનવીય સહાય

(જુઓ પાનું ૨) ▸▸

## દેશની સ્ટાર્ટઅપ ક્રાંતિનું નેતૃત્વ યુવાનોના હાથમાં: મોદી

### વડા પ્રધાને સ્ટાર્ટઅપ મહાકુંભનું ઉદ્‌ઘાટન કર્યું

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે સ્ટાર્ટઅપ મહાકુંભનું ઉદ્‌ઘાટન કર્યું અને જણાવ્યું હતું કે દેશની સ્ટાર્ટઅપ ક્રાંતિનું નેતૃત્વ યુવાનોના હાથમાં છે.

આ દરમિયાન તેમણે કાર્યક્રમને સંબોધતા કહ્યું કે સ્ટાર્ટઅપ મહાકુંભનું એવા સમયે ઘણું મહત્ત્વ છે જ્યારે આપણે ૨૦૪૭ના વિકસિત ભારતના રોડમેપ પર કામ કરી રહ્યા છીએ. મોદીએ કહ્યું કે છેલ્લા દાયકામાં

(જુઓ પાનું ૨) ▸▸

### નવરોઝની શુભેચ્છા આપી

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે લોકોને નવરોઝની શુભેચ્છા આપી હતી.

નવરોઝ પરંપરાગત રીતે પારસીઓનું નવું વરસ અને મૂળ ઈરાનનો તહેવાર છે. સોશિયલ મીડિયા પર મોદીએ 'નવરોઝ મુબારક' કહી લોકોને ખુશી અને તંદુરસ્ત આરોગ્ય માટે શુભેચ્છા આપી હતી અને કહ્યું હતું કે આવનારું વરસ સફળતા, વિકાસ અને સમાજમાં એકતા વધારનારું રહે. (એજન્સી)■


ગુજરાતની પ્રતિષ્ઠિત ટ્રાવેલ કંપની અજય મોદી હવે કાંદીવલી માં પણ

| | | | |
|---|---|---|---|
| કાશ્મીર ₹19900* વ્યક્તિ દીઠ અને વધુ | કેરાલા ₹25900* વ્યક્તિ દીઠ અને વધુ | દાર્જીલીંગ ગંગટોક ₹25900* વ્યક્તિ દીઠ અને વધુ | સિમલા મનાલી ₹17900* વ્યક્તિ દીઠ અને વધુ |
| લેહ-લદાખ ₹22900* વ્યક્તિ દીઠ અને વધુ | વારાણસી અયોધ્યા - ચિત્રકુટ ₹17900* વ્યક્તિ દીઠ અને વધુ | કેદારનાથ - બદ્રીનાથ યમુનોત્રી - ગંગોત્રી ₹34999* વ્યક્તિ દીઠ અને વધુ | ભૂતાન ₹37900* વ્યક્તિ દીઠ અને વધુ |
| નૈનિતાલ-મસૂરી કોર્બેટ-કૌસાની ₹25499* વ્યક્તિ દીઠ અને વધુ | આસામ મેઘાલય ₹34900* વ્યક્તિ દીઠ અને વધુ | બેંગ્લોર-કુર્ગ મૈસુર-ઉટી ₹22999* વ્યક્તિ દીઠ અને વધુ | વૈશ્નોદેવી પટનીટોપ-શિવખોડી ₹5999* વ્યક્તિ દીઠ અને વધુ |

અજય મોદી 63596 19321


## ગૂગલને ૨૭.૨ કરોડ ડૉલરનો દંડ કરાયો

પૅરિસ: સમાચારને લગતા ફ્રેન્ચ પ્રકાશકોને પેમેન્ટની ચુકવણીને લગતા લાંબા સમયથી ચાલતા વિવાદને મામલે ફ્રેન્ચ કમ્પિટિશન ઑથોરિટીએ ગૂગલને ૨૭.૨ કરોડ ડૉલરનો દંડ ફટકાર્યો હતો. ફ્રેન્ચ કમ્પિટિશન ઑથોરિટીએ કહ્યું હતું કે વાટાઘાટ દરમિયાન આપેલા વચનોનું પાલન કરવામાં નિષ્ફળ જવા બદલ ગૂગલને ૨૭.૨ કરોડ ડૉલરનો દંડ કરવામાં આવ્યો છે. દંડની રકમ વિવાદના મુદ્દાના અનુરૂપ પ્રમાણમાં નથી તેમ જ વિવાદનો ઉકેલ લાવવા અને સમાધાન કરવા કંપનીએ કરેલા પ્રયાસને ધ્યાન પર લેવામાં ન આવ્યો હોવાનું ગૂગલે કહ્યું હતું. (એજન્સી)■

## રાજ ઠાકરે માટેનો મોહ બીજેપીને ભારે પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે અને બીજેપીના નેતૃત્વ હેઠળની મહારાષ્ટ્રની મહાયુતિના ઘટક પક્ષોની લોકસભાની ચૂંટણી માટે બેઠકોની વહેંચણી અંતિમ તબક્કામાં પહોંચી ત્યારે અચાનક તેમાં મનસેની એન્ટ્રી થઈ છે અને તેને કારણે ફરી બેઠકોની વહેંચણી વિલંબમાં પડી છે. આ બધાની વચ્ચે એવો એક સવાલ ઉપસ્થિત થાય છે કે ગુજરાતીઓ અને ઉત્તર ભારતીયોનું ભારે સમર્થન

(જુઓ પાનું ૨) ▸▸

## બિહાર, બંગાળમાં રાજકારણીઓ પર ઈન્કમ ટૅક્સના દરોડા

બક્સર અને કોલકાતા : બિહારના બક્સર જિલ્લામાં રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના વિધાનસભ્ય અને પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કૉંગ્રેસના નેતાના નિવાસસ્થાન પર આવકવેરા વિભાગે દરોડા પાડ્યા હતા.

આવકવેરાના અધિકારીઓએ બિહારના બક્સર જિલ્લામાં આરજેડીના વિધાનસભ્ય શંભુનાથ યાદવની સાથે કડી ધરાવતી મિલકતો પર દરોડા પાડ્યા હતા. બ્રહ્મપુરના વિધાનસભ્ય યાદવ આરજેડીના વડા લાલુ પ્રસાદ યાદવના નિકટના ગણાય છે. અધિકારીઓએ માહિતી આપવાની ના પાડતાં કહ્યું હતું કે વિધાનસભ્યને સંડોવતા કરચોરીના કેસના સંબંધમાં દરોડા પડાયા હતા. બ્રહ્મપુરના ચક્કીમાં આવેલા વિધાનસભ્યના

(જુઓ પાનું ૨) ▸▸


પ્રીમીયમ પેકેજ
ચારધામ
લેહ-લદાખ
કાશ્મીર
ગુજરાતી, કાઠીયાવાડી, પંજાબી, મુંબઈ ફાસ્ટ ફુડ, પ્યોર વેજ. રસોડું.
Hazel Tours
khar (w). Since 2003
PANKAJ CHHEDA
☏9869559938



રાજધાની દિલ્હીમાં પૂ. શ્રી ધીરગુરુદેવનો રવિવારે ઋણસ્વીકાર સમારોહ

૨૪ માર્ચ, રવિવાર, સવારે ૧૦ થી ૧૨ કલાકે
ગુજરાતી સમાજ, સિવિલ લાઈન્સ, દિલ્હી

શ્રી દિલ્હી ગુજરાતી સ્થા. જૈન સંઘના પ્રમુખ શ્રી દિલીપભાઈ અને અનિલાબેન ધોળકિયા અને પરિવારનું અભિવાદન કરતા 'પ્રેરણા'ના તંત્રી શ્રી અજયભાઈ શેઠ





Support Others : 'એકબીજાને સાથ આપો' વિષય પર યોજાયેલ શ્રી અજયભાઈ શેઠના વકતવ્યથી સહુ ભાવવિભોર



૩. કુંથુંનાથ જૈન મંદિરના અગ્રણી કીર્તિભાઈ ગાંધીનું (૪) મહાવિદેહ ધામના પન્નાબેન જયંતભાઈ શાહનું

કલકત્તામાં પૂ. શ્રી ધીરગુરુદેવના સાંનિધ્યે કમાણી જૈન ભવન ઉદ્‌ઘાટન ઉત્સવ 6 July અને ચાતુર્માસ પ્રવેશોત્સવ 7 July, રવિવારે

આપના આગમનની અગાઉથી જાણ કરવા વિનંતિ. સંપર્ક : 98369 20086

મા સ્વામીની 'પ્રેરણા' મૅગઝિનની દેશ - વિદેશમાં 10,000 (દસ હજાર)નકલ ઘર ઘરમાં પહોંચે છે. આપશ્રીને ઘેર બેઠા અંક મેળવવા માટે આપનું નામ, એડ્રેસ, મોબાઈલ નંબર What'sApp No. 85919 33848 / 74000 33848 માં મોકલો.



AZERBAIJAN
BAKU - SHAHDAG - QUBA - GABALA
special offer
Airfare Inclusive



07 DAYS
APRIL - JULY
REGULAR GROUP DEPARTURES
PACKAGE INCLUSIONS
- Ateshgah, Qobustan, Flame Tower, Baku Eye, Little Venice, Mud Volcano, Crystal Hall, Funicular Ride, Coaster Ride અને Vintage Car Museum નો અદ્ભુત અનુભવ.
- વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
- આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
- વીઝા, Insurance, એન્ટ્રન્સ ફી, Tips સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 ☎ (022) 26103073, 74

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈલેક્ટોરલ બોન્ડ, સ્ટેટ બૅન્ક કોને છાવરી રહી છે?

**સુપ્રીમ** કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપીને ઈલેક્ટોરલ બોન્ડને ગેરબંધારણીય ઠરાવી દઈને સોપો પાડી દીધો ત્યારે કમ સે કમ આ દેશનું હિત વિચારનારાં લોકોને તો આનંદ થયેલો જ. એ લોકોને લાગતું હતું કે, રાજકારણીઓએ ભ્રષ્ટાચારને કાયદેસરતા આપવા બનાવેલી આ સિસ્ટમને ગેરબંધારણીય ઠેરવીને દેશની બહુ સેવા કરી છે. સાથે સાથે ઈલેક્ટોરલ બોન્ડના નામે ચલાવાયેલા કાયદેસરના ભ્રષ્ટાચારનો ભાંડો ફૂટશે અને આપણા રાજકારણીઓનો અસલી ચહેરો લોકો સામે ઉઘાડો પડશે એવી આશા જાગેલી.

જો કે સુપ્રીમ કોર્ટના ચુકાદાના ૧૦ દિવસ પછી પણ આ આશા આશા જ છે, હજુ ફળી નથી. સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી પણ ઈલેક્ટોરલ બોન્ડને લગતી વિગતો આપવામાં સ્ટેટ બૅન્ક ઓફ ઈન્ડિયા જે રીતે ઠાગાઠૈયા કરી રહી છે અને સાવ બેશરમ બનીને સુપ્રીમ કોર્ટ જેવી સર્વોપરિ સત્તાને પણ રમાડી રહી છે એ જોતાં આ આશા ક્યારે ફળશે એ ખબર નથી.

સુપ્રીમ કોર્ટ સ્ટેટ બૅન્કની રમત બરાબર સમજી ગઈ છે તેથી સ્ટેટ બૅન્ક પર બરાબર ભડકી છે કેમ કે સુપ્રીમ કોર્ટના આદેશ પછી પણ સ્ટેટ બૅન્ક ઓફ ઈન્ડિયાએ ઈલેક્ટોરલ બોન્ડની તમામ વિગતો જાહેર કરી નથી. બૅન્કે ચૂંટણી પંચને આપેલી માહિતીમાં બોન્ડ નંબર જ નથી. ટેકનિકલ ભાષામાં કહીએ તો બોન્ડના 'આલ્ફાન્યૂમેરિક નંબર' સ્ટેટ બૅન્કે પૂરા પાડ્યા નથી.

સુપ્રીમ કોર્ટે એક તરફ આ મુદ્દે સ્ટેટ બૅન્કને અલ્ટિમેટમ આપીને ૨૧ માર્ચ ને ગુરુવાર સુધીમાં તમામ વિગતો આપવા ફરમાન કર્યું છે તો બીજી તરફ સ્ટેટ બૅન્કના વકીલ હરીશ સાલ્વેને ઈલેક્ટોરલ બોન્ડની કોઈ માહિતી છૂપાવી નથી એવી ખાતરી આપતી એફિડેવિટ કરવા પણ ફરમાન કર્યું છે. સુપ્રીમ કોર્ટે સ્ટેટ બૅન્ક ઓફ ઇન્ડિયાને ખરીદાયેલા અને વટાવાયેલા તમામ બોન્ડના 'આલ્ફાન્યૂમેરિક નંબર' રજૂ કરવા કહ્યું છે. સુપ્રીમ કોર્ટે આ ડેટા આપવા માટે ૨૧ માર્ચની તારીખ નક્કી કરીને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, બોન્ડ્સને લગતો કોઈ ડેટા છૂપાવવવાનો નથી.

સ્ટેટ બૅન્ક આ કોડ આપશે તો ઘણા બધા ધડાકા થશે. બોન્ડના 'આલ્ફાન્યૂમેરિક નંબર' ખરેખર તો ઈલેક્ટોરલ બોન્ડના યુનિક કોડ છે. આ કોડ મળે તો કઈ કંપનીએ કયા રાજકીય પક્ષને દાન આપ્યું છે તેની ખબર પડશે. દાન આપનાર અને રાજકીય પક્ષ વચ્ચેની લેવડદેવડની ખબર પડશે. બંને વચ્ચેના સંબંધો અને કંપનીઓની સરકાર દ્વારા તરફેણ કરવામાં આવી છે કે નહીં તે પણ ખબર પડશે. બોન્ડ ખરીદનારી કંપનીઓ સામે ચાલી રહેલી તપાસને બોન્ડના માધ્યમથી દાન આપ્યા પછી શું અસર થઈ તેની પણ ખબર પડશે.

સ્ટેટ બૅન્ક આ વખતે સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણેનો ડેટા આપે છે કે પછી ફરી રમાડવા મથામણ કરે છે તેની ખબર ૨૧ માર્ચે પડી જશે પણ અત્યાર સુધીનો સ્ટેટ બેંકનો રેકોર્ડ જોતાં એ ૨૧ માર્ચે પણ કંઈક નવું તૂત ઊભું કરવા કોશિશ તો કરશે જ. સુપ્રીમ કોર્ટે છ માર્ચે ઈલેક્ટોરલ બોન્ડને ગેરકાયદેસર અને ગેરબંધારણી. ગણાવીને સ્ટેટ બૅન્કને ઈલેક્ટોરલ બોન્ડને લગતો તમામ ડેટા ચૂંટણી પંચને આપવા અને આ ડેટા લોકો જોઈ શકે એ રીતે ચૂંટણી પંચની વેબસાઈટ પર મૂકવા ફરમાન કરેલું.

સ્ટેટ બૅન્ક બધો ડેટા આપી શકાય તેમ નથી એવું બહાનું કાઢીને વાતને ટાળવા કોશિશ કરેલી પણ સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરતાં છેવટે સ્ટેટ બૅન્ક ડેટા આપવો પડેલો. ભારતના ચૂંટણી પંચે ૧૪ માર્ચે ઇલેક્ટોરલ બોન્ડના ડેટાનો પ્રથમ સેટ વેબસાઈટ પર મૂક્યો અને ૧૭ માર્ચે ઈલેક્ટોરલ બોન્ડના ડેટાનો બીજો વેબસાઈટ પર મૂક્યો પણ આ ડેટા અધૂરો હતો. સ્ટેટ બૅન્ક ઈલેક્ટોરલ બોન્ડની આખી પ્રક્રિયા પર ઢાંકપિછોડો કરતી હોય તેમ અધૂરી માહિતી આપી હતી.

ભારતીય ચૂંટણી પંચે ૧૪ માર્ચ ૨૦૧૪મા રોજ તેની વેબસાઇટ પર બે યાદી અપલોડ કરી હતી. પહેલી યાદીમાં બોન્ડ ખરીદનારા લોકોના નામ હતા. આ તમામ બોન્ડ ૧૨ એપ્રિલ ૨૦૧૯થી જાન્યુઆરી ૨૦૨૪ વચ્ચે ખરીદવામાં આવ્યા હતા. યાદીમાં બોન્ડની તારીખ અને કિંમત વિશે માહિતી હતી. બીજી યાદીમાં રાજકીય પક્ષોના નામ, દરેક બોન્ડની રકમ અને તારીખ જાહેર કરવામાં આવી હતી. આ યાદી પ્રમાણે રાજકીય પક્ષોએ કુલ ૧૬,૪૯૨ કરોડ રૂપિયાના બોન્ડ વટાવીને રોકડી કરી હતી ને તેમાં ભાજપ ૮,૨૫૦ કરોડ રૂપિયાનું દાન મેળવીને ટોપ પર હતો.

આ યાદીમાં લોટરી કિંગ સેન્ટોનિસા માર્ટિનની કંપની ફ્યુચર ગેમિંગે સૌથી વધુ ૧,૩૬૮ કરોડ રૂપિયાના બોન્ડ ખરીદ્યા હોવાનું બહાર આવ્યું છે. મેઘા એન્જિનિયરિંગ (એમઈઆઈએલ) બીજા નંબરની સૌથી મોટી દાતા કંપની હતી. ઘણી ફાર્માસ્યુટિકલ કંપનીઓએ પણ મોટી સંખ્યામાં કરોડો રૂપિયાના બોન્ડ ખરીદ્યા હતા. રિલાયન્સ અને અદાણી ગ્રૂપનાં નામ આ યાદીમાં નહોતાં પરંતુ તેમની સાથે સંકળાયેલી બીજી કંપનીઓએ પક્ષોને ઇલેક્ટોરલ બોન્ડ દ્વારા દાન આપ્યું હતું. આ યાદીમાં સૌથી વાત એ હતી કે, ૨૧ કંપનીઓ એવી હતી કે જેમણે ઇડીના દરોડા પછી ઇલેક્ટોરલ બોન્ડ ખરીદ્યા હતા અને રાજકીય પક્ષોને દાનમાં આપ્યા હતા.

સ્ટેટ બૅન્કે આ માહિતી તો આપી દીધી પણ તેમાં બે મહત્ત્વની માહિતી મિસિંગ હતી. પહેલી વાત એ કે, ક્યા બોન્ડ કોણે વટાવ્યા તેની કોઈ માહિતી નહોતી અપાઈ. દરેક બોન્ડનો યુનિક કોડ અપાય તો આ માહિતી બહાર આવે. બોન્ડ ખરીદનાર અને તેને વટાવનાર બંનેની ઓળખ એક સાથે છતી નહોતી થતી. આ સિવાય માર્ચ ૨૦૧૮ અને એપ્રિલ ૨૦૧૯નો ઈલેક્ટોર બોન્ડને લગતો કોઈ ડેટા નહોતો અપાયો. આ ગાળામાં જ લગભગ ૪,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના બોન્ડ વેચાયા અને વટાવાયા.

સુપ્રીમ કોર્ટના આદેશ પછી સ્ટેટ બૅન્ક આ બધી માહિતી આપે છે કે પછી નાગાઈ કરીને હાથ અધ્ધર કરી નાંખે છે એ જોવાનું રહે છે. મોટા ભાગે તો બીજી શક્યતા વધારે છે.

સ્ટેટ બૅન્કનું વર્તન શંકાસ્પદ છે. સ્ટેટ બૅન્ક કોને છાવરવા મથી રહી છે એ સવાલ પણ ઊઠે જ છે. કરુણતા એ છે કે, આ સવાલનો જવાબ બધાં જાણે છે પણ કોઈનામાં બોલવાની હિંમત નથી. આ સંજોગોમાં એકલી સુપ્રીમ કોર્ટ શું કરી શકશે? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), ગુરુવાર, તા. ૨૧-૩-૨૦૨૪
પારસી જમશેદી નવરોઝ.

- ભારતીય દિનાંક ૧, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ સુદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ સુદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૯મો આદર, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૧૨મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- નક્ષત્ર આશ્લેષા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૨૬ સુધી (તા. ૨૨મી), પછી મઘા.
- ચંદ્ર કર્કમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૨૬ સુધી (તા. ૨૨મી), પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૯, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક.૧૦-૦૩, રાત્રે ક. ૨૨-૪૫
- ઓટઃ બપોરે ક. ૧૫-૫૭, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૪(તા. ૨૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, ફાગણ શુક્લ - દ્વાદશી. તિથિવાસર સવારે ક. ૦૮-૫૯ સુધી, ગોવિંદ દ્વાદશી, ભારતીય ચૈત્ર માસારંભ, ભારતીય નવું વર્ષ ૧૯૪૬ પ્રારંભ, પારસી જમશેદી નવરોઝ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, બુધ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, સર્પપૂજા, નવા ઔષધ ઉપચાર, માલ લેવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, નિત્ય થતાં ઘર-ખેતર જમીન, મકાન વાહનના લેવડદેવડના કામકાજ, પ્રાણી પાળવા.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ પૈસાનો વેડફાટ, ચંદ્ર-રાહુ ત્રિકોણ પ્રવાસી સ્વભાવ, ચંદ્ર-બુધ ત્રિકોણ મહેનતુ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, બુધ-મીન, ગુરુ-મેષ, શુક્ર-કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચૂન-મીન, પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# અલ્લાહનું સ્મરણ બંદાનો બેડો પાર કરે : ગુજર જાએગા યહ વક્ત ભી ગાલિબ, જરા ઈત્મીનાન રખ

**પવિત્ર** કુરાનમાં અલ્લાહતઆલાએ ફરમાવેલ આ કથન કેટલું બધું અસરકારક અને ઉપકારક છે. એ મોમિન ભાગ્યશાળી છે જે અલ્લાહની યાદમાં સતત પરોવાયેલો રહે છે. અલ્લાહની યાદમાં તેના સ્મરણમાં ગૂંથાયેલા રહેવું એ કંઈ સામાન્ય વાત નથી. આ બાબતના લાભ અગણિત છે. રૂહ એટલે કે આત્માની ઉન્નતિ માટે તેની સુધારણા માટે, આચાર વિચારની પ્રગતિ, પ્રેરણાદાયક બનવા માટે અલ્લાહતઆલાની સ્તૂતિ જેવો બીજો કોઈ ઉત્તમોત્તમ ઉપાય આના સિવાય બીજો કયો હોઈ શકે? શરીરની ગંદકી તો ન્હાવા ધોવાથી સ્વચ્છ થઈ જશે પણ હૃદયમાં રહેલી ખરાબીને સાફ કરવા માટે અલ્લાહ તઆલાનું જ સ્મરણ જરૂરી છે, અગત્યનું છે માત્ર સ્નાન કરી પાક થઈ ગયા એ વાત સાચી પણ દિલોદિમાગની સ્વચ્છતાનું મૂલ્ય તો અમૂલ્ય- અનેકગણું અધિક છે.

મન સાફ ન હોય તો કશું જ સાફ નથી એમ સમજી લેવું. નિખાલસતા દીન (ધર્મ)નું આભૂષણ છે. ભરેલી ગંદકી સાથે કોઈપણ કાર્ય આવકાર્ય નથી. એવુંય નથી એ અંગેની સભાનતા અન્ય કોઈ વ્યક્તિ કરાવી આપે તો જ ખબર પડે. સ્વયં પોતાનું દિલ જ તેને પોકારીને કહી દેશે કે જે કાંઈ થઈ રહ્યું છે અથવા થવામાં છે તેમાં અલ્લાહપાકની નારાજગી છે.

હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ્‌ની આજ્ઞાઓનું ઉલ્લંઘન ગુનાઓ તરફ દોરી જવા પ્રેરતો હોય છે અને જાણતા સમજતા હોવા છતાં તેની સાવધાની ન રાખીએ કે તે પ્રત્યે આંખ આડા કાન ધરી દઈએ તે તેના જેવો અજ્ઞાની બીજો કોણ હોઈ શકે? અને એટલે જ સૌથી જરૂરી પ્રેરકબળ જો કોઈ હોય તો તે એક જ છે કે અલ્લાહતઆલાની યાદ-સ્મરણમાં પરોવાયેલા રહેવું, મસ્ત રહેવું, પ્રસન્ન રહેવું.

વ્હાલા વાચક મિત્રો! ખરેખર અલ્લાહની યાદમાં એટલી મીઠાશ છે જેટલી મીઠાશ આપણે મધ, ગોળ કે ખાંડમાં પણ માણી નહીં હશે. સાચા દિલ, શાંત મનથી મગ્ન થઈને કોઈપણ સ્મરણ કે જે અલ્લાહતઆલાની યાદમાં દોરી જતું હોય તેને ધ્યાનમાં રાખવું સૌથી શ્રેષ્ઠ...! એકવાર આ ઉત્તમ ટેવ દિલોદિમાગમાં સ્થાન ગ્રહણ કરી લેશે પછી એ સનાતન સત્ય સમજી લો બેડો પાર જ છે. કારણ દીવા જેવું સ્પષ્ટ છેઃ જ્યારે તમે અલ્લાહને યાદ કરો છો તો અલ્લાહતઆલાએ વચન આપ્યું જ છે કે 'ફઝકુરૂની અઝ કુરકુમ...!' અર્થાત્ 'તુમ મુઝે યાદ કરો, મેં તુમ્હે યાદ કરુંગા...!' માશા અલ્લાહઃ

અલ્લાહ મહાન છે.

અલ્લાહના દરબારમાં પળેપળની નોંધ લેવાય છે. તમામ કામો એવા ચપટીમાં પૂર્ણ થશે કે કોઈ ગમે તેટલું ઈચ્છે તો પણ તે કામને અવરોધી નહીં શકે- બગાડી નહીં શકે તેવો આ લખનારનો જાત અનુભવ છે. અલ્લાહ પ્રત્યેની સાચા મનથી આસ્થા કોઈ પણ કામને સરળ બનાવવામાં ઉપયોગી બની રહેવા પામે છે.

પવિત્ર કુરાનમાં ફરમાવવામાં આવ્યું છે કે, 'અલ્લાહને વિશેષ પ્રમાણમાં યાદ કરતા રહો કે જેથી તમે સફળ થાઓ...!'

* સફળ થવા માટે વિફળ થવાની કે નાસીપાસ થવાની સહેજે જરૂર નથી

* અલ્લાહનું સતત ઝિક્ર(યાદ) જ આપણને એવા માર્ગે દોરી જશે જેની કલ્પના સુધ્ધાં કરી નહીં હોય

*'જેઓ ઊભા રહીને તેમજ બેસીને અથવા પડખા પર સૂતા સૂતા અલ્લાહને યાદ કરે છે તેઓ પણ સન્માર્ગે દોરાઈને કામિયાબી- સફળતા હાંસલ કરી લેવા સમર્થ બની શકશે

*કોઈપણ સ્થિતિમાં પાક- સાફ થઈને અલ્લાહતઆલાનું સ્મરણ તમારા શ્વાસોચ્છ્‌વાસમાં રમતું થઈ જાય તો સમગ્ર વિશ્વની પ્રસન્નતા તમારા હૃદયમાં છવાઈ જશે

* અલ્લાહની ખુશી માટે જે કાંઈ સન્માર્ગે કરશો, નિખાલસ દિલથી કરશો, મનના ખજાના ખોલી નાખશો એળે નહીં જાય

* આપણી જાન, માલ-મિલકત, ઈજ્જત- આબરૂ આલ - ઔલાહનો તે માલિક છે. કણકણમાં રોમેરોમમાં, બુંદબુંદમાં તે વસેલો છે. 'હમાઉસ્ત' અર્થાત્ અલ્લાહનું જ છે

* આ દુનિયા ક્ષણભંગુર છે, ફના (નાશવંત) છે માત્રને માત્ર અલ્લાહની યાદ જ હંમેશાં જીવંત રહેશે અને કણેકણ સ્મરણ કરનારની સાક્ષી આપશે.

આ સંદર્ભમાં હદીસ શરીફ ફરમાવવામાં આવ્યું છે કે કેટલાંક સહાબીઓ દ્વારા હુઝુરે અનવર, રસૂલે ખુદા (સલ)ને અરજ વ્યકત કરવામાં આવી કે, 'સઘળા કામોમાં કયું કામ શ્રેષ્ઠ છે?'

આપ હુઝૂર (સલ)એ ફરમાવ્યું, 'મૃત્યુ સમયે અલ્લાહની યાદમાં જીભ પરોવાયેલી હોય!' આપ (સલ)એ એ પણ ફરમાવ્યું કે,

* અલ્લાહને યાદ કરનારો યાદ ન કરનારા ગાફિલો (અજ્ઞાનીઓ) વચ્ચે એવો છે જાણે મડદાઓ વચ્ચે જીવતો માણસ હોય છે

* સૂકી ઘાસ વચ્ચે લીલું વૃક્ષ હોય છે.

* ભાગતા સૈનિકો વચ્ચે અડીખમ ઊભો રહેનાર સૈનિક સમાન હોય છે

* આજ ક્ષણથી અલ્લાહના સ્મરણમાં જીભ પરોવાયેલી રાખો, જીભને પ્રવૃત્ત રાખવી જ ઉત્તમ અને ફાયદેમંદ છે.

* એ મોમિન નસીબદાર હશે જેને આ પ્રેરણા પ્રાપ્ત થઈ જાય. ઝિકરૂલ્લાહ સે ગાફિલ મોમિન નહીં રહતે અનવર અકલમંદી કા યે સલીકા ઉનકી ઝિંદગીકા ખઝાના હૈ.

**સનાતન સત્ય**
**જો કદી મિથ્યા થતું નથી**

* અલ્લાહ પર એતબાર, ભરોસો અને તેનું સતત સ્મરણ બંદાનો બેડો પાર કરે છેઃ

ગુજર જાએગા યહ વક્ત ભી ગાલિબ,
જરા ઈત્મીનાન રખ
જબ ખુશી ના ઠહરી,
તો ગમ કી ક્યા ઔકાત ■

# રાષ્ટ્રપતિએ પશુપતિ પારસનું રાજીનામું સ્વીકાર્યું

## કિરેન રિજિજુને મંત્રાલયની જવાબદારી સોંપી

નવી દિલ્હીઃ લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા આરએલજેપીનાં પ્રમુખ પશુપતિ પારસે મંગળવારે રાજીનામું આપવાની જાહેરાત કરી હતી.

રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટી (આરએલજેપી)ના પ્રમુખ પશુપતિ પારસે લોકસભાની ચૂંટણી પહેલા એનડીએ સાથે સીટની વહેંચણી અંગેની વાતચીત સફળ ન થતાં કેન્દ્રીય પ્રધાનપદ પરથી રાજીનામું આપી દીધું હતું, જેને પ્રમુખ દ્રૌપદી મુર્મૂએ બુધવારે તાત્કાલિક અસરથી સ્વીકારી લીધું હતું.

રાષ્ટ્રપતિના સચિવની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે વડા પ્રધાનની સલાહ મુજબ, ભારતના રાષ્ટ્રપતિએ કેન્દ્રીય પ્રધાન પરિષદમાંથી પશુપતિ કુમાર પારસના રાજીનામાને બંધારણની કલમ ૭૫ની કલમ (૨) હેઠળ તાત્કાલિક અસરથી સ્વીકારી લીધું છે.

આ સાથે, રાષ્ટ્રપતિએ નિર્દેશ આપ્યો છે કે કેબિનેટ પ્રધાન કિરેન રિજિજુને તેમના વર્તમાન પોર્ટફોલિયો ઉપરાંત ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલયનો હવાલો આપવામાં આવે.

પશુપતિ પારસ ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝ મંત્રાલય સંભાળતા હતા. હવે આ જવાબદારી કેન્દ્રીય પ્રધાન કિરેન રિજિજુને આપવામાં આવી છે.

આરએલજેપી પ્રમુખ પશુપતિ પારસે મંગળવારે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમણે ભારતીય જનતા પાર્ટી પર બિહારમાં સીટની વહેંચણીમાં એનડીએ સાથે ભેદભાવ કરવાનો આરોપ લગાવ્યો હતો. વાસ્તવમાં, તેઓ ચિરાગ પાસવાનની એલજેપી (રામ વિલાસ)ને સીટ શેરિંગમાં પાંચ લોકસભા બેઠક મળવાથી નારાજ છે. સૌથી મોટી નારાજગી એ હતી કે તેમની પાર્ટીને એક પણ સીટ આપવામાં આવી નથી અને જાહેરાત કરતા પહેલા તેમની સાથે વાત પણ કરવામાં આવી નથી.

બિહારના દિવંગત નેતા રામવિલાસ પાસવાનની આગેવાની હેઠળની લોક જનશક્તિ પાર્ટી ૨૦૨૦માં તેમના મૃત્યુ બાદ બે ભાગમાં વહેંચાઈ ગઈ હતી. જેમાં રામવિલાસ પાસવાનના ભાઈ પશુપતિ પારસ આરએલજેપીનું નેતૃત્વ કરી રહ્યા છે અને તેમના પુત્ર ચિરાગ પાસવાન એલજેપી (રામ વિલાસ)નું નેતૃત્વ કરી રહ્યા છે.

ચિરાગ પાસવાન બિહારના હાજીપુરથી લોકસભા ચૂંટણી લડવાના છે. જ્યારે તેમના કાકા હાલમાં આ લોકસભા મતવિસ્તારમાંથી સાંસદ છે. પશુપતિ પારસે દાવો કર્યો છે કે તેઓ હાજીપુરથી લોકસભાની ચૂંટણી પણ લડશે. ■

## પહેલા પાનાનું ચાલુ

### લોકસભાની ચૂંટણી

તબક્કામાં ૧૯ એપ્રિલે મતદાન થશે. લોકસભા ચૂંટણી-૨૦૨૪ દરમિયાન ૮૫ વર્ષથી મોટી ઉંમરના લોકો તેમ જ ૪૦ ટકાથી વધુના દિવ્યાંગો માટે ઘરે બેઠાં મતદાન કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ચૂંટણી પંચની ભલામણ બાદ પહેલી માર્ચથી સરકારે વૃદ્ધ મતદાતાઓ માટે પોસ્ટલ બેલટથી મતદાન કરનારા માટેના નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે. હવે ફક્ત ૮૫થી વધુ ઉંમરના મતદાતાઓ જ પોસ્ટલ બેલટનો ઉપયોગ કરી શકશે. પહેલાં આ સુવિધા ૮૦-પ્લસ મતદારો માટે ઉપલબ્ધ હતી. કાયદા મંત્રાલય દ્વારા ગેઝેટ નોટિફિકેશનમાં કહ્યું હતું કે ૮૫-પ્લસ મતદારો માટે આ સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે કાયદામાં સુધારો કરવામાં આવ્યો છે.

પોસ્ટલ બેલટ દ્વારા દિવ્યાંગો અને ૮૫ વર્ષથી મોટી ઉંમરના લોકોના મતો ઘરે-ઘરે ફરીને એકઠા કરવામાં આવશે. આ સુવિધા મેળવવા માટે માન્ય મતદારોએ ફોર્મ ૧૨-ડી ભરીને બીએલઓ (બૂથ લેવલ ઓફિસર)ને આપવાનું રહેશે. આવી રીતે અરજી આપવાનું કામ ચાલુ કરી દેવામાં આવ્યું છે અને પહેલા તબક્કાના મતદાન માટે ૨૬ માર્ચ સુધી ચાલુ રહેશે. પહેલા તબક્કા માટેનું ઘરે બેઠાં મતદાન પાંચમી એપ્રિલથી ચાલુ થશે અને ૧૪ એપ્રિલ પહેલાં બધા જ પાત્ર મતદારોના મતો એકઠા કરી લેવામાં આવશે. જો પહેલા તબક્કામાં કોઈ કારણસર કર્મચારીઓ મતો એકઠા કરવા માટે પહોંચી નહીં શકે તો બીજા તબક્કામાં ૧૫ અને ૧૬ એપ્રિલે ઘરે ઘરે જઈને મતો એકઠા કરવામાં આવશે. ■

### રશિયા-યુક્રેન

આપવાનું ચાલુ રાખશે, એમ મોદીએ કહ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર ટેલિફોન પર કરેલી વાતચીતમાં દ્વિપક્ષી સહકારમાં સુધારો થયો હોવાનું જણાઈ આવ્યું હતું. વાતચીત દરમિયાન પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ અંગે અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યા હોવા ઉપરાંત ભારત અને રશિયા વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનાવવા અને વ્યૂહાત્મક ભાગીદારી વધારવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ફરી ચૂંટાઈ આવવા બદલ પુતિનને અભિનંદન આપતાં મોદીએ પીસ, પ્રોગ્રેસ અને પ્રોસ્પરિટી માટે તેમને શુભેચ્છા આપી હતી. બંને દેશ વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત બનાવવા સયુક્ત પ્રયાસ કરવા બંને નેતાએ સહમતી દર્શાવી હતી. બંને નેતા એકમેક સાથે સંપર્કમાં રહેવા સહમત થયા હતા. (એજન્સી) ■

### રાજ ઠાકરે

ધરાવતા બીજેપી માટે મનસેને મહાયુતિમાં સામેલ કરવાનું મહત્ત્વ કેમ આટલું બધું છે? શું મનસેને મહાયુતિમાં સામેલ કરવાથી મહારાષ્ટ્રમાં ગુજરાતીઓ અને ઉત્તર ભારતીયોનો ટેકો ગુમાવવાનો વારો ભાજપને આવશે? ભાજપ રાજ્યમાં ૨.૫ ટકા મતો મેળવવા માટે મહારાષ્ટ્ર ઉપરાંત ગુજરાત, ઉત્તર પ્રદેશ, બિહારમાં કેટલા મત ગુમાવશે?

મુંબઈમાં ઉત્તર ભારતીયો અને ગુજરાતી-મારવાડી મળીને વસ્તીના ૬૫ ટકા છે અને ભાજપના સૌથી મોટા સમર્થક આ વર્ગના લોકો જ છે. શિવસેના (ઉદ્ધવ ઠાકરે) સાથેની યુતિ તૂટી ગઈ અને અત્યારે એકનાથ શિંદે સરકાર સાથે હોવા છતાં મુંબઈ અને મહારાષ્ટ્રમાં મરાઠી મતો મેળવવામાં બીજેપીને અત્યારે સંકટ જણાઈ રહ્યું છે અને લોકસભાની ચૂંટણીમાં રાજ્યમાં ૪૫થી વધુ બેઠકો જીતવાનું લક્ષ્ય રાખનારા ભાજપ માટે આ સ્થિતિ ચિંતાજનક જણાઈ રહી છે.

રાજ ઠાકરેને મહાયુતિમાં સામેલ કરવાની પાછળ બે મોટા મહત્ત્વના મુદ્દા કામ કરી રહ્યા છે. પહેલું બીજેપીને ઠાકરે અટક મળશે અને આ અટકનો મહારાષ્ટ્રમાં હજી થોડું વજન છે. બીજું ૨૦૧૯ની વિધાનસભાની ચૂંટણીમાં રાજ ઠાકરેને ૧૨,૪૨,૧૩૫ મત મળ્યા હતા, જે લગભગ ૨.૫ ટકા જેટલા થવા જાય છે. આની પહેલાં ૨૦૦૯ની લોકસભાની ચૂંટણીમાં ૧૧ ઉમેદવાર ઊભા કર્યા હતા અને તેમને ૧૫.૦૪ લાખ એટલે કે ૪.૦૭ ટકા મતો મળ્યા હતા. આની પહેલાં ૨૦૦૯માં મનસેના ૧૩ વિધાનસભ્યો ચૂંટાયા હતા અને તેમને ૫.૭૧ ટકા મત મળ્યા હતા.

આ બધી બાબતોને ધ્યાનમાં લેવામાં આવે તો લોકસભાની ચૂંટણીમાં મનસેને સાથે રાખવાનો જુગાર ભાજપને થોડા વધારાના મતો મેળવી આપવા માટે લાભદાયક ઠરી શકે છે.

અત્યાર સુધી મનસેથી અંતર રાખવા પાછળનું બીજેપીનું સૌથી મોટું કારણ હતું રાજ ઠાકરેના પરપ્રાંતીઓ સામેની આક્રમક ભૂમિકા. રાજ ઠાકરેએ ઉત્તર ભારતીયોને ગાળો ભાંડવામાં, પરીક્ષા આપવા માટે આવી રહેલા ઉત્તર ભારતીય વિદ્યાર્થીઓની મારપીટ કરવામાં કશું જ બાકી રાખ્યું નથી. આથી આ સમાજ રાજ ઠાકરે પ્રત્યે અસુયા ધરાવે છે.

ગુજરાતીઓ અને જૈનોને વિતાડવામાં પણ રાજ ઠાકરેએ કશું બાકી રાખ્યું નથી. ગુજરાતીઓની દુકાનો પર કાળો ડામર ચોપડવો, ગુજરાતીઓની સોસાયટીઓની બહાર ધમાલ કરવી, પર્યુષણ દરમિયાન દેરાસરોની બહાર માંસનું વેચાણ કરવું, દેરાસરની બહાર માંસ-મટન પકાવીને તેમની લાગણીઓ દુભવી હતી. આટલા વર્ષે પણ ગુજરાતીઓ અને જૈનો તેમની સાથે રાજ ઠાકરેએ કરેલી વર્તણૂંક ભૂલે એમ નથી. આવી સ્થિતિમાં બીજેપી ૨.૫ ટકા મતની લ્હાયમાં બીજેપી મુંબઈમાં ૬૫ ટકા વસ્તી ધરાવતા ઉત્તર ભારતીયો અને ગુજરાતીઓના અડધા મત પણ ગુમાવશે તો મુંબઈમાં લોકસભાનો એકેય ઉમેદવાર વિજયી થશે નહીં એ પાક્કું છે.

મુંબઈમાં થનારા નુકસાનથી વધુ નુકસાન ઉત્તર પ્રદેશ, ગુજરાત અને બિહારમાં પણ થવાની શક્યતા જોવાઈ રહી છે, કેમ કે ઉત્તર પ્રદેશ અને બિહારમાં તો આજની તારીખે પણ રાજ ઠાકરેને લોકો ધિક્કારે છે. રાજ ઠાકરે અયોધ્યા જવાના હતા ત્યારે પણ તેમની સામે જે વિરોધ જાગ્યો હતો તેના પરથી પણ બીજેપીએ બોધપાઠ લીધો હોત તો આટલી મોટી ભૂલ કરી ન હોત એવું રાજકીય નિષ્ણાતો માની રહ્યા છે. ■

### દેશની સ્ટાર્ટઅપ

ભારતે આઈટી અને સોફ્ટવેર ક્ષેત્રમાં પોતાની છાપ છોડી છે. હવે આપણે ભારતમાં ઈનોવેશન અને સ્ટાર્ટઅપ કલ્ચરનો ટ્રેન્ડ સતત વધતો જોઈ રહ્યા છીએ.

તેમણે કહ્યું કે ઘણા લોકો સ્ટાર્ટઅપ લોન્ચ કરે છે, પરંતુ રાજનીતિમાં આવું ઘણું થાય છે અને તેને વારંવાર લોન્ચ કરવા પડે છે. તમારા અને તેમની વચ્ચેનો તફાવત એ છે કે તમે લોકો પ્રયોગશીલ છો, જો એક લોન્ચ ન થાય તો તમે તરત જ બીજા પર જાઓ છો.

વડા પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે જો ભારત આજે વૈશ્વિક સ્ટાર્ટ-અપ સ્પેસ માટે એક નવી આશા, નવી શક્તિ તરીકે ઉભરી આવ્યું છે તો તેની પાછળ એક સારી રીતે વિચારેલી દૃષ્ટિ છે. ભારતે યોગ્ય સમયે યોગ્ય નિર્ણયો લીધા છે. યોગ્ય સમયે સ્ટાર્ટ અપ પર કામ શરૂ કર્યું હતું. તેમણે કહ્યું કે ભારતીય સ્ટાર્ટઅપ્સ અવકાશના ૫૦થી વધુ ક્ષેત્રમાં ખૂબ સારું કામ કરી રહ્યા છે. આપણા સ્ટાર્ટઅપ્સ સ્પેસ શટલ લોન્ચ કરવાનું શરૂ કરી રહ્યા છે. આજે સમગ્ર વિશ્વ ભારતની યુવા શક્તિની ક્ષમતા જોઈ રહ્યું છે. આ સંભવિતતા પર આધાર રાખીને, દેશે સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ બનાવવાની દિશામાં ઘણા પગલાં લીધાં છે.

મોદીએ સ્ટાર્ટઅપ મહાકુંભમાં કહ્યું કે, 'હવે આપણે એઆઇ ટેક્નોલોજી સાથે જોડાયેલા નવા યુગમાં છીએ. હું એઆઇની ઘણી મદદ લઉં છું, જ્યારે ચૂંટણી પ્રચારમાં ભાષાનો અવરોધ આવે છે, ત્યારે હું દરેક ભાષામાં મારો સંદેશ લોકો સુધી પહોંચાડવા માટે એઆઇની મદદ લઉં છું. ■

### બિહાર, બંગાળમાં

નિવાસસ્થાનમાં સર્ચ ઓપરેશન કરાયું હતું. યાદવનો સંપર્ક સાધી શકાયો નહોતો. આરજેડીએ દાવો કર્યો હતો કે ભાજપ તેનાથી ડરે છે માટે આરજેડીના નેતાઓ પર દરોડા પાડે છે. પક્ષના પ્રવકતા મૃત્યુંજય તીવારીએ આક્ષેપ કર્યો હતો કે ભાજપ ઈડી, સીબીઆઈ અને આઈટી વિભાગનો આરજેડીના નેતા સામે ઉપયોગ કરી રહી છે. દિલ્હીના શાસકો આરજેડીથી ડરે છે એવી પ્રતીતિ થઈ રહી છે.

દરમિયાન આઈટીના અધિકારીઓએ તૃણમૂલ કૉંગ્રેસના નેતા સ્વરુપ બિસ્વાસના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા એવી માહિતી આઈટી સૂત્રોએ આપી હતી. સ્વરુપના ભાઈ અનુપ પશ્ચિમ બંગાળના પાવર મિનિસ્ટર છે. બિશ્વાસના છ ઠેકાણો પર દરોડા પડાયા હતા. (એજન્સી) ■





## મુખ્ય પ્રધાન શિંદે વિરુદ્ધ ભાજપ!!

# રેસકોર્સમાં મફત આજીવન સભ્યપદ માટે મુખ્ય પ્રધાનને સર્વ સત્તા આપવા સામે વિરોધ

મુંબઈ: મહાલક્ષ્મી રેસ કોર્સ (રોયલ વેસ્ટર્ન ઈન્ડિયા ટર્ફ ક્લબ) અને તારદેવમાં આવેલી વિલિન્ગ્ડન સ્પોર્ટસ ક્લબમાં મુખ્ય પ્રધાનને ૫૦ આજીવન મફત સભ્ય નિયુક્ત કરવા દેવાની સત્તા આપતા રાજ્ય સરકારના નિર્ણયને રદ કરવાની માગણી ભાજપના એક ભૂતપૂર્વ નગરસેવક દ્વારા કરવામાં આવી છે.

કોલાબાના ભાજપના ભૂતપૂર્વ નગરસેવક મકરંદ નાર્વેકરે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને જ પત્ર લખીને સરકારના નિર્ણયને રદ કરવાની માગણી કરી છે. તેમણે પોતાના પત્રમાં લખ્યું છે કે આવી રીતે ક્લબ પર નિયુક્તિ કરવાથી ક્લબના સભ્યોની વસ્તીવિષયક બાબતો બદલાઈ જશે, બીજું આને ક્લબ પર રાજ્ય સરકાર દ્વારા નિયંત્રણ મેળવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી શકે છે. તેમણે રાજ્ય સરકારને એવી પણ સલાહ આપી છે કે આ બાબતને 'ક્વિડ પ્રો ક્વો' (ક્લબ તરફથી વળતર) તરીકે જોવાની આવશ્યકતા નથી. તેમણે એવું પણ સૂચન કર્યું હતું કે સ્પોર્ટ્સ ક્લબમાં ફ્રી મેમ્બરશિપના નોમિનેશન માટે રાજ્ય સરકાર માપદંડો નક્કી કરી શકે છે અને આવા માપદંડો નિર્ધારિત કરવામાં ન આવે ત્યાં સુધી રાજ્ય સરકારના નિર્ણય પર રોક લગાવવી જોઈએ.

અહીં ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે ગયા અઠવાડિયે એક સરકારી ઠરાવ (જીઆર) જારી કરીને મહાલક્ષ્મી રેસ કોર્સના લીઝના રિન્યુઅલ વખતે મુખ્ય પ્રધાનને ૫૦ ફ્રી લાઈફ મેમ્બરને નોમિનેટ કરવાની અને ત્યારબાદ દરવર્ષે ત્રણ સભ્યો નિયુક્ત કરવાની સત્તા આપવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે આ ક્લબો એક સદી કરતાં પણ જૂની છે અને મુંબઈની પ્રિમિયર સ્પોર્ટસ અને સોશ્યલ ક્લબોમાં સ્થાન ધરાવે છે. તેઓ મુંબઈના સમૃદ્ધ ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસાના મહત્ત્વપુર્ણ પ્રતિકો છે. ■

# ઝડપાયેલા સોમાલિયાના ૩૫ ચાંચિયા મુંબઈ પહોંચશે

મુંબઈ: સોમાલિયાના ૩૫ દરિયાઈ ચાંચિયાને લઈને આવતું ભારતીય નૌકાદળનું જહાજ આઈએનએસ કોલકાતા શનિવારે સવારે મુંબઈમાં આવી પહોંચશે. જહાજ નાંગર્યા બાદ એ ૩૫ ચાંચિયાઓને યલો ગેટ પોલીસને હવાલે કરવામાં આવશે એવી જાણકારી નૌકાદળના પ્રવક્તાએ આપી હતી. મુંબઈ સ્થિત આ જહાજ એડનની ખાડીમાં ચાંચિયાઓની પ્રવૃત્તિ પર નજર રાખવા તહેનાત કરવામાં આવ્યું હતું. ભારતીય વાયુ સેનાએ હવાઈ માર્ગે દરિયાઈ કમાન્ડોને સમુદ્ર વિસ્તારમાં ઉતાર્યા પછી ભારતીય નૌકાદળે ૪૦ કલાકની લડત પછી આ ચાંચિયાઓને ઝડપી લીધા હતા. આ ચાંચિયાઓ અનેક જહાજો પર આક્રમણ કરી રહ્યા હતા અને ડ્રોનથી હુમલો પણ કરતા હતા. સલામતી જાળવવાના આશય સાથે ભારતીય નૌકાદળ એડનની ખાડી વિસ્તારમાં જાપ્તો રાખી જહાજોની હેરફેર પર નજર રાખી રહ્યું હતું. ■

# કલ્યાણમાં ગર્ભપાત કરાવવા સાસુએ પુત્રવધૂના પેટ પર પાટું માર્યું

થાણે: વારંવારની સૂચના છતાં ગર્ભપાત ન કરાવનારી પુત્રવધૂના પેટ પર સાસુ-દેરાણીએ પાટુ મારી હોવાની આંચકાજનક ઘટના કલ્યાણમાં બની હતી. મહિલાની ફરિયાદને આધારે પોલીસે સાસરિયાં સહિત આઠ જણ સામે ગુનો નોંધ્યો હતો.

કલ્યાણ પૂર્વમાં તીસગાંવ સ્થિત સાંઈદર્શન સોસાયટીમાં માતા સાથે રહેતી રેખા લોકરે (૩૩)એ સોમવારે રાતે નવ વાગ્યાની આસપાસ આ ઘટના બની હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું. રેખાની ફરિયાદને આધારે કોલસેવાડી પોલીસે નવી મુંબઈમાં રહેતાં તેનાં સાસરિયાં અને અન્યો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર રેખા ગર્ભવતી છે અને સાસરિયાં ગર્ભપાત કરાવવા તેના પર દબાણ કરી રહ્યાં હતાં. કંટાળીને રેખા કલ્યાણમાં તેની માતાના ઘરે રહેવા ગઈ હતી. સોમવારે રાતે સાસુ સવિતા જાવીર, દેરાણી દીપાલ જાવીર, દિયર અને અન્ય આરોપીઓ રેખા સાથે વાતચીત કરવા તેના ઘરે આવ્યા હતા. રેખા ઘરે ન હોવાથી આરોપીઓ તેની રાહ જોતાં ઘરની બહાર ઊભા હતા.ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે સ્કૂટર પર આવી પહોંચેલી રેખા સાથે આરોપીઓએ વિવાદ કર્યો હતો. વારંવાર સૂચના આપવા છતાં ગર્ભપાત કેમ ન કરાવ્યો તે અંગે પૂછપરછ કરી હતી. રોષમાં આવી દિયરે રેખાને પકડી રાખી હતી, જ્યારે સાસુ અને દેરાણીએ ગર્ભપાત કરાવવાને ઇરાદે રેખાના પેટ પર લાતો મારી હતી. આ હુમલામાં રેખાના શરીરે નખના ઊઝરડા પણ પડ્યા હતા. ■

# એસએસસીના વિદ્યાર્થીઓને બે માર્કના બોનસની સંભાવના

મુંબઈ: દસમીના – એસએસસીના વિદ્યાર્થીઓ માટે આનંદના સમાચાર છે. હકીકતમાં પરીક્ષાર્થીઓને વધારાના બે માર્ક આપવામાં આવે એવી સંભાવના છે. વિધાનસભ્ય કપિલ પાટીલે શિક્ષણ પ્રધાન અને બોર્ડને પત્ર લખ્યો છે. એ પત્રમાં તેમણે એસએસસીના વિજ્ઞાન (પેપર ૧) વિષયના બોર્ડના પેપરમાં અસ્પષ્ટ પ્રશ્નના બંને જવાબને માર્ક આપવાની માગણી કરવામાં આવી છે. જો આ માગણી માન્ય કરવામાં આવશે તો વિદ્યાર્થીઓને વધારાના માર્ક મળશે. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે ૧૮ માર્ચે એસએસસીના વિજ્ઞાન (પેપર ૧) વિષયની પરીક્ષા થઈ હતી. એમાં સવાલ ૧ (બ)માં પહેલા નંબરમાં 'સૌથી નાના આકારના અણુનું નામ લખો' એમ પૂછવામાં આવ્યું હતું. વૈજ્ઞાનિક દૃષ્ટિએ એનો જવાબ હાઇડ્રોજન છે, પણ કેટલીક શાળા આનો જવાબ હિલિયમ જ્યારે બીજી કેટલીક શાળા જવાબ હાઇડ્રોજન હોવાનું જણાવે છે. પરિણામે આશંકા નિર્માણ થઈ છે.' ■

## "બાળરાજે ક્યાં ગાયબ છે?"

# આદિત્ય ઠાકરેનું કાર્ટૂન શેર કરીને ભાજપે નિશાન તાક્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકસભાની ચૂંટણીની તારીખો ચૂંટણી પંચે જાહેર કરી દીધી હોવા છતાં ચૂંટણી રેલીઓ અને સભાઓમાંથી ઉદ્ધવ ઠાકરેના પુત્ર તેમ જ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન આદિત્ય ઠાકરે ગાયબ દેખાઇ રહ્યા છે. એટલે કે 'બાળરાજે' ક્યાં ગાયબ છે, તેવો સવાલ ભાજપ દ્વારા કરીને આદિત્ય ઠાકરે ઉપર નિશાન તાકવામાં આવ્યું છે.મહારાષ્ટ્રની વિધાન પરિષદના સભ્ય પ્રસાદ લાડે ટ્વીટ કરીને એક કાર્ટૂન શેર કર્યું હતું, જેમાં દોઢ મહિનાથી આદિત્ય ઠાકરે ગાયબ હોવાનું ચિત્ર દર્શાવવામાં આવ્યું છે. આ ઉપરાંત (યુબીટી) ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે ક્યાં છે? છેલ્લા અમુક દિવસોથી તેમના ઉદ્ધવ ઠાકરેના યુવરાજે કોઇ રેલી નથી કરી, કોઇ પ્રેસ કોન્ફરન્સ નથી કરી, પોતાના પિતા પાછળ પાછળ દોડનારા યુવરાજ ક્યાં છૂપાયેલા છે, તેવો પ્રશ્ન ટ્વીટમાં પૂછવામાં આવ્યો છે. જ્યારે શેર કરવામાં આવેલા કાર્ટૂનમાં આગામી લોકસભાની ચૂંટણીમાં મોટો પરાજય સામે દેખાતો હોવાના કારણે આદિત્ય ઠાકરે છૂપાઇને બેઠા હોવાનું પણ દેખાડવામાં આવ્યું છે. ■


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


# ઘાટકોપરમાં કારમાંથી ૭૨ લાખની રોકડ મળતાં આવકવેરા વિભાગે તપાસ હાથ ધરી

## આચારસંહિતાને પગલે પોલીસે કરી કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઘાટકોપરમાં શંકાને આધારે આંતરવામાં આવેલી કારમાંથી ૭૨ લાખ રૂપિયા મળી આવતાં આવકવેરા વિભાગે તપાસ હાથ ધરી હતી. રોકડ અંગે ચૂંટણી પંચને પણ જાણ કરવામાં આવી હોઈ નવી મુંબઈના એક બિલ્ડરનાં આ નાણાં હોવાનું કહેવાય છે.

ઘાટકોપર પૂર્વના એક મૉલ નજીક મંગળવારની રાતે પેટ્રોલિંગ પર હાજર પોલીસની ટીમની નજર કાર પર પડી હતી. શંકાને આધારે પોલીસે કારને રોકી તપાસ કરી હતી. તે સમયે કારમાં હાજર આઈટી કંપનીના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પોલીસે પૂછપરછ કરી હતી.

કારમાંથી પોલીસને એક બૅગ મળી આવી હતી, જેમાં રોકડ ભરેલી હતી. રોકડ અંગે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે આપેલો જવાબ સમાધાનકારક ન લાગતાં પોલીસે રોકડ તાબામાં લીધી હતી. કાર સાથે સીએને પંતનગર પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યો હતો.

લોકસભાની ચૂંટણી જાહેર થયા બાદ લાગુ કરાયેલી આચારસંહિતાને પગલે પોલીસે આ કાર્યવાહી કરી હતી. કારમાંથી તાબામાં લેવાયેલી રોકડ ચૂંટણીનાં કાર્ય સંબંધિત તો નથીને તેની તપાસ પોલીસે કરી હતી.

જોકે પ્રાથમિક તપાસમાં રોકડ વાશીના બિલ્ડરની હોવાનું જણાયું હતું. આ અંગે ચૂંટણી પંચના અધિકારીઓ અને આવકવેરા વિભાગને જાણ કરાઈ હતી. આવકવેરા વિભાગે રોકડ તાબામાં લઈ વધુ તપાસ હાથ ધરી હતી. ■











## ચોરીની શંકા પરથી પાંચની મારપીટ

# બાળ અધિકાર પંચે શિવાજી નગર પોલીસને ફટકાર લગાવી

મુંબઈ: ચોરીની શંકા પરથી ચાર કિશોરી સહિત પાંચ જણને તાબામાં લેવા અને તેમની બેરહેમીથી મારપીટ કરવા બદલ બાળ અધિકાર પંચે શિવાજી નગર પોલીસને ફટકાર લગાવી છે. પંચનાં ચેરપર્સન સુસીબેન શાહે જણાવ્યું હતું કે પોલીસ કોઇ પણ સંજોગોમાં બાળકોની મારપીટ કરી શકે નહીં. ભલે તેમના દ્વારા ગુનો કરવામાં આવ્યો હોય. આ પ્રકરણે પંચના મુંબઇના મુખ્યાલય ખાતે મંગળવારે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. પંચે શિવાજી નગર પોલીસને બાળકોના અધિકારોને સમજવા અને તેનું પાલન કરવાની સૂચના આપી છે. પોલીસને સાત દિવસમાં તપાસ પૂર્ણ કરવાનું અને વિગતવાર અહેવાલ પંચને સુપરત કરવાનું જણાવાયું છે. (પીટીઆઇ) ■

## જરાંગેની રવિવારે બેઠક

# તમામ રાજકીય પક્ષોની મરાઠા આંદોલન પર મીટ

છત્રપતિ સંભાજી નગર: લોકસભા ચૂંટણી પૂર્વે મરાઠા આરક્ષણ મુદ્દે ચર્ચાસ્પદ બનેલા આંતરવલી સરાટી ગામમાં મનોજ જરાંગેની ઉપસ્થિતિમાં આગામી રવિવારે (૨૪ માર્ચ) આયોજિત બેઠકમાં સર્વ પક્ષના નેતાગણ મીટ બાંધીને બેઠા છે. આરક્ષણ મેળવવા ચાલી રહેલા આંદોલનનો સૂર ભાજપ વિરોધી બને છે કેમ અને જો એવું થાય તો ચૂંટણીમાં વધુ સંખ્યામાં ઉમેદવારો ઊભા કરવા કે કેમ સહિત અનેક વિષયો પર બેઠકમાં ચર્ચા થશે અને પછી નિર્ણય લેવામાં આવે એવી શક્યતા છે. ૨૪ તારીખે શું નિર્ણય લેવાય છે એના આધારે મરાઠા વોટબેન્કનો ઝુકાવ કઈ તરફ રહેશે એ અનુસંધાનમાં રાજકીય સમીકરણો બદલાશે એવું કહેવાઈ રહ્યું છે. ■




કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

**કથા કોલાજ**




# સમય બદલાયો, સિનેમા બદલાયું અને મને લાગ્યું કે હું એ 'નવા સિનેમા'માં ફિટ નહીં થાઉં

(ભાગઃ ૨)

**નામઃ સઈ પરાંજપે**
**સ્થળઃ ૬૦૧, અંબર એપાર્ટમેન્ટ, ગાંધીગ્રામ રોડ, જુહુ, મુંબઈ**
**સમયઃ ૨૦૨૪**
**ઉંમરઃ ૮૫ વર્ષ**

આજે હું ૮૫ વર્ષની છું, છતાં કાર્યરત છું. વાંચન અને મારું કામ નિયમિતપણે ચાલે છે, પરંતુ આજની ફિલ્મો જોઈને ક્યારેક દુઃખ થાય છે. હું ફિલ્મોની એ સ્કૂલ અને વિચારો સાથે જોડાયેલી છું, જ્યાં ફિલ્મો સમાજને કંઈક આપતી અને સમાજ પાસેથી કંઈક મેળવતી પણ ખરી. કોમર્શિયલ સિનેમા એટલે કે હીરો-હિરોઈનની પ્રેમકથા, ખલનાયકના અડ્ડા, બગીચામાં ગવાતાં ગીતો અને અડ્ડામાં થતી મારામારીની કથાઓ કહેતી ફિલ્મોનો યુગ ૧૯૭૫ની આસપાસ બદલાયો. શ્યામ બેનેગલે 'અંકુર' ફિલ્મ બનાવી, પછી 'મંથન' અને 'નિશાંત' જેવી ફિલ્મો આવી. બંગાળથી આવેલા ફિલ્મસર્જક ઉપર સત્યજીત રાયની ઊંડી અસર હતી. હિન્દી ફિલ્મોમાં આર્ટ ફિલ્મોનો યુગ શરૂ થયો. ત્યાં સુધી હિન્દી સિનેમામાં અર્થસભર વાર્તાઓનું પ્રમાણ ઓછું હતું. બી.આર. ઈશારા, ચેતન આનંદ અને ગુરુ દત્ત જેવા દિગ્દર્શકો હતા, પણ એમના જવાની સાથે એવી ફિલ્મોનો યુગ પણ થોડો અંધકારમાં ધકેલાયો હતો. શ્યામ બેનેગલની સાથે પેરેલલ સિનેમા અથવા આર્ટ ફિલ્મોનો યુગ શરૂ થયો. પ્રેક્ષકો પણ સારી અને જુદી કથાઓ માગતા થયા અને કદાચ એટલે ૧૯૮૦માં રજૂ થયેલી મારી ફિલ્મ 'સ્પર્શ'ને સુંદર પ્રતિસાદ મળ્યો. એ પછી મેં ફિલ્મ બનાવી 'ચશ્મે બદ્દુર' જેમાં દીપ્તિ નવલ અને ફારુક શેખને પહેલી વખત સાથે રજૂ કર્યાં. રાકેશ બેદી અને રવિ બાસવાની જેવા કલાકારોને થિયેટરમાંથી સિનેમામાં લાવવાનું કામ





પણ 'ચશ્મે બદ્દુર' જેવી ફિલ્મોએ કર્યું. એ ફિલ્મ પણ ખૂબ સારી ચાલી અને ત્રીજી ફિલ્મ મેં બનાવી 'કથા'. સસલા અને કાચબાની વાર્તા, જે આપણે વારંવાર સાંભળી છે. એના ઉપર આધારિત આ કથામાં એક સ્માર્ટ અને એક ભોળા યુવાનમાંથી અંતે જે સાચો અને ભલો છે એ જ જીતે છે એની કથા મેં કહી. પછી ફિલ્મોનો યુગ બદલાવવા લાગ્યો એટલે મેં ટેલિવિઝન સાથે ખાસું કામ કર્યું. 'આસપડોશ', 'છોટેબડે' જેવી ટેલિવિઝન સિરિયલો અને સાથે સાથે મરાઠી-અંગ્રેજી નાટકો પણ દિગ્દર્શિત કર્યા. પ્રૌઢ શિક્ષણ અભિયાન ઉપર એક ફિલ્મ બનાવી જેનું નામ હતું 'દિશા', 'પપિહા' અને 'ચકાચક' જેવી ફિલ્મો મેં બનાવી તો ખરી, પરંતુ એને એવો પ્રતિસાદ ન મળ્યો.

જીવનના દરેક તબક્કામાંથી હું પસાર થઈ છું. સુખ અને દુઃખ બંને જોયા છે. સફળતા અને નિષ્ફળતા બંનેનો સ્વાદ ચાખ્યો છે. દૂરદર્શન પર કામ કરતી હતી ત્યારે હું રંગભૂમિના અભિનેતા અરુણ જોગળેકરને મળી. અમે લગ્ન કર્યાં. અરુણ અને હું ખૂબ સારા મિત્રો હતા, પરંતુ લગ્ન પછી અમારા વિચારોમાં ઘણો તફાવત આવ્યો. ક્રિએટિવ ડિફરન્ટ્સ તો હતા જ, પરંતુ સાથે રહેવાથી એકમેકના વ્યક્તિત્વો પણ જુદા છે એવું અમને સમજાવવા લાગ્યું. ત્યાં સુધીમાં વિનિ અને ગૌતમનો જન્મ થઈ ચૂક્યો હતો. અમે બે મેચ્યોર અને સમજદાર વ્યક્તિઓની જેમ એકમેક પર આક્ષેપ કર્યા વગર કે કડવાશ ઊભી કર્યા વગર છૂટા પડવાનું નક્કી કર્યું. બાળકોને મેં મારી પાસે રાખવાનું પસંદ કર્યું કારણ કે, બંને બહુ નાનાં હતાં અને એમને માની વધુ જરૂર હતી. છૂટા પડ્યા પછી અરુણે મારી સાથે બે ફિલ્મોમાં કામ કર્યું! ઘણા લોકોને નવાઈ લાગતી કે, છૂટાછેડા લીધેલા પતિ-પત્ની પણ આટલા આનંદ અને સહકારથી એકમેક સાથે કામ કરી શકે છે, પરંતુ અમને કોઈ દિવસ એની નવાઈ નથી લાગી, કારણ કે પતિ-પત્ની તરીકે બે જણાં કદાચ એકમેકની સાથે જીવવા માટે અનુકૂળ ન હોય તેથી કલાકાર તરીકે, મિત્ર તરીકે કે વ્યક્તિ તરીકે પણ એમને એકબીજા સાથે ન જ ફાવે, એવું જરૂરી નથી. અરુણ અને હું એના મૃત્યુપર્યંત સારા મિત્રો રહ્યા. બાળકો પણ એની સાથે રહેવા જતાં. વિનિ અને ગૌતમ બંને જણાં એમના પિતાને ચાહે છે અને એમનો આદર કરે છે. ગૌતમ એના પિતાની અટક, જોગળેકર લખે છે જ્યારે વિનિએ પરાંજપે જોગળેકર લખવાનું પસંદ કર્યું. આ એવો સમય હતો જ્યારે બે અટક-ખાસ કરીને માતા અને પિતાની બંનેની અટક સંતાન અપનાવે એવું કોઈએ સાંભળ્યું નહોતું. અમે છાપામાં જાહેરખબર આપીને વિનિના પાસપોર્ટમાં એની ઈચ્છા મુજબ બંને અટકનો સમાવેશ કરાવ્યો. હું જે પરિવારમાં ઉછરી છું એ પરિવારમાં વિચારોની સ્વતંત્રતા મને વારસામાં મળી છે અને જે માનું છું તે કહેવામાં ક્યારેય સંકોચ કર્યો નથી. કદાચ એટલે જ, અરુણ પણ જીવનપર્યંત મારો આદર કરતા રહ્યા. ૧૯૯૨માં અરુણનું મૃત્યુ થયું ત્યારે ખૂબ સારો મિત્ર ખોઈ દીધાની લાગણી તો ચોક્કસ થઈ. એ મારો ક્રિએટિવ સપોર્ટ હતો. હું મારો પહેલો સ્ક્રીનપ્લે એને સંભળાવતી. મારી તમામ વાર્તાઓ, પુસ્તકો અને નાટકોનો એ સાચો અને પ્રામાણિક વિવેચક હતો.

૧૯૮૩માં 'કથા' બનાવ્યા પછી મેં ટીવી સીરિયલનું દિગ્દર્શન કર્યું. ૯૦માં જ્યારે મેં 'દિશા' બનાવી ત્યારે મને લાગ્યું કે, હું 'નવા હિન્દી સિનેમા'ની દુનિયામાં ફિટ થઈ શકું એમ નથી કારણ કે, ત્યાં સુધીમાં હિન્દી સિનેમાનો યુગ બદલાઈ ગયો હતો. ૮૦ના દશકમાં મધ્યમાં મિથુન ચક્રવર્તી અને ૯૦માં ગોવિંદાની ફિલ્મો ધૂમ મચાવતી હતી. અર્થસભર ફિલ્મોને બદલે હવે લોકોને કોમેડી, ડાન્સમાં રસ પડવા લાગ્યો હતો. આશા ભોંસલે અને લતા મંગેશકર બંને બહેનો હોવા છતાં એમની પરસ્પરની હરીફાઈ, એક જ પુરુષ સાથેનો એમનો પ્રેમ અને વ્યવસાયિક ઈર્ષા ઉપર આધારિત એક ફિલ્મ મેં બનાવી, 'સાઝ' (૧૯૯૭) જેમાં વિખ્યાત તબલાવાદક ઝાકીર હુસૈને મુખ્ય ભૂમિકા નિભાવી. શબાના આઝમી અને અરુણા ઈરાની અભિનિત એ ફિલ્મને ખૂબ સારો પ્રતિસાદ

(જુઓ પાનું ૬) ▶▶

શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

**ઉડાન** મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

# તરુણાવસ્થાએ અવગણનાનો અસ્વીકાર



હાશ! પરીક્ષા પૂરી.. વેકેશનમાં હવે શું કરવું એને લઈને વિહા અને એની ફ્રેન્ડ્સ વચ્ચે સ્કૂલની બહાર નીકળતાવેંત જ જોરદાર ચર્ચાઓ ચાલી. અંતે સામૂહિક નિર્ણય આવ્યો કે ટ્રેકિંગ કેમ્પમાં જઈએ.... પણ, સામાન્ય રીતે ટ્રેકિંગમાં જતાં ટીનએજર્સના ધાડા કરતાં વિહાને કંઈક અલગ કરવું હતું. આમ પણ આ ઉંમરે બધાથી અલગ- અનોખું- અવનવું કરી બતાવવામાં પણ રોમાંચ સાવ અલગ જ હોય છે.

વિહાએ જાહેર કરી દીધું બધા પહાડ પર જાય છે તો આપણે દરિયા કિનારે જઈએ. બસ, વાત ખતમ..! વિહાને નેતૃત્વ હાથમાં લઈ લેતા વાર લાગતી નહીં. દસ દિવસમાં તો આખી ટીમ ઊભી કરી નાખી. સ્કૂલમાં ટ્રેકિંગ કેમ્પ ગોઠવતા ટીચરને મનાવી ગોવા જવા માટે ઓછી લપમાં વધુ મજાની ગોઠવણ વિહાબહેને  કરી લીધી. ગોવા પહોંચી સૌથી પહેલા ટાસ્ક સ્કુબા ડાઈવિંગ કરવું એ પણ નક્કી થઈ ગયું.

વિહાને તો સમુદ્રના પેટાળમાં ડૂબકી લગાવવા મળશે એ વિચારે જ આખી રાત ઊંઘ ના આવી. સવાર પડતાં જ સૌથી પહેલા વિહા તૈયાર હતી. બીજા કોઈ આવે છે કે નહીં  એની પરવાં કર્યા વિના એ સ્કુબા પ્લેટફોર્મ તરફ  રવાના થઈ ગઈ.

ત્યાં પહોંચતા જુએ છે તો એક છોકરી તરવરાટથી પાણીમાં એવી રીતે રમત કરતી હતી જાણે કોઈ જળચર જીવ હોય...! વિહાને તો આવું કંઈક નવીન દેખાય એટલે ખદબદાટ ઊપડે. એ તરત હસીને હાથ મિલાવવા આગળ વધી ત્યાં તો પેલી ઘડીકમાં પાણીની અંદર ગરકી ગઈ. વિહાનું તો મોં વિલાય ગયું. સારું થયું કે ત્યાં કોઈ હતું નહીં. થોડીવાર એ ત્યાં એમજ બેસી રહી, પણ પેલી બહાર આવી નહીં.

વિહાને હવે ગભરાટ ઉપડ્યો : આ ડૂબી ગઈ? ગાયબ થઈ કે શું? એણે બૂમ પાડી, પણ સામો કોઈ જવાબ નહીં. વિહાને થયું : નક્કી એ ડૂબી જ ગઈ ... ત્યાં જ સપાટી પર પરપોટા દેખાયા. ઉદાસ આંખોએ પાણીની અંદર ગયેલી એ છોકરી ચમકારા સાથે બહાર આવી, વિહાને હાથમાં પકડેલી સ્ટારફીશ બતાવતા બોલી : 'હાઈ, આઈ એમ તારા....' હેબતાઈ ગયેલી વિહાને હાશકારા થયો. ઘડીકમાં કળ વળતા એ ખારા પાણીથી લથબથ તારાને ભેટી પડી.

પોતાની ટીમને આવતા તો વાર લાગવાની હતી એટલે તારા સાથે વિહાબહેન વાતોએ વળગ્યાં. ધીમે ધીમે વાતો કરતાં વિહાને જાણવા મળ્યું કે, તારાના પિતા સમુદ્રનો કચરો સાફ કરતી એક ડ્રેનેજ કંપનીમાં મેનેજર છે એટલે નાનપણથીજ તારાને હોનહાર ગોતાખોર બનવાની લ્હાય લાગી છે. સ્કુબા ડાઈવિંગ એનો શોખ નહીં, પણ પેશન છે- ઉત્કટતા છે. . સમુદ્રની અંદર ડૂબકી લગાવતાવેંત એ જાણે નવી જ દુનિયામાં પહોંચી જતી હોય એમ ત્યારે  એ જાણે મેડિટેશન કરી રહી હોય એવી અનુભૂતિ કરે છે. વળી તારાને અવનવી માછલીઓ ભેગી કરવાનો શોખ પણ છે. વિહાએ પણ કહ્યું પોતે અહીં શા માટે આવી છે. જો કે, તારાને એના વિશે જાણવામાં ઝાઝો રસ ના હોય એમ વિહાને લાગ્યું. સ્ટારફિશ બતાવતા તારાએ અચાનક વિષય બદલી નાખ્યો : 'તને ખબર છે સ્ટારફિશ બીજી માછલીઓ કરતાં કેમ અલગ છે? It can heal itself તેનામાં પોતાની જાતને સાજી-નરવી કરવાની ક્ષમતા છે!'

પોતાના કપાયેલા અંગને એ ખુદ જોડી શકે છે એવી તારાએ માહિતી આપતા અચાનક જ આકાશ તરફ જોતા કહ્યુંઃ 'પણ સ્ટારફિશની જેમ આપણે પણ કેમ એવું નથી કરી શકતા?'

વિહા પાસે ત્યારે તો તારાના આ પ્રશ્નનો જવાબ નહોતો ને હજુ અડધો કલાક પહેલા મળેલી વિહાને તારા વધુ કંઈ કહેવા માગતી નહોતી એવું લાગ્યું એ બધું તો ઠીક, પણ તારા ત્યાંથી અચાનક જ એ કંઈ કહ્યા વગર ચાલી નીકળી. વિહાને આવું વર્તન વિચિત્ર લાગ્યું. એ સમયે તો પોતે પણ મોં મચકોડી બીજી તરફ ફરી ગયેલી, પણ એનું મન સતત તારાના આવા વર્તનને મમળાવતું રહ્યું... એક ક્ષણ કેટલી આત્મિયતાથી વાત કરતી તારા બીજી ક્ષણે કેમ સાવ રુક્ષ થઈ ગઈ હશે?

વિહાનો અચાનક ઓસરી ગયેલો ઉત્સાહ કેમ્પમાં કોઈનાથી છાનો રહ્યો નહીં. ખબર નહીં, શું થયું આને અચાનક? એવું વિચારતા સહુ પોતપોતાની મસ્તીમાં મશગૂલ હતા ત્યારે કેમ્પ ઓર્ગેનાઈઝર એવાં સુજાતા મેડમ વિહાને મનાવવામાં સફળ રહ્યાં. સવારે બનેલી આખી ઘટના ધીરજપૂર્વક સાંભળ્યા બાદ એ બોલ્યાં : 'જો વિહા, કેટલાક ટીનએજર્સની જિંદગી સમુદ્ર જેવી હોય છે. બહારથી શાંત- નિર્લેપ પણ અંદરથી અંધારી- ગાઢ અને પેટાળમાં અનેક રહસ્યો લઈને પડેલી.... મને લાગે છે ત્યાં સુધી તારા આવીજ એક ટીનએજર હશે, જે પોતાના જીવનની પોતે જ ઊભી કરેલી વિટંબણા વચ્ચે ઘેરાયેલી હોવી જોઈએ...'

'હા, એ જે હોય તે, પણ તારાનું વર્તન યોગ્ય નહોતું. 'આવજો' તો બોલે કે નહીં કોઈ જતાં પહેલા?'  વિહાએ રોષ સાથે કહ્યું. 'વિહા, માનવસહ તને આવી લાગણી થાય એ  સ્વાભાવિક છે, કારણકે મોહ, માયા, અભિમાન, સુખ, દુઃખ, ઈર્ષ્યા આ બધું આપણા જીવનનો અભિન્ન ભાગ છે. એનાથી દૂર આપણે નથી ભાગી શકતા... એમાં પણ હજુ ઊગીને ઊભા થઈ રહેલા તમારા જેવા ટીનએજર્સ માટે આવી વાતો સમજવી લોઢાના ચણા ચાવવા જેવી વાત છે...'.

સુજાતા મેડ્મની વાત શાંતચિતે સાંભળતી વિહા માટે હજુય મુખ્ય પ્રશ્ન તો ઊભો જ હતો કે, 'આ રીતે પોતાને કોઈ શી રીતે અવગણી શકે?' 'વિહા, એમ દરેક સવાલના જવાબ જો હાજર હોય તો આને જિંદગી થોડી કહેવાય?' આટલું બોલી સુજાતામેમ વિહાને થોડો જાત સાથે ઝગડવાનો સમય આપવા માગતાં હોય એમ ત્યાંથી ચાલી નીકળ્યાં અને નિઃસાસો નાખતાં મનોમન બબડ્યાં પણ ખરા કે, આ ઉંમરે નાની અમસ્તી અવગણના પણ તરુણો કેમ નહીં સ્વીકારી શકતા હોય?' ■

# ભારતની પ્રથમ મહિલા ટ્રક ડ્રાઈવરઃ  યોગિતા રઘુવંશી

## વકીલાતની ડિગ્રી હતી, પણ જીવનનો પ્રવાહ એવો પલટાયો કે....

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

**ભારતની વીરાંગનાઓ**





કોઈ પણ વ્યક્તિ વકીલાતનો અભ્યાસ કરે તો ડિગ્રી અને સનદ મળ્યા પછી વકીલ તરીકે કાર્યરત થાય એ સ્વાભાવિક છે, પણ વકીલાતની ડિગ્રી મળ્યા પછી કોઈ ટ્રક ડ્રાઈવર બને એવું સાંભળ્યું છે?

હા, આવી વ્યક્તિ છે યોગિતા રઘુવંશી... વકીલાતનો અભ્યાસ કર્યા પછી વકીલ જ બનવા ઈચ્છુક હતી, પણ એવા સંજોગો સર્જાયા કે વકીલાત કરવાનું સ્વપ્ન એક કોરાણે મૂકીને એણે ટ્રક ડ્રાઈવર બનવું પડ્યું. યોગિતા ટ્રક ચલાવતાં શીખી અને જાણે- અજાણે એ ભારતની પ્રથમ મહિલા ટ્રક ડ્રાઈવર બની ગઈ.

આ યોગિતા મૂળ મહારાષ્ટ્રના નંદુરબારની. ચાર ભાઈ-બહેન સાથે એનો ઉછેર થયો. વાણિજ્યમાં સ્નાતક થઈ. સ્નાતક થયા પછી યોગિતા નોકરી કરીને પગભર થવા ઈચ્છતી હતી, પણ પરિવારની ઈચ્છા એવી હતી કે યોગિતા લગ્ન કરીને ઘર વસાવી લે અને જીવનમાં ઠરીઠામ થઈ જાય. યોગિતા પરણી જાય તો પરિવારના માથેથી ચિંતાનો પહાડ ઊતરી જાય. પોતાનો બોજ હળવો કરવા માટે પરિવારે યોગિતાને લગ્ન કરી લેવા કહ્યું. યોગિતા માની ગઈ. એણે વિરોધ ન કર્યો. આમેય ક્યારેક તો લગ્ન કરવાના જ હતા ને!

યોગિતા પરણવા તૈયાર થઈ ગઈ. પરિવારની ઈચ્છા વિરુદ્ધ યોગિતા કાંઈ જ કરવા માંગતી નહોતી. નોકરી તો બહુ દૂરની વાત હતી. પરિવારે યોગિતા માટે સારો મુરતિયો શોધવાનું શરૂ કર્યું. થોડા જ સમયમાં એક યોગ્ય ઉમેદવાર મળી ગયો. ભોપાલનો રાજબહાદુર રઘુવંશી. વકીલાતનો વ્યવસાય કરતો હતો એ. યોગિતા અને રાજબહાદુરે પરસ્પરને પસંદ કર્યા. વર્ષ ૧૯૯૧માં બન્નેએ પ્રભુતામાં પગલાં પાડ્યાં.

સદભાગ્યે રાજબહાદુર રઘુવંશી જૂનવાણી વિચારધારાનો નહોતો. એ ઈચ્છતો હતો કે પત્ની યોગિતાએ આગળ ભણવું હોય તો જરૂર ભણે. પોતે વકીલ હતો એથી એણે યોગિતાને કાયદાનો અભ્યાસ કરવાનું સૂચન કર્યું. યોગિતાએ દોડવું'તું ને ઢાળ મળ્યો. એણે કાયદાના અભ્યાસ માટે કોલેજમાં પ્રવેશ મેળવ્યો. ભણતાં ભણતાં જ પરિવારનો વિસ્તાર થયો. સંસારની ડાળી પર બે ફૂલ ખીલ્યાં. દીકરી યાશિકા અને દીકરો યશવિન. પરિવાર સંપૂર્ણ થઈ ગયો. ઈશ્વરે સમગ્ર સંસારનું સુખ યોગિતાની ઝોળીમાં ઠાલવી દીધેલું જાણે!

-પણ ન જાણ્યું જાનકીનાથે કે સવારે શું થવાનું છે ... કહે છે કે એકસરખા સુખના દા'ડા કોઈના જાતા નથી.. સુખ પછી દુઃખ એ પ્રકૃતિનો વણલખ્યો નિયમ છે. આ ક્રૂર નિયમ યોગિતાના ઘરને પણ લાગુ પડ્યો. સુખ તો હળવે પગલે આવેલું, પણ દુઃખ તો વણનોતરી આફતની જેમ ધમધમ કરતુ આવ્યું ને અચાનક માથે તૂટી પડ્યું. યોગિતાએ કાનૂનનો અભ્યાસ પૂરો કરી લીધેલો, પણ અદાલતનો ઉંબરો ચડે એ પહેલાં રાજબહાદુર રઘુવંશીનું ૨૦૦૩માં ઓચિંતું અવસાન થયું. યોગિતા સાગરની મઝધારમાં ફસાયેલી નાવડીની માફક ગોથાં ખાવા માંડી.

બે નાનાં બાળક, કમાણીનું કોઈ સાધન નહીં, સીમિત સંપત્તિ અને પહાડ જેવું જીવન.... કઈ રીતે જીવવું ? યોગિતા સામે અનેક સવાલ વિકરાળ મોઢું ફાડીને ઊભેલા. મરનારની પાછળ મરી તો શકાતું નથી. આયુષ્ય છે એટલું જીવવાનું તો છે જ તો પછી બિચારાબાપડાની જેમ જીવવું કે બહાદુરીથી જીવવું ? જવાબ યોગિતાએ જ શોધવાનો હતો. એણે જેમતેમ પોતાની જાતને સંભાળી. સ્વસ્થતા ધારણ કરી. મુશ્કેલીઓનો મુકાબલો મક્કમતાથી કરવાનો નિર્ણય કર્યો. વકીલાતના વ્યવસાય દ્વારા ઘર ચલાવવાનું વિચાર્યું, પણ વકીલ થવું જેટલું સરળ હતું, વકીલાત કરવી એટલી જ અઘરી હતી. લગાતાર એક વર્ષના પ્રયાસોને અંતે યોગિતાને એક પિટિશન માંડ મળી. નાણાં ન બરાબર જેટલાં... આટલા ઓછા પૈસામાં ઘરખર્ચ કાઢવો શક્ય નહોતું. બાળકોને ભણાવવાનું તો અશક્ય જ હતું. બાળકોના વ્યવસ્થિત ઉછેર અને ઘરના ખર્ચને પહોંચી વળવા માટે યોગિતા એવાં કામની શોધમાં નીકળી, જેમાં તત્કાળ આવકનો સ્રોત શરૂ થાય. એણે નોકરીની શોધમાં કેટલાયે પગથિયાં ઘસી નાખ્યાં.... પણ પરિણામ શૂન્ય. ઘરની આર્થિક સ્થિતિ વણસતી ચાલી. બાળકોની શાળાની ફી ભરવાની હતી. ઘરના બીજા નાના-મોટા ખર્ચા કાઢવાના હતા, પણ યોગિતાને ક્યાંય કામ મળતું નહોતું.

ચારેબાજુથી ઘેરાયેલી યોગિતા રઘુવંશી માટે બોગદાને છેડે આશાનું એક જ કિરણ હતું. પતિ રાજબહાદુર વકીલાત કરવાની સાથે સાઈડ બિઝનેસ તરીકે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય પણ કરતા. યોગિતાએ પણ વકીલાતમાં નાણાં ન મળતા હોવાને કારણે ટ્રાન્સપોર્ટના વ્યવસાયમાં ઝુકાવવાનું નક્કી કર્યું. પરિવારનો સાથ હતો, પણ કેટલાંક સંબંધીએ ટ્રક ડ્રાઈવરોની ખરાબ છબિને કારણે યોગિતાને ટ્રાન્સપોર્ટથી દૂર રહેવાની સલાહ આપી. ટ્રક ડ્રાઈવરોની આસપાસ મહિલાનું રહેવું અસુરક્ષિત ગણાય છે, પણ યોગિતા માટે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય ડૂબતાને તરણું સમાન હતો!

પડશે તેવા દેવાશે એવું વિચારીને યોગિતા રઘુવંશીએ ટ્રાન્સપોર્ટના વ્યવસાયમાં ઝંપલાવ્યું. એની પાસે ત્રણ ટ્રક હતી. યોગિતા ઓફિસમાં બેસીને કામ કરતી. ડ્રાઈવરો ટ્રકમાં માલસામાનની હેરફેરનું કામ કરતા.

થોડાક દિવસ બધું સરખું ચાલ્યું. દરમિયાન એક ઘટના બની. માલ લઈને હૈદરાબાદ જઈ રહેલી એક ટ્રકનો અકસ્માત થયો. ડ્રાઈવર ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો. યોગિતા રઘુવંશી ઉતાવળે ઉતાવળે હૈદરાબાદ પહોંચી. ટ્રકનું સમારકામ કરાવ્યું અને ટ્રક લઈને ભોપાલ પહોંચી.

અનુભવથી મોટી કોઈ પાઠશાળા નથી... આ ઘટનાને પગલે યોગિતાને સમજાયું કે ગળાકાપ સ્પર્ધામાં ટકી રહેવા માટે એણે પોતે ટ્રકનું સ્ટિયરિંગ સંભાળવું પડશે. યોગિતાએ ટ્રક ડ્રાઈવિંગનું શિક્ષણ લીધું. એ વખતે ઘણા ટ્રક ડ્રાઈવરો યોગિતાની ઠેકડી ઉડાડતા. એ ટ્રક ડ્રાઈવરોને એવું લાગતું કે ટ્રક હાંકવી એ તો પુરુષોનું કામ કહેવાય. યોગિતા એક મહિલા છે એથી ટ્રક ચલાવવાનું એનું કામ નહીં. પણ યોગિતાને માથે બાળકોની જવાબદારી હતી. ટ્રકની ડ્રાઈવિંગ સીટ પર યોગિતા બેસતી ત્યારે માત્ર બાળકોનાં ચહેરા જ એને દેખાતા અને બમણા જોશથી એ ડ્રાઈવિંગ શીખવા લાગતી. આખરે ડ્રાઈવિંગ આવડી ગયું ત્યારે આત્મવિશ્વાસ વધારવા ડ્રાઈવરોની સાથે બેસીને ટ્રક ચલાવવાનો અનુભવ લીધો અને ગણત્રીના મહિનામાં જ યોગિતા એક કુશળ ડ્રાઈવર બની ગઈ.

એ ઘટનાને અંદાજે બાવીસ વર્ષ વીતી ગયાં છે. યોગિતા રઘુવંશી આજે પણ નિયમિત ટ્રક ચલાવીને માલસામાનની હેરફેર કરે છે. ઘણી વાર તો રાતભર જાગીને ટ્રકમાં લાંબી સફર પણ કરે છે યોગિતા. આટલાં વર્ષોમાં યોગિતાની ટ્રકનો કોઈ અકસ્માત થયો નથી. માલની ડિલિવરીમાં ક્યારેય મોડું થયું નથી. એ સફળ બિઝનેસ વુમન છે અને સફળ ટ્રક ડ્રાઈવર પણ...

પોતાની સફળતાનું યોગિતાને ગૌરવ છે પણ ગુમાન નથી. યોગિતાના કહેવા પ્રમાણે, આજે પણ લોકો એવું માને છે કે સ્ત્રીએ માત્ર ઘર અને બાળકને સંભાળવાની જવાબદારી જ નિભાવવાની હોય છે. યોગિતા એ જ તો કરી રહી છે. ઘર સંભાળે છે ને બાળકોને પણ....

એક મુલાકાતમાં યોગિતા રઘુવંશીએ કહેલું કે, હું કોઈ રૂઢિગત વિચારધારાને પડકારવા કે તોડવાના સંકલ્પથી ટ્રક ચલાવતી નથી. હું મારા સંજોગોને પહોંચી વળવા માટે અને મારા બાળકોના સારા ઉછેર માટે સ્ટિયરિંગની પાછળ બેઠી છું. એથી મહેરબાની કરીને એવું ન માનશો કે હું બીજી દુનિયામાંથી આવી  છું.... વળી જો સ્ત્રી મોટરગાડી ચલાવી શકે, બસ ચલાવી શકે, રિક્ષા ચલાવી શકે, ટ્રેન ચલાવી શકે અને હવાઈ જહાજ પણ ચલાવી શકે તો હું તો માત્ર ટ્રક ચાલવું છું.... એમાં શું મોટી ધાડ મારી છે?! ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| जड | કૃમિ |
| जंत | વજનદાર |
| जननी | સારસંભાળ |
| जपणूक | સાવધાનીપૂર્વક |
| जपून | માતા |

## ઓળખાણ પડી?



સૌથી નાની ઉંમરે ગ્રાન્ડમાસ્ટરનું ટાઈટલ મેળવનારી ચેસ ચેમ્પિયનની ઓળખાણ પડી? ૧૯૯૭માં વર્લ્ડ યુથ ચેમ્પિયનશિપમાં ત્રણ ગોલ્ડ મેડલ મેળવ્યા હતા.

અ) તાનિયા સચદેવ બ) સૌમ્યા સ્વામીનાથન ક) કોનેરુ હમ્પી ડ) ભક્તિ કુલકર્ણી

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સા | ર | ૨ વા | ૩ ર | ■ | ૪ ફા | ગ | ણ | ■ | ૫ આં |
| ર્વ | ■ | ૬ લ | ગ | ૭ ભ | ગ | ■ | ■ | ૮ ફા | ગ |
| ૯ જ | ૧૦ ખ | મ | ■ | ૧૧ ભ | ણ | ૧૨ કા | રા | ■ | ણ |
| ૧૩ નિ | ર | ■ | ૧૪ ધા | રા | ■ | મ | ■ | ૧૫ સ | વા |
| ૧૬ ક | જ | લ | ■ | ૧૭ વ | ખા | ણ | ■ | ૧૮ ગ | ડી |
| ■ | વું | ■ | ૧૯ ખા | વું | ■ | ૨૦ ગા | ૨૧ વ | ડી | ■ |
| ૨૨ ક | ■ | ૨૩ મા | ન | ■ | ૨૪ ચા | રો | ળી | ■ | ૨૫ અ |
| ૨૬ મ | ધ | ■ | સા | ■ | પ | ■ | ■ | ૨૭ ના | ભિ |
| ર | ■ | ૨૮ ક | મા | ૨૯ ન | ■ | ૩૦ પૂ | ૩૧ છ | ■ | શા |
| ૩૨ ખ | પ્પ | ર | ■ | ૩૩ હિ | ર | ણ્ય | ક | શ્ય | પ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | ■ | ૫ | | ૬ | ૭ |
| ૮ | | | | ■ | ૯ | | ■ | ૧૦ | |
| | ■ | | ■ | ૧૧ | | | ■ | ૧૨ | |
| ૧૩ | ૧૪ | | ૧૫ | ■ | | ■ | ૧૬ | | |
| ૧૭ | | ■ | | ■ | ૧૮ | | | ■ | |
| ■ | ૧૯ | | | ૨૦ | | ■ | ૨૧ | | ■ |
| ૨૨ | | ■ | ૨૩ | | ■ | ૨૪ | | ■ | ૨૫ |
| | ■ | ૨૬ | | ■ | ૨૭ | | ■ | ૨૮ | |
| | ■ | | ■ | ૨૯ | | | ■ | ■ | |
| ૩૦ | | | | | ■ | ૩૧ | | | |

### આડી ચાવી

૧. સમાન ગુણધર્મવાળું (૫)
૫. સમજૂતી, કજિયાની પતાવટ (૪)
૮. નોકર, ચાકર (૪)
૯. અંદાજ, છેડો, અંત (૨)
૧૦. નસ (૨)
૧૧. ---- પરથી બોર મળે (૩)
૧૨. પત્ની (૨)
૧૩. તણખો, કજિયો, ચમક (૪)
૧૬. અવાજ વિનાનું, શાંત (૩)
૧૭. 'રમવું' નું અજ્ઞાર્થ (૨)
૧૮. સમક્ષ, મોજૂદ (૩)
૧૯. ગુનેગાર, દોષિત (૫)
૨૧. ઝેર (૨)
૨૨. પરવા (૨)
૨૩. થર, ગડી, રમતનું મેદાન (૨)
૨૪. રોગ (૨)
૨૬. બધાને ગોરી ---- વહુ જોઈએ (૨)
૨૭. શરમ (૨)
૨૮. દરેકને ---- લેવો પડે (૨)
૨૯. ઘરના મંદિરમાં હોય (૩)
૩૦. તરી જવાનો, બચવાનો ઉપાય (૫)
૩૧. રડવા જેવો (૪)

### ઊભી ચાવી

૧. સર્વત્ર, ચર-અચર બધામાં (૫)
૨. પ્રમાણ, પ્રતિષ્ઠા, ગજું (૨)
૩. માણસોમાં નિકૃષ્ટ, નીચ (૪)
૪. હિમાલયમાં ખડકો ---- પડે (૨)
૫. ગામડામાં રસોઈ ---- પર થાય (૩)
૬. અણિયાળી (૪)
૭. આમ્રપાલી વૈશાલીની ---- હતી (૫)
૯. બચાવનાર (૫)
૧૪. ધ્રુજારી, કૂંપારી (૪)
૧૫. કચરાપૂંજાનો ઢગલો (૫)
૧૬. જેની કોઈ અવધિ/સીમા નથી તે (૪)
૨૦. બે ખેતર વચ્ચે હોય (૨)
૨૨. ભગવાન બુધ્ધ (૪)
૨૪. વ્યાજ ખાનાર (૪)
૨૫. લાડુ ઉપર ભભરાવાય (૪)
૨૬. લપસી પડે એવો (૩)
૨૭. એક રંગ (૨)
૨૯. પગ (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. પરિવારના બે ભાઈમાંથી એકની પત્નીની સગી જેઠાણીના દીકરાના સગા કાકા એ સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) માસા બ) જેઠ ક) ફુવા ડ) પતિ

## જાણવા જેવું

આકાશ એટલે આસમાન, ગગન, આભ, વ્યોમ, અભ્ર, અંબર. આકાશના ૪ ભેદ: મહાકાશ, જલાકાશ, અભ્રાકાશ-મેઘાકાશ અને ઘટાકાશ. અનંત અખંડ સ્વરૂપે આકાશ તે મહાકાશ. જળ કે કોઈ પણ જળાકાશ. અભ્ર કે વાદળામાં પ્રતિબિંબરૂપે પડેલું આકાશ તે અભ્રાકાશ. અભ્રમાં પ્રતિબિંબરૂપે પડેલું આકાશ તે અભ્રાકાશ. ઘડા વગેરેમાં રહેલું આકાશ તે ઘટાકાશ.

## સુડોકુ-૫૦૪૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨ | ૮ | | ૫ | ૯ | | |
| ૯ | ૧ | | | ૩ | | | ૬ | ૪ |
| | | | | | | | | |
| ૩ | | ૧ | ૫ | | ૪ | ૬ | | ૯ |
| | ૫ | | | | | | ૪ | |
| ૭ | | ૪ | ૧ | | ૩ | ૮ | | ૨ |
| | | | | | | | | |
| ૨ | ૩ | | | ૯ | | | ૮ | ૫ |
| | | ૫ | ૨ | | ૮ | ૪ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૪૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૩ | ૮ | ૫ | ૬ | ૯ | ૪ | ૭ |
| ૫ | ૪ | ૭ | ૩ | ૨ | ૯ | ૬ | ૧ | ૮ |
| ૬ | ૯ | ૮ | ૪ | ૧ | ૭ | ૨ | ૩ | ૫ |
| ૯ | ૭ | ૫ | ૨ | ૬ | ૪ | ૩ | ૮ | ૧ |
| ૪ | ૬ | ૧ | ૫ | ૮ | ૩ | ૭ | ૨ | ૯ |
| ૩ | ૮ | ૨ | ૯ | ૭ | ૧ | ૫ | ૬ | ૪ |
| ૧ | ૫ | ૪ | ૭ | ૩ | ૨ | ૮ | ૯ | ૬ |
| ૮ | ૩ | ૯ | ૬ | ૪ | ૫ | ૧ | ૭ | ૨ |
| ૭ | ૨ | ૬ | ૧ | ૯ | ૮ | ૪ | ૫ | ૩ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપેલા વાક્યમાં નસીબ સંતાઈને બેઠું છે એ શોધી કાઢો જોઉં.
નાટ્યકૃતિમાં નવલકથાનું હાર્દ બરાબર જળવાયું છે.

## નોંધી રાખો

આયખું નાનું ને નોરતા અપાર, નાનકડી નાવ ને ઘૂઘવે પારાવાર. માનવી વચ્ચે દરેક જણ શોધે છે માનવને કારણ કે શબરી પણ ઝંખે છે પોતાના રાઘવને.

## માઈન્ડ ગેમ

છઠ્ઠી સદીની રુદ્ર શિવની પ્રતિમા ધરાવતું દેરાણી - જેઠાણી મંદિર કયા રાજ્યમાં સ્થિત છે એ જણાવો. મંદિરના ગર્ભગૃહમાં અન્ય દેવતાની મૂર્તિઓ પણ છે.

અ) આસામ ૨) મહારાષ્ટ્ર
૩) છત્તીસગઢ ૪) કેરળ

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| डुलकी | ઝોકું |
| डोकं | માથું |
| डोळस | સાવધ |
| डौलदार | કમનીય |
| डोईजड | નિરંકુશ |

ગુજરાત મોરી મોરી રે
ભાઈ

ઓળખાણ પડી?
મનીષા પાંધી

માઈન્ડ ગેમ
૧૯૭૩

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
નભ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) ભારતી બુચ (૩) કિશોરકુમાર જીવનણદાસ વેદ (૪) નીતા દેસાઈ (૫) શ્રદ્ધા આશર (૬) ડો. પ્રકાશ કટકિયા (૭) ભારતી પ્રકાશ કટકિયા (૮) પુષ્પા પટેલ (૯) મુલરાજ કપૂર (૧૦) હર્ષા મહેતા (૧૧) વિભા મહેશ્વરી (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) મીનળ કાપડિયા (૧૪) અમીશી બંગાળી (૧૫) નિખિલ બંગાળી (૧૬) સુરેખા દેસાઈ (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) નંદકિશોર સંજાણવાળા (૨૦) શિલ્પા શ્રોફ (૨૧) તાહેર ઔરંગાબાદવાલા (૨૨) શીરીન ઔરંગાબાદવાલા (૨૩) અબદુલ્લા એફ. મુનીમ (૨૪) અંજના પરીખ (૨૫) રજનીકાંત પટવા (૨૬) સુનીતા પટવા (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) અરવિંદ કામદાર (૨૯) સુરેખા દેસાઈ (૩૦) મહેન્દ્ર લોઢાવિયા (૩૧) મહેશ દોશી (૩૨) ભાવના કર્વે (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) જગદીશ ઠક્કર (૩૫) અંજુ ટોલિયા (૩૬) દિલીપ પરીખ (૩૭) નિતીન બજરિયા (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) પ્રવીણ વોરા (૪૦) પુષ્પા ખોના (૪૧) વિણા સંપટ (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) જ્યોત્સના ગાંધી (૪૫) ઈનાક્ષી દલાલ (૪૬) હિના દલાલ (૪૭) રમેશ દલાલ

## કથા કોલાજ (પાંચમા પાનાનું ચાલુ)

મળ્યો, પરંતુ ત્યાં સુધીમાં મને સમજાઈ ગયું હતું કે, હું જેવી ફિલ્મો બનાવવા માગું છું એવી ફિલ્મો હિન્દી સિનેમાના પ્રેક્ષકોને નથી જોવી. મેં ડોક્યુમેન્ટ્રી ફિલ્મો બનાવવાનું હાથમાં લીધું. જેમાં મને ખૂબ મજા પડવા લાગી. ફરી પાછી બાળકોની ફિલ્મોમાં મારો રસ જાગ્યો. મારી કેટલીયે ડોક્યુમેન્ટ્રી ફિલ્મ્સને એવોર્ડ્ઝ મળ્યા, જેમાં હેલ્પિંગ હેન્ડ (લંડન), ટોકિંગ બુક્સ, કેપ્ટન લક્ષ્મી, વર્ના ઓરકેસ્ટ્રા, પંકજ મલિક, ચૂડિયાં (મહારાષ્ટ્રમાં શરાબના વ્યસનને નાબૂદ કરવા માટે ગામડાની સ્ત્રીઓએ કરેલા આંદોલનની કથા) એને નેશનલ અને ઈન્ટરનેશનલ એવોર્ડ્ઝ મળ્યા. ફરી એકવાર ૨૦૦૧માં 'ભાગો ભૂત' નામની ફિલ્મ બનાવી અને પહેલા ઈન્ટરનેશનલ વિમેન્સ ફિલ્મ ફેસ્ટિવલને ઉદઘાટિત કરવાનું સન્માન એ ફિલ્મને મળ્યું. અનેક વર્ષો સુધી આંતરરાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ્ઝની જ્યુરિ તરીકે પણ મેં કામ કર્યું.

એ વખતે વર્લ્ડ બેંકે મારો સંપર્ક કર્યો અને એમણે મને ડ્રગ એડિક્ટ્સ પર એક ફિલ્મ બનાવવાનું કામ સોંપ્યું. મુંબઈના એક ખૂબ જાણીતા સંકલ્પ રિહેબિલિટેશન ટ્રસ્ટ સાથે મળીને મેં એક ફિલ્મ બનાવી જેનું નામ હતું 'સૂઈ'. આ ફિલ્મ બનાવતી વખતે હું પોતે પણ ભયાનક ઈમોશનલ ટર્મોઈલમાંથી પસાર થઈ. ઈન્જેક્શન દ્વારા ડ્રગ્સ લેતા અનેક યુવા અને એમના પરિવારોને હું મળી ત્યારે મને સમજાયું કે, ભારતમાં ડ્રગ્સ કેટલી ઝડપથી અને કેટલા ઊંડે સુધી પગપેસારો કરી ચૂક્યું છે.

સમગ્ર ભારતમાં એ ફિલ્મ વર્લ્ડ એઈડ્સ ડેના દિવસે રિલીઝ કરવામાં આવી. એને પણ નેશનલ એવોર્ડ મળ્યો. એવોર્ડ્ઝ અને સન્માનથી હું ખરેખર સંતુષ્ટ છું. મેં જેટલું કામ કર્યું છે એના પ્રમાણમાં મને ઘણી લોકપ્રિયતા અને ઘણો પ્રેમ મળ્યો છે.

આજે ૮૫ વર્ષે પણ સ્વસ્થ છું અને આટલા બધા અનુભવો પછી જીવન પરત્વે પોઝિટિવ છું. ગૌતમ જોગળેકર, મારો દીકરો ફિલ્મો બનાવે છે. ડોક્યુમેન્ટ્રી અને ફિચર ફિલ્મ બંનેમાં સારું નામ અને લોકપ્રિયતા મેળવ્યા છે. વિનિએ મારી સાથે એક-બે ફિલ્મોમાં કામ કર્યું પછી એને એ દુનિયામાં બહુ મજા ન પડી એટલે એણે લગ્ન કર્યાં અને હવે ઘર સંભાળે છે. એ બે બાળકોની મા છે...

જીવન ખૂબ સુંદર છે અને હું જે પરિવારમાં જન્મી, જ્યાં મારો ઉછેર થયો એ નાના અને મા બંને પરત્વે હું ખૂબ આભારની લાગણી ધરાવું છું. મારા ચહેરામાં મારા રશિયન પિતાની છાપ છે, વિનિએ પણ એ જ રશિયન આંખો વારસામાં મેળવી છે. મારા સ્વતંત્ર વિચારો અને વ્યક્તિત્વનો આદર કરવાની પરંપરા મારાં સંતાનોએ નિભાવી છે. આજે જે કંઈ છું એમાં મારો ઉછેર સૌથી મહત્ત્વનો છે. મેં એ જ ઉછેર મારાં સંતાનોને આપવાનો પ્રયાસ કર્યો છે.

(સમાપ્ત)

## કલોઝ અપ (આઠમા પાનાનું ચાલુ)

વિદ્યા બાલન એક જ નામના 'બે' પતિને પરણી છે. 'ફિલ્મ શાદી કી સાઈડ ઈફેક્ટસ'માં એ સિદ્ધ-સિદ્ધાર્થ રાય (ફરહાન અખ્તર)ને પરણે છે. એ ફિલ્મી મેરેજના પાંચ વર્ષ પછી વિદ્યાના સાચુકલા મેરેજ થયા એ પતિનું પણ નામ છે સિદ્ધ- સિદ્ધાર્થ રાય કપૂર!

જો કે, આ બધા વચ્ચે, અંગ્રેજીમાં જેમ કહે છેને- Father of all co-incidences.. એમ બધા જોગાનુજોગ કે જોગ - સંજોગના બાપ જેવી આ ઘટના તો ખરેખર અદભુત છે.

વાત અમેરિકાના બે રાષ્ટ્રપ્રમુખની છે. પ્રથમ પ્રમુખ અબ્રાહમ લિંકન અને બીજા જોન એફ. કેનેડી. આ બન્નેની હત્યા થઈ હતી. બન્ને ઘટના વચ્ચે ૧૦૨ વર્ષનું અંતર છે, છતાં એ બન્નેની આસપાસ જે જે સામ્યતા સર્જાઈ એ ભલભલાને અવાક કરી મૂકે તેવા હતા.

ઉદાહરણ તરીકે :

એ બન્ને પ્રેસિડન્ટની હત્યા શુક્રવારે થઈ હતી. હત્યા વખતે બન્નેની પત્ની હાજર હતી.

લિંકનની હત્યા થઈ ત્યાર એ ફોર્ડ નામના થિયેટરમાં ૭ નંબરની સીટ પર બેસીને નાટક જોઈ રહ્યા હતા. હત્યા પછી કાતિલ ભાગીને એક અવાવરું વ્હેરહાઉસ-વખારમાં છુપાયો હતો ..

જ્યારે કેનેડીનો કાર-કાફલો રોડ પરથી નીકળ્યો ત્યારે એમની કાર સાતમી હતી અને એ કાર ફોર્ડ કંપનીએ બનાવેલી હતી.એ કારમાં હતા ત્યારે એક મકાનની વખારમાંથી એમના પર ગોળી ચલાવીને હત્યારો એક થિયેટરમાં લપાઈ ગયો હતો લિંકન - કેનેડીના બન્ને હત્યારા ઘટનાસ્થળેથી ભાગી છૂટ્યા હતા,પણ પાછળથી ઝડપાયા અને એમના પર કેસ શરૂ થયો ત્યારે કોર્ટના પ્રાંગણમાં જ એ બન્નેની હત્યા થઈ ગઈ!

અરે, લિંકન - કેનેડી હત્યાને લઈને આવી તો બીજી કેટલીય વાત બહાર આવી હતી.એમાંથી કેટલી ખરી- કેટલી દંતકથા એ નક્કી કરવું અઘરું ,પણ એ ખરું કે આવા જોગ-સંજોગ ભાગ્યે જ બીજી ઘટનાઓમાં જોવાં- સાંભળવાં મળે છે એટલે આવી ઘટનાને તો 'નિયતિ' જેવું રૂપકડું નામ આપીને કુદરતને સલામ કરી દેવાની..!

( સંપૂર્ણ )

## લાફ્ટર આફ્ટર (સાતમા પાનાનું ચાલુ)

હોય ને? કારણ કે આ મેરેજ બ્યૂરોવાળી વાત, કે જે મને ખબર નથી, તે કામવાળી કજરીને ક્યાંથી ખબર? ને ત્યાં જ ડોરબેલ વાગ્યો. કજરી બોલી - હેઠાણીજી, તમે હેઠને વારેવારે કે'તાં હતાં ને કે રિટાયર્ડ થઈને સોફા હું તોડો છો? તે જુઓ, પહેલો ઘરાક હું હોધી લાવી છું. હેઠ જો આમાં સફળ થાય તો મારો પગાર ડબલ ને પેલી લાલ બાંધણી હેઠ તમારાં હારુ લાવેલા, તે મને ભેટ આપવાની. પછી જો જો ને તમે. કેવા કેવા ઘરાક લાવું છું ને હેઠને કેવા ધંધે ચડાવું છું તે ! કજરીની આંખના ચાળા અને ધંધા શબ્દ ઉપરના વારંવારના વજનથી વગર જીમ ગયે જ મારું વજન અચાનક વીસેક કિલો ઓછું થઈ ગયું હોય એમ લાગ્યું. ત્યાં તો મંજરીની સુવાસ ફ્લેટમાં પ્રસરી ગઈ.

હકીમચાચાનું કોઈ કડવામાં કડવું મિશ્રણ છાંટીને આવી હોય એવું મને બે ઘડી લાગ્યું ને મને ચક્કર જેવું આવવા લાગ્યું.

મામલો કેમ થાળે પાડવો એ વિચારતી હું પણ સોફા ઉપર ગોઠવાઈ. કામવાળીએ હવે ઝાપટઝૂપટનો કટકો બાજુ પર મૂકી દઈ મંજરીની બાજુમાં સ્થાન ગ્રહણ કર્યું. (એ પણ પાછું સોફા ઉપર!)

''મંજરીબહેન, આ છે મારા હેઠ. જેમ તમે, તેમ એ પણ. જેટલું તમારે ત્યાં કરું, તેટલું અહીંયા કરું. (એણે વાક્યમાં કયું કામ તે અધ્યાહાર રાખ્યું.) પણ એણે 'મારા હેઠ' ઉપર પાછો એટલો ભાર મૂક્યો કે ફરી દસ કિલો વજન આપોઆપ!

મંજરી ટહુકી, ''તમે મેરેજ બ્યૂરો ચલાવો છો? સાચું કહું? હું સાવ નજીક હોય ને સુલભ હોય એવા બ્યૂરોની તલાશમાં હતી.''

ત્યાં તો અચાનક તેઓ હીરોની અદામાં કન્વર્ટ થઈ બોલ્યા - ''હા તો મંજરીજી, બોલો. તમારે કેવી ટાઇપનો પતિ જોઈએ?''

મંજરી બોલી - ''બિલકુલ તમારા જેવો. હાઇટ મારી જેટલી. આમ ઉંમર હોય, પણ તમારી જેમ લાગતી ન હોય. તમારી જેમ સ્હેજમાં જ બધું સમજી જાય. નારીને પ્રેમથી, ઇજ્જતથી હાથ પકડીને આગળ કરે એવો. તમારી જેમ નમ્રતાથી વાતો કરે. જીવનના અંત સુધી તમારી જેમ જ કંઈક ને કંઈક કામધંધો કરતો રહે અને પત્નીની સર્વ ઇચ્છા પૂરી કરતો રહે. (હું મનમાં જ બોલી, બહેન, લાકડાના લાડુ છે. હાથે કરીને હૈયા હોળી ના સળગાવ!)

''મંજરી મેડમ, તમે હંધીય ચિંતા મારા હેઠ ઉપર છોડી દો. મારા હેઠ એટલા હારા છે ને, કે જે આવે એ હંધીય બહેનોને ઠેકાણે પાડ્યાં વિના થોભતા નથી. આ મને હો, હેઠ કેટલાં હમજે! જુઓ ને, હમણાં ૨૭૦૦ રૂપિયાનું બાવલું મારાથી તૂટી ગયું. પણ હેઠ કાંઈ બોલ્યા નહીં, જરાય નહીં. ઈસ્ત્રી દાક્ષિણ્યની ભાવના ભારોભાર ભરેલી છે. તમે તમારે પહેલાં ૫૦૦૦ ભરીને ફોરમ ભરી દો ને ઠેકાણે પડો. પછી એકદમ બીજાં ઠેકાણે પડો, ત્યારે બીજા ૧૦,૦૦૦ કામ પતે પછી આપજો. ખરું ને હેઠ? હાચું ને?''

ત્યાં ઈસ્ત્રી દાક્ષિણ્યનો જીવ બોલ્યો, ના, ના, મંજરીજી, ૫૦૦૦ની કંઈ જરૂર નથી. મંજરીજી, તમે તો બાજુના મહોલ્લામાં જ રહો છો, એટલે આમ તો તમે સાવ નજીક પડોશી, સ્વજન જેવાં જ. તમારી પાસે કંઈ પૈસા લેવાય? આમેય સંબંધ આગળ પૈસા શું ચીજ છે! ને હા, હવે તો આપણે મળવા મૂકવાનું થયા જ કરશે ને.''

મંજરી ઊઠતાં બોલી, હા, પણ પાર્ટનર અદલ તમારા જેવો જ શોધજો હોં! (અદલ તમારા જેવો જ આ 'અદલ' શબ્દોના ભારે વળી ફરી દસ કિલો વજન ગગડ્યું.) હું હજી એમ કહેવા જ જાઉં છું કે ના, ના, અમે હજી કોઈ બ્યૂરો-ફ્યૂરો જ રજિસ્ટ્રેશન નથી શરૂ કર્યું, ત્યાં જ બારણાંમાં બે-ચાર જુવાનિયા પ્રગટ થયા. ''જોયું? જોયું? મેં નહોતું કહ્યું? મેરેજ બ્યૂરોનું ઉદઘાટન છે. ચલો ચલો કાકા, મેરેજ બ્યૂરોનું ઉદ્ઘાટન તો થઈ ગયું લાગે છે. તો એ જ નામ ઉપર ૫૦૦૧ તમારા તરફથી લખાવી દો અને આજની આગ પણ તમે જ લગાવી દો.'' અને મેં હાશ કરતાં કહી દીધું, ''હા, હા, અંકલ આગ લગાવવામાં માહેર છે, ને બધાને ઠેકાણે પાડવામાં પણ હોં. લઈ જાવ, લઈ જાવ. આજે તો ૫૦૦૦ તો શું, ૧૦,૦૦૦ પણ અંકલ આપહે.''

પતિદેવ છેલ્લું છેલ્લું કપૂર હોળીમાં નાખતા હોય એમ કામવાળીનાં દેખતાં બોલતા ગયા, પેલી લાલ બાંધણી કજરીને આપી દેજે, ને કાલે આરામ કરવા ધુળેટીની રજા પણ! અને હા, બિચારીને ટિફિન હોં ભરી આપજે. બિચારી હપરમે દહાડે ઘરે જઈને ક્યારે રાંધવાની.'' ને મેં પેલા નીચે પડેલા ઍન્ટીક પીસનાં કટકા ભેગા કરવા માંડ્યા. જેની કચ્ચર આંગળીમાં ખૂંપતાં લાલ લાલ રંગ અને આહ બંને નીકળતાં ગયાં. ને કજરી તો ટિફિન ઝુલાવતી હેઠની પાછળ જતાં જતાં મને કહેતી ગઈ, હેઠાણીજી, તમને હોં હેપ્પી હોલી.

અમારા એણે નીચે જઈ આગ ચાંપી કે તરત જ નારા ગુંજી ઊઠ્યા - બૂરા ન માનો હોલી હૈ...! હોલી હૈ ભાઈ, હોલી હૈ...! ■

## વિશેષ

# મહિલા ખેલાડીઓ માટે પડકારોનો અંત ક્યારે?

કવિતા યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com

ઓલિમ્પિકમાં મેડલ્સ જીતીને આવતા લોકો સાથે આપણા વડા પ્રધાન સીધી વાત કરી શકે તે માટે વિશેષ આયોજન કરાય છે તે આપણે જોયું છે. જ્યારે ઓલિમ્પિકમાં મહિલા હોકી ટીમ બ્રોન્ઝ મેડલથી જરા માટે વંચિત રહી ગઈ ત્યારે પણ વડા પ્રધાને તેમની સાથે વાત કરીને તેમને પ્રોત્સાહન આપ્યું હતું. આ જોઈને આપણને ચોક્કસ આનંદ થાય કે દેશના વડા પ્રધાન મહિલા રમતવીરોને આટલું સન્માન અને પ્રોત્સાહન આપે છે. પણ તેમ છતાં સિક્કાની બીજી બાજુ એ છે કે રમતગમતમાં હજી પણ મહિલાઓ સમાનતા અને સુરક્ષિત વાતાવરણથી દૂર છે.

બ્રીજભૂષણ વિવાદ હજી બહુ જૂનો નથી, અને તેનો અંત પણ આવ્યો નથી. આ એવો કિસ્સો છે જે છાપરે ચડ્યો, પણ એવા કેટલાય કિસ્સાઓ હશે જે ક્યારેય લોકોની નજરે પડ્યા નહીં હોય અને મહિલા રમતવીરોએ થાકી, હારીને સંજોગો સાથે સમાધાન કરીને રમત છોડી પણ દીધી હશે. સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત કમિટી ઓફ એડમિનિસ્ટ્રેટર્સના ભૂતપૂર્વ વડા વિનોદ રાયે તાજેતરનાં વર્ષોમાં ક્રિકેટમાં ભારતીય મહિલા ખેલાડીઓને જે બેદરકારીનો સામનો કરવો પડ્યો હતો તે અંગે કેટલાક ચોંકાવનારા ખુલાસા કર્યા છે. તેમણે જણાવેલું કે મહિલા ક્રિકેટરોને અપાતા યુનિફોર્મ હકીકતમાં પુરુષ ખેલાડીઓના વાપરીને કાઢી નાખેલા જર્સીને કાપીને બનાવી અપાતા હતાં, બોલો! સાવ આવી હાલત?!

ઈંગ્લેન્ડમાં ૨૦૧૭ મહિલા વર્લ્ડ કપ દરમિયાન, ભારત ફાઇનલમાં સ્થાન મેળવવા માટે શક્તિશાળી ઓસ્ટ્રેલિયા સામે હતું. આ એ જ મેચ હતી જેમાં હરમનપ્રિત કૌરે અણનમ ૧૭૧ રન બનાવ્યા હતા અને ભારતને ફાઇનલમાં પહોંચવામાં મદદ કરી હતી. રાયે કહ્યું કે હરમને પછીથી કહ્યું હતું કે તેને ક્રેમ્પ્સ હતાં અને ઊભા ઊભા સીક્સર્સ મારવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. આ સમસ્યાનું કારણ એ હતું કે ટીમને મેચ પહેલા યોગ્ય નાસ્તો પણ નહોતો મળ્યો અને માત્ર સમોસા ખાઈને ચલાવી લેવું પડ્યું હતું!

હજી ગયા વર્ષે ફેબ્રુઆરી ૨૦૨૩માં મહાન પી.ટી. ઉષાની 'ઉષા સ્કૂલ ઓફ એથલેટિક્સ' પર થઇ રહેલા ગેરકાયદે અતિક્રમણની વાત કરતા કરતા પત્રકાર પરિષદમાં ઉષા રડી પડ્યાં હતાં અને તેની એકેડેમીમાં તાલીમ લેતી બાળાઓની સુરક્ષાને ધ્યાનમાં લેવા રાજ્ય સરકારને અપીલ કરતા નજરે પડ્યા. જોવાની વાત એ છે કે તેઓ સ્વયં ભારતીય ઓલિમ્પિક મહાસંઘના પ્રમુખ છે. જો એક મહિલા પ્રમુખની પોતાની એકેડેમીની આ હાલત હોય તો ખેલાડીઓની તો વાત શું કરવી?

આ તો કેટલાંક ઉદાહરણો જોયા. પહેલા કરતાં પરિસ્થિતિમાં ઘણો ફરક પડ્યો છે. મીડિયાનું ધ્યાન મહિલા ખેલાડીઓ તરફ જાય છે, સરકાર તેમની સુવિધાઓ તરફ લક્ષ આપે છે.

તાજેતરનાં વર્ષોમાં, રમતગમતમાં લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવા માટે વધતા પ્રયાસો થઈ રહ્યા છે, પરંતુ તેમ છતાં, આર્થિક, સામાજિક-સાંસ્કૃતિક, પુરુષ વર્ચસ્વ, જાતીય દુર્વ્યવહાર અને સતામણી, કૌટુંબિક સમર્થનનો અભાવ, અને અન્ય ઘણા મુદ્દાઓ અને અવરોધો મહિલા રમતવીરો માટે અસ્તિત્વમાં છે. બે વખતની વર્લ્ડ ચેમ્પિયન નિખત ઝરીને તેનો અનુભવ શેર કર્યો કે કેવી રીતે તેના પિતાના શબ્દો તેના માટે સૌથી મોટી ચાલક શક્તિ છે. તે જ્યારે પૂછે છે કે, ''શું બોક્સિંગ માત્ર છોકરાઓ માટે જ છે?'', તો પિતાએ કહ્યું, ''ના'', પરંતુ તેઓ બોક્સ કરતા નથી કારણ કે લોકો એવી અપેક્ષા રાખે છે કે છોકરીઓ ઘરે રહીને ઘરકામ કરે.

આરટીઆઈ ડેટા અનુસાર, ૨૦૧૦ અને ૨૦૨૦ ની વચ્ચે, સ્પોર્ટ્સ ઑથોરિટી ઓફ ઇન્ડિયાને જાતીય સતામણીની ૪૫ ફરિયાદો આવી હતી, જેમાંથી ૨૯ કોચ વિરુદ્ધ હતી. આમાંની ઘણી ઘટનાઓમાં જે જાહેર કરવામાં આવી હતી, પ્રતિવાદીઓને હળવી સજાઓ મળી હતી જેમાં પગાર અથવા પેન્શનમાં દયનીય ઘટાડા માટે ફરીથી સોંપણીનો સમાવેશ થતો હતો.

ઘણા કેસો કોઈ દેખીતા નિરાકરણ વિના વર્ષોથી ચાલ્યા કર્યા છે, અને કેટલાકને ટનલના અંતે પ્રકાશ જોવાનો બાકી છે. ૨૦૧૧ માં, સરકારે ભારતમાં રમતગમત સંસ્થાઓની કામગીરીને નિયમન અને સુવ્યવસ્થિત કરવાના હેતુથી ''નેશનલ સ્પોર્ટ્સ ડેવલપમેન્ટ કોડ ૨૦૧૧'' રજૂ કર્યો. નીતિમાં લિંગ, જાતીય સતામણી અને રમતગમતમાં મહિલાઓ માટે પ્રતિનિધિત્વ પર ભાર મૂકવાની માત્ર એક જ લાઇન હતી, જેની કોઈ વાસ્તવિક અસર નથી અને રમત સંસ્થાઓમાં નોંધપાત્ર પડકારો, જેવાકે લિંગ-આધારિત ભેદભાવ, સતામણી અથવા દુરુપયોગના મુદ્દાઓને સ્પષ્ટપણે સંબોધવામાં નિષ્ફળ રહી છે. નૈતિક અને શાસનના મુદ્દાઓ જેવા કે ભ્રષ્ટાચાર અને, દેશમાં રમતગમતની ઇકોસિસ્ટમને નુકસાન પહોંચાડનારા ગેરકાયદેસર પ્રદર્શન વધારનારાઓના ઉપયોગને કારણે, મોદી સરકારે ''નેશનલ કોડ ઓફ ગુડ ગવર્નન્સ ઈન સ્પોર્ટ્સ ૨૦૧૭'' બહાર પાડી, પરંતુ નીતિ ક્યારેય અપનાવવામાં આવી નહોતી, કારણકે ઘણા નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશનોએ તેના અમલીકરણને રોકવાનો પ્રયાસ કર્યો હતો. ■

ડૉ. મનીષા પટેલ
feedback.ladki@bombaysamachar.com

ટૂંકી વાર્તા

# લેણદેણ




(ગતાંકથી ચાલુ)

તપાસી ડૉક્ટરે કહ્યું. ''પ્રાથમિક તપાસમાં કાંઈ સમજાતું નથી અત્યારે તો હું આ દવા આપું છું સારું લાગશે, પણ આ સાથે હું અમુક ટેસ્ટ કરાવવાનું જણાવું છું. કાલે ને કાલે કરાવી લેશો.''

''હા. ચોક્કસ ડૉક્ટર આપનો આભાર.''

ડૉક્ટર જતાંજ ઈશા રડવા લાગી. એને ડર લાગતો હતો. કાવ્યાએ એને શાંત કરી દવા આપી. અસ્પષ્ટ શબ્દોમાં ઈશા બોલતી હતી. ''મને... મને જીવવું છે કાવ્યા, મારા આદિ માટે... એને ભણાવવો છે.''

''અરે. તું તો એવી વાત કરે છે જાણે મૃત્યુ તને હમણાં ને હમણાં લઈ જશે, ગાંડા જેવી વાત નહીં કર... તને કાંઈ જ થવાનું નથી. સૂઈ જા...''

ઈશાને જાણે કાળે સંદેહ આપી દીધો હતો છતાં દવાની અસરમાં સૂઈ ગઈ.

એકલી પડતાં જ કાવ્યાને રાહુલ યાદ આવી ગયો. એણે મનમાં મીઠી ઝણઝણાટી અનુભવી. એને રાહુલ ગમતો. ક્યારેક એકલતામાં રાહુલ સાથેના સપના જોતી. છતાં પોતાની જવાબદારીથી એ જાગૃત હતી. આજે રાહુલે બતાવેલી આત્મીયતા એને ગમી. મીઠા ખયાલોમાં ક્યારે ઊંઘ આવી ખબર જ ન પડી.

સવારે ઊઠતાં જ રાહુલને ફોન કર્યો.

''ફરમાવો મેડમ હું આપની શું સેવા કરી શકું?''

સવારમાં રાહુલનો પૌરુષતા ભરેલો નાટકીય અદામાં અવાજ સાંભળી હસી પડી...

''સેવા નહીં મારી એક વિનંતી છે. હું આજે ઓફિસ નહીં આવી શકું... રાહુલને સર્વ હકીકત જણાવી.

''ઓકે. ટેક કેર. કાંઈ કામ હોય તો એની ટાઈમ ફોન કરજે, હું રાત્રે ફોન કરીશ, તારી કાળજી રાખજે...''

મનમાં શાંતિ થઈ કાવ્યાને. ઈશાને લઈ ડૉક્ટરે કહ્યા પ્રમાણે ટેસ્ટ કરાવી થોડું ખાઈને ઘરે આવ્યા. ઈશા તો દવા લઈને સૂઈ ગઈ. કાવ્યાને થયું અડધો દિવસ ઓફિસમાં ગઈ હોત તો... રાહુલ સાથે વાત થઈ હોત... પણ ઈશાને એકલી મૂકતા જીવ ન ચાલ્યો.

રાહુલના ખયાલ માત્રથી કાવ્યાનું તન મન જાણે ઝૂમી ઉઠતું. એ વિચારી રહી રાહુલ માટેની આ લાગણી ક્યાંક એના માટેનો પ્રેમ તો નથી. એની યાદ કેમ હરપળ આવે છે? યાદ સાથે જ મનમાં આવા મીઠાં સ્પંદનો શા માટે થાય છે? અચાનક વાગેલી મોબાઈની રીંગે એની વિચારધારા તૂટી. સ્ક્રીન પર રાહુલનું નામ વાંચતાં જ ખુશી અને આશ્ચર્ય થયું. વોટ એ ટેલીપથી? ફોન પર રાહુલનો નાટકીય અવાજ સંભળાયો.

''હેલો મેડમ!! જમ્યા કે નહીં, ઈશાની સેવામાં ભૂલી તો નથી ગયાને''

''ના, અત્યારેજ જમી, ઈશા સૂતી છે હું તારા જ વિચાર કરતી હતી.''

''વાહ! શું વાત છે? મેડમ અમને વિચારોમાં રાખે છે જાણી આનંદ થયો.''

ફોન પર હોવા છતાં કાવ્યા શરમાઈ ગઈ.

''ના, ના, એવું નથી આ તો... આમજ.''

''ઓકે. ઓકે... મારે સ્પષ્ટતા નથી જોઈતી... ઈશાને કેમ છે? હું સાંજે તમારી સાથે રિપોર્ટ લેવા આવીશ કેટલા વાગે નીકળશો?''

કાવ્યા મનથી રાહુલને મળવા ઈચ્છતી હતી એણે તરત જ સાંજે છ વાગે ત્યાં મળવાનું કહી દીધું.

કાવ્યા પહોંચીને રાહુલની રાહ જોતી હતી. રાહુલના આવતાંજ બન્ને ડૉક્ટર પાસે રિપોર્ટ માટે ગયા.

ગંભીર વદને ડૉક્ટરે બન્નેને બેસાડી રિપોર્ટ બતાવી નિદાન જણાવ્યું... ''તમે તાત્કાલિક એમને હૉસ્પિટલમાં એડમીટ કરો. આ રિપોર્ટ તો કેન્સર તરફ ઈશારો કરે છે. હાલ પૂરતું તમે પેશન્ટને જણાવશો નહીં પણ... ઉતાવળ કરવી જરૂરી છે. એમના કોઈ નજીકના સગાને બોલાવી લો.''

આઘાતથી કાવ્યા કાંઈ જ બોલી ન શકી. રાહુલે ડૉક્ટરનો આભાર માની કાવ્યાનો હાથ પકડી રિપોર્ટ લઈ બહાર લઈ આવ્યો.

''ચાલ સામે હોટલમાં બેસી કોફી પીએ, પછી હું તને ઘરે મૂકી જઈશ.''

કોઈ જવાબ આપ્યા વગર જ કાવ્યા રાહુલ સાથે દોરાઈ... કોફી અને બ્રેડ બટરનો ઓર્ડર આપી રાહુલે કાવ્યાને સમજાવવા પ્રયત્ન કર્યો. સ્વસ્થ થતાં કાવ્યાએ રાહુલને ઈશા વિશે બધી જ વાત કરી. કોફી પીતાં રાહુલ પણ વિચારમાં પડ્યો. છતાં કાવ્યાને હિંમત આપી.

''જે હશે એનો સામનો કરવો જ પડશે. અત્યારે ઈશાને તારી જરૂર છે એનું તારા સિવાય કોણ છે? તું જ આમ નિરાશ થઈ જશે તો ઈશાને કેવી રીતે સાચવશે?''

''કાલે સવારે તમે તૈયાર રહેજો. પુરોહિત હૉસ્પિટલમાં કેન્સરના નિષ્ણાતો આવે છે અને એક ડૉક્ટર મને ઓળખે છે. ત્યાં એડમીટ કરીએ... હિંમત રાખ અને તું એકલી નથી હું તારી સાથે જ છું.''

''ઓકે. થેન્કયુ રાહુલ...''

કાવ્યાને ઉતારી રાહુલ ઘરે ગયો.... ઈશા કાવ્યાની આતુરતાથી રાહ જોતી હતી.

શું થયું? રિપોર્ટમાં શું આવ્યું? કેમ મોડું થયું?

''ઓહો, શાંતિ રાખ... જો રિપોર્ટ તો નોર્મલ છે પણ તને વિકનેસ છે માટે ડૉક્ટરે એક બે દિવસ એડમીટ થવા કહ્યું છે. રાહુલની ઓળખાણ છે કાલે સવારે આપણે જઈશું. તારે વધારે ચિંતા કરવાની જરૂર નથી, અમે બન્ને તારી સાથે જ છીએ. ચાલ થોડું જમી લઈએ.''

કાવ્યા ઈશા સાથે વધુ ચર્ચા કરવા નહોતી માગતી... રિપોર્ટ એણે પોતાની પાસે જ રાખ્યા. જમી પરવારી જાણે કાંઈ થયું જ નથી એમ બેસીને ટી.વી. જોયા કર્યું.

સવારે છ વાગ્યામાં રાહુલ આવી ગયો. એની ઓળખાણ હોવાથી તરત જ એડમીટ કરી ટ્રીટમેન્ટ ચાલુ થઈ ગઈ. જુદા જુદા રિપોર્ટ તથા નિષ્ણાત ડૉક્ટરોની ટીમ આવી ગઈ. સાંજ સુધીમાં ચોક્કસ નિદાન થઈ ગયું... ઈશાને આંતરડાનું કેન્સર છે... ડૉક્ટરે સમજાવ્યું કેન્સર જન્ય ભાગ કાપીને ઈલાજ કરવો શક્ય નથી. માટે એ જીવે એટલી જિંદગી બાકી તો બધું જ ઈશ્વરના હાથમાં છે. શક્ય હોય તો એના સગાવહાલાને જણાવી દેજો...

રાહુલ સાથે કાવ્યાએ ચર્ચા કરી એના મત પ્રમાણે ઈશાથી કાંઈ જ ન છુપાવવું બધું જ સાચું જણાવી દેવું જેથી તે એના દીકરાને શાંતિથી મળી શકે.

રાત્રે ઈશા થોડી સ્વસ્થ જણાતાં કાવ્યાએ કોફી મંગાવી એની પાસે બેસી હળવેથી માથા પર હાથ ફેરવતા વાતની શરૂઆત કરી. કાવ્યા તથા રાહુલની દોડાદોડ તથા ચહેરાના ભાવ પરથી ઈશાને પોતાની બીમારીની ગંભીરતા ખબર જ હતી. માટે જ અત્યારે એ સ્વસ્થ હતી. ''મારું કાવ્યા તમારા સિવાય કોઈ જ નથી એક મારો આદિ...'' ગળગળા અવાજે ઈશાએ કહ્યું. ''મારા પતિના મૃત્યુ પછી સાસરિયામાંથી કોઈએ મને પોતાની નથી ગણી અને છેલ્લાં ત્રણ વર્ષથી ભાઈ-ભાભીએ મારી તપાસ સુધ્ધાં નથી કરી માટે આદિત્ય સિવાય હવે કોઈને જણાવવાનું નથી.''

રાહુલે આદિત્યની સ્કૂલમાં વિગતે વાત કરી એને બોલાવી લીધો. ઓફિસમાં કાવ્યાની રજા નવી નોકરી હોવા છતાં મંજૂર કરાવી લીધી. નિયમિત હૉસ્પિટલમાં આંટા મારી ઈશા અને ખાસ તો કાવ્યાની કાળજી રાખતો. આ દિવસો દરમિયાન બન્ને જણા એકબીજાના પૂરક હોય તેમ નજીક આવી ગયા. મનથી બન્નેએ એકબીજાને સ્વીકારી લીધાં. આદિત્ય પણ આવીને રાહુલ તથા કાવ્યા સાથે હળીમળી ગયો. નાનો છતાં સમજુ આદિ. મમ્મીની પરિસ્થિતિ વિશે જાણતો હતો. માટે એને ખુશ રાખવા પ્રયત્ન કરતો.

પંદર દિવસ થઈ ગયા... ઈશા આદિત્ય સાથે હસતી વાતો કરતી પણ એની ઊંડી ઊતરી ગયેલી આંખોમાં વિષાદ કાવ્યા સ્પષ્ટ જોઈ શકતી. એને આદિત્યની ચિંતા હતી. નવ વર્ષની વયે આ બાળક અનાથ થઈ જશે. હવે એનું શું થશે? આવા વિચારે એ કાવ્યા પાસે રડી પડતી. એ પણ રાહુલને કહેતી, ''ઈશાને આદિત્યની ચિંતા છે. મા-બાપ બન્નેનું છત્ર ગુમાવી દેનાર બાળકની મને પણ કાળજી છે પણ આપણે શું કરી શકીએ?''

રાહુલ સમજાવતો. ''જો કાવ્યા, ઈશ્વરે કાંઈક તો વિચાર્યું હશે... કાવ્યાનો હાથ પંપાળતા રાહુલ પ્રેમથી કહે, ''આપણને બધાને આ રીતે ભેગા કરવામાં પ્રભુની મરજી હશે, એમને આપણી આપણા કરતાં વધુ ચિંતા હોય છે. એ સોનું ભલું જ કરે છે. માર્ગ ભલેને વિકટ હોય પણ એને બીજે છેડે સુખ રહેલું છે એટલી આશા માનવીના મનમાં જાગે તોય એ રસ્તો એને સુગમ લાગવા માંડે છે... સમજાય છે ને?''

જાણે કોઈ મહાત્મા બોલતા હોય એમ રાહુલ બોલતો હતો. કાવ્યા તેને અહોભાવથી જોઈ રહી. જ્યારે રાહુલ કાવ્યાનો હાથ પસરાવતા ઊંડા વિચારમાં હતો. મૌનમાં બન્નેએ ઘણી વાતો કરી લીધી. રાહુલે જાણે કોઈ નિર્ણય લઈ લીધો હોય તેમ કાવ્યાને ઊભી કરતાં કહે.

''ચાલ, આપણને લગ્ન કરી લઈએ... અને આદિત્યને અપનાવીએ... આથી ઈશા શાંતિથી દેહ છોડે અને આદિત્ય અનાથ નહીં થાય એ આપણી સાથે હળીમળી ગયો છે, સમજુ છે આપણી બન્ને સાથે ખુશ રહેશે...''

આશ્ચર્યથી ડઘાઈ ગયેલી કાવ્યાએ રાહુલને ધીમેથી કહ્યું. ''આટલા મોટો નિર્ણય લેતા પહેલા એકવાર વિચારી લે. તારા ઘરમાં...''

મારું કોણ છે કે મારે વિચારવું પડે? હા, અનાથ છું. એટલે જ આદિત્યનો વિચાર આવે છે... મારે કોઈને પૂછવાનું નથી. તું તારી માને...

''મારી મા પણ મને નહીં રોકે, અમે પણ ત્રણે ભાઈ બહેન બાપ વગર મોટા થયા છે. અમે પણ પીડા સમજીએ છીએ... બસ. મારી ઈચ્છા મારા બન્ને ભાઈઓને ભણાવવાની છે...''

મેં કહ્યું ને, હું સમજું છું તારી ઈચ્છા, આજથી એ મારી જવાબદારી હવે આપણે બન્ને સાથે છીએ એકલા નથી...

કાવ્યા અને રાહુલ ખુશાખુશાલ ચહેરે ઈશા પાસે આવ્યા. ઈશા પણ હસી પડી... કાવ્યાએ બધી વાત કરી તો એ આનંદથી ઝૂમી ઊઠી. બન્નેને પ્રણામ કરી દુઆ આપી. પ્રભુને મનથી પ્રાર્થના કરી. એ રાત્રે જ ઈશાએ દેહ ત્યાગ કર્યો... મૃત ઈશાના ચહેરા પર સંતોષનું સ્મિત હતું.

ઈશાની જરૂરી ક્રિયાઓ પૂરી થતાં જ કાવ્યાએ ગામથી પોતાના ભાઈઓ તથા મમ્મીને બોલાવી. બધી જ બાબતની જાણ કરી. મમ્મી તો રાહુલ જેવો જમાઈ મેળવી આનંદિત થઈ ગઈ. જાણે બધી જ ચિંતા એક સાથે દૂર થઈ ગઈ.

સાદાઈ અને ખુશીઓ વચ્ચે તરત જ લગ્ન લેવાયા. કાવ્યા રાહુલની બાંહોમાં ઝૂમી ઊઠી. ''રાહુલ, કેવું ને? ક્યાં હું, તું ઈશા... આ પૃથ્વીના જુદા જુદા ખૂણેથી ભેગા થયા... જાણે જનમોજનમના ઋણી...''

''આનું જ નામ તો લેણદેણ છે... ઈશ્વરની ગોઠવાયેલી બાજી આપણને સમજાતી નથી પણ એને જ લેણદેણ કહેવાય...'' ■

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

ફેશન વર્લ્ડ

# પ્લાઝો? વાઈ નોટ!



પ્લાઝો એટલે લુઝ પેન્ટ્સ. જે માપ કમર પર હોય તેજ માપ નીચે બોટમ સુધી હોય તેને પ્લાઝો કહેવાય. પ્લાઝો મોટે ભાગે કોટન, સિલ્ક અને લિનન ફેબ્રિકમાં આવે છે. કોટન, સિલ્ક અને લિનનના પ્લાઝો અલગ અલગ લુક આપે છે. પ્લાઝો એ સમર માટે બેસ્ટ ઓપશન છે. પ્લાઝો એટલે કમ્ફર્ટ અને સ્ટાઇલ. પ્લાઝો કોટન, સિલ્ક અને લિનન ફેબ્રિકમાં હોય છે જેથી પ્લાઝોનો લુક ત્રણેય ફેબ્રિકમાં અલગ આવે છે. પ્લાઝોને તમે કેઝ્યુઅલી, ફોર્મલી અને પાર્ટી વેર તરીકે પહેરી શકો. પ્લાઝોની ખાસિયત એ છે કે, પ્લાઝો સાથે કઈ પણ મિક્સ એન્ડ મેચ કરી પેહરી શકાય.

કેઝ્યુઅલી - કેઝ્યુઅલ પ્લાઝો ખાસ કરીને કોટન, રેયોન અને હોઝિયરી ફેબ્રિકમાં આવે છે. લાંબી પાતળી યુવતીઓ પર પ્લાઝો ખૂબ સુંદર લાગે છે.કોલેજમાં જતી યુવતીઓ પ્લાઝો સાથે ક્રોપ ટોપ મીક્સ એન્ડ મેચ કરી પહેરી શકે. જો તમારું શરીર સુડોળ હોય તો પ્લાઝો સાથે હોલ્ટર ટોપ અથવા ઑફ શોલ્ડર ટોપ પણ પહેરી શકાય. કેર ફરી લુક ક્રિએટ કરવા માટે પ્લાઝો સાથે ઓવર સાઈઝનું ટી-શર્ટ પેહરી તેને ઈનટક કરી શકાય અને સ્લીવ્સને થોડી ફોલ્ડ કરી લેવી.જો તમારું શરીર થોડું ભરેલું હોય અને તમને પ્લાઝો પહેરવા હોય તો તમે હિપ લેન્થનું કોઈ ફેન્સી ટોપ પેહરી શકો અથવા હિપ લેન્થની શોર્ટ કુર્તી પહેરી શકો. કોઈ પણ કલરના પ્રિન્ટેડ પ્લાઝો સાથે પ્લેન ટી-શર્ટ મિક્સ એન્ડ મેચ કરી પહેરી શકાય. પ્રિન્ટેડ પ્લાઝો સાથે પ્લેન ટી-શર્ટ અને તેની સાથે ડેનિમનું જેકેટ પણ એક કેઝ્યુઅલ લુક આપી શકે.

પ્લાઝો સાથે શોર્ટ અથવા લોન્ગ શ્રગ પણ સારા લાગી શકે.ડીપેન્ડિંગ તમારી હાઈટ કેટલી છે, તે પ્રમાણે શ્રગની લેન્થ નક્કી કરવી.કેઝ્યુઅલી જયારે તમે પ્લાઝો સાથે ટી શર્ટ પહેર્યું હોય ત્યારે તેની સાથે સ્લીપર્સ સારા લાગશે. જો પ્લાઝો સાથે તમે લોન્ગ પ્રિન્ટેડ શ્રગ પહેર્યું હોય ત્યારે પગમાં કોલ્હાપુરી ચપ્પલ પહેરી શકાય. અને કેર ફ્રી લુક માટે તમે પ્લાઝો સાથે સ્પોર્ટ્સ શૂઝ પણ પહેરી શકો. પ્લાઝોમાં થોડા ફલેરી પ્લાઝો પણ આવે છે. જે પહેરવાથી સ્કર્ટ જેવા લાગે છે. જેમનું શરીર થોડું ભરેલું હોય તે સ્કર્ટ સ્ટાઇલ પ્લાઝો પહેરી શકે. થોડો બ્રોડ લુક આવે છે પરંતુ સ્કર્ટ સ્ટાઇલ પ્લાઝો સાથે કોઈ પણ શોર્ટ ઇન્ડિયન સ્ટાઇલ ટોપ મિક્સ એન્ડ મેચ કરી શકાય. તમારા બોડી ટાઈપ પ્રમાણ ટોપની લેન્થની પસંદગી કરવી.

ફોર્મલ - ફોર્મલી પ્લાઝો પહેરવા માટે લીનનના પ્લાઝો પહેરી શકાય. લિનનના પ્લાઝો સાથે હાઈ નેકવાળું ટોપ અથવા શર્ટ પહેરી એક ફોર્મલ લુક આપી શકાય.જો તમને પ્લેન પ્લાઝો ન પહેરવા હોય તો,સ્ટ્રાઈપ વાળા પ્લાઝો ખૂબ સુંદર લાગશે. થીન સ્ટ્રાઈપ વાળા પ્લાઝો કે બોલ્ડ સ્ટ્રાઈપ વાળા પ્લાઝો તે તમારા બોડી ટાઈપ પ્રમાણે નક્કી કરી પહેરી શકાય. જયારે પ્લાઝો તમે ફોર્મલી પહેરો ત્યારે ખાસ ધ્યાન રાખવું કે તમે બેલ્ટ પહેરો. બેલ્ટ પહેરવાથી તમારા લુકને એક કમ્પ્લીટ લુક મળશે. જો પ્લાઝો અને ટોપ સેમ કલરનું હોય તો તમે કોન્ટ્રાસ્ટ કલરનો બેલ્ટ પહેરી શકો. જો તમે કોન્ટ્રાસ્ટ કલરનો બેલ્ટ પહેરો છો તો તેની સાથે તમારી હિલ્સ પણ કોન્ટ્રાસ્ટ કલરની હોવી જોઈએ અને સાથે તમારી હેન્ડ બેગ પણ મેચ થવી જોઈએ. અને જયારે પ્લાઝો ફોર્મલી પહેરવામાં આવે ત્યારે ખાસ કરીને હિલ્સ પહેરવી. હિલ્સ પહેરવાથી એક એલિગન્સી આવે છે અને તમારી હાઈટ પણ થોડી વધારે લાગે જેથી કરી પ્લાઝોનો લુક સારો આવે. જો તમે સિનિયર લેવલ પર હોવ તો તમે સિલ્ક પ્લાઝો સાથે બ્લેઝર પહેરી એક એક્ઝેક્યુટીવ લુક આપી શકો. ઇન્ડિયન વેરમાં પ્લાઝો સાથે હાઈ નેક અથવા કલોઝ નેકનો કુર્તો એક ફોર્મલ લુક આપશે. જો તમે લાંબા પાતળા હોવ તો પ્લાઝો સાથે એ-લાઈનનો અથવા કલીદાર કુર્તો સારો લાગી શકે.

પાર્ટી વેર - પાર્ટી વેર તરીકે શિમર પ્લાઝો બેસ્ટ ઓપશન રહેશે.પાર્ટીમાં શિમર પ્લાઝો પહેરવા હોય તો સોલિડ કલર્સ સિલેક્ટ કરવા જેમકે, બ્લેક, ડાર્ક બ્લુ, ઓલિવ ગ્રીન, મરુન વગેરે. શિમર પ્લાઝો સાથે ફલોઈ ફેબ્રિકમાં ટોપ્સ પહેરવા. જેમકે જે ટોપ્સમાં ૨ કે ૩ લેયરમાં ફ્રિલ હોય, ઑફ શોલ્ડર ટોપ્સ, કે પછી સ્લીવ્સમાં વેરિએશન હોય અથવા તો પેપ્લમ ટોપ્સ કે પછી ટ્રેલ ટોપ્સ. આ બધાજ ટોપ્સ તમારી બોડી ટાઈપ પ્રમાણે સિલેક્ટ કરવા. જો તમારું શરીર સુડોળ હોય તો જ આવા ટોપ્સ પહેરવા. પાર્ટીમાં પ્લાઝો ખૂબ જ સ્માર્ટ લુક આપે છે અને આ લુક કેરી કરવા માટે એક ચોક્કસ પર્સનાલિટીની જરૂર હોય છે. જો તમે તમારા આઉટફિટને લઈને ખૂબ જ સ્યોર હોવ તો જ આ લુક અપનાવજો. પ્લાઝો આખું શરીર ઢાંકી દે છે અને તો પણ ખૂબ અટ્રેક્ટિવ લાગે છે. ■

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

લાફ્ટર આફ્ટર

# બૂરા ન માનો, હોલી હૈ



''આમ હાથ પર હાથ ધરી બેસી રહેશો તો હોળી કોણ સળગાવશે?''

''તે તું છે ને? હોળી સળગાવવામાં માહેર!''

''એટલે? તમે કહેવા શું માંગો છો?''

''કાંઈ નહીં. એ તો અમસ્તું જ. જરા હોળી હોળી રમવાનું મન થયું.''

''હોળી રમવાનું મન થયું છે, તો રંગોથી રમો. આમ શબ્દોની વક્ર હોળી રમવામાં કંઈ મહાનતા પ્રાપ્ત નથી થવાની. એના કરતાં મહોલ્લામાં જઈ પૈસા ઉઘરાવો ને લાકડાં લાવો. બરાબર?''

''લાકડાં હું લાવું અને પછી આગ ચાંપવા માટે તો તું છે જ. ખરું ને?''

''આમ મોઢાના વાઘ થઈને પટર પટર કરો છો, એના કરતાં થોડી કલ્યાણકારી પ્રવૃત્તિ કરો તો સારું. રિટાયર્ડ થયા બાદ ચોવીસ કલાક ઘરમાં બેસીને શબ્દોની હોળી રમવાનું બંધ કરો.''

''કેમ? કેમ? એમાં કાંઈ ટેક્સ લાગે છે? એમાં કાંઈ રોકાણ થાય છે? શબ્દોની હોળીમાં કેટલો નિજાનંદ પ્રાપ્ત થાય, તે તો જે ખેલે તે જ જાણે! સમજી?''

''હા...હા એક ઘા ને બે કટકા કરતી શબ્દોની હોળી તમને કોણ વારસામાં આપી ગયેલું? એનાથી પીછો છોડાવવો મુશ્કેલ છે. એના કરતાં હું જ ક્વિટ કરું છું. હું જ મેદાન છોડી હાર સ્વીકારું છું અને હું મારા કામે લાગું છું. તમને તો બે હાથ ને ત્રીજું માથું!''

''બે હાથ તો સમજાય, પણ માથા જેવું છે કે પછી...'' મેં સાંભળ્યું ન સાંભળ્યું કરીને પીઠ ફેરવી.

''આમ છણકો કરીને પીછેહઠ કરવી એને પલાયનવાદ કહેવાય છે. આ પલાયનવાદ તને કોણે વારસામાં આપેલો? તારી બાએ?''

''આમાં મારી બાને વચ્ચે લાવવાની જરૂર નથી. સમજ્યા?''

''કેમ? તું મારી બાને વચ્ચે લાવે ત્યારે કંઈ નહીં? ને આમ સળગતી હોળીમાં ઘી હોમ્યાં વગર પીછેહઠ કરે, તો તો તારું નાક કપાય! એટલે શબ્દોનું રણ છોડીને તું ક્યાંય પણ ભાગી ન શકે. સમજી?''

''આ વર્ષે હોળીમાં ઘી નહીં, પણ ઢગલેબંધ કપૂર નાખવાનું સરકારી ફરમાન છે. સ્વાઇનફ્લૂના જંતુ એનાથી મરી જશે. હમજ્યાં ને હેઠાણી?'' એમ બોલતી બોલતી કામવાળી હવનમાં હાડકાં નાખવા પ્રવેશી.

એ અમારી ન્યાતની નહોતી, પણ અમારી સાથે રહી રહીને અમારી ન્યાત સુધી તો પહોંચી ગયેલી. એટલે એનો પ્રવેશ થાય કે હોળી વગર આગ ચાંપ્યે સળગી જ સમજો! અને એણે સળગાવેલી હોળીને હોલવવાં એક પણ બંબા હજી સુધી કારગત નીવડ્યાં નથી.

એણે આવતાંવેંત જ દુખતી નસ પકડી. થોડીવાર વાસણને અડધાં પડધાં ધોયાં, ન ધોયાં, ને પછી તો પછાડવા જ શરૂ કર્યાં. ''તે હેં! હોળી ધુળેટીની આખા ગામને રજા પડે, ને ઉંમર થાય એટલે નોકરીમાંથી રિટાયર્ડ! ઉપરથી સરકાર ઘર બેઠા પેન્શન હો આપે. પણ એક આ કામવાળીઓને રજા ના મળે. રજા મૂકે કે હેઠાણી પૈસા કાપવાની વાત કરે.''

એને એકસો એક ટકાની ખાતરી હતી કે હું કંઈક બોલીશ અથવા તો હેઠ પીગળી જઈને કંઈક કહેશે ને હેઠાણીને ખીજવાશે કે હોળીના હપરમા દહાડે તો બિચારીને રજા આપવી જોઈએ. એક દા'ડો જાતે કામ કરી લે, તો આવડા મોટા દરિયા (જેવા શરીરમાંથી) માંથી એક-બે કિલો ઓછું થાય અને જીમ જવાના ખર્ચા બચે તે નફામાં. પણ મેં મારું મૌન જાળવી રાખ્યું.

આવાં અપમાનજનક મૌનની તો એને આશા જ નહોતી. ને પાછું હોળીને દહાડે જ હોળી ના સળગે તે કાંઈ ચાલે ખરું? કામવાળીએ હવે વિચાર્યું કે આજે હેઠાણી ઉશ્કેરાય એમ નથી, તો હોળીમાં ઘીની જગ્યાએ કપૂર નાખી જોઉં. એકવારો જ ભડકો થાય અને પછી હું નિરાંતે તાપ્યાં કરીશ.

''તે આખા મહોલ્લાના પુરુષો લાકડા ઉઘરાવવા ગયા છે. કેટલાક જમણવારની તૈયારીમાં છે, તો કેટલાક હજી પૈસા ઉઘરાવે છે. આપણા હેઠ કંઈ કામકાજમાં....''

પછી એણે વાક્ય અધૂરું છોડી દીધું. મેં મૌન ચાલુ રાખ્યું. એણે વાસણ અને કપડાંનું ધબાધબ પાંચ-દસ મિનિટમાં પતાવી દીધું. હું નજર સામે વાસણના ગોબા અને કપડાંનાં ડાઘ જોતી જોતી, મહાપરાણે મૌન જાળવી વિચારતી રહી. જેમ શરીરનો એક દિવસ નાશ થવાનો જ છે, તેમ વાસણ પણ કંઈ અમરપટ્ટો લખાવીને તો આવ્યાં જ નથી ને. ને આ ડાઘાવાળાં વસ્ત્રો! જેમ જીવન ડાઘરહિત સંભવી ના શકે... હે પામર જીવ! તારે એમ માની લેવું કે જેમ જીવન નાશવંત છે, તેમ વાસણો પણ નાશવંત છે અને વસ્ત્ર ઉપર રહી ગયેલા ડાઘ એ ધુળેટીના ડાઘ છે. હકારાત્મકતા તેમજ ગણ્યું ભૂલ્યું કરવાથી અથવા તો ચિત્તને બીજે પરોવવાથી આત્મા ઓછો દુઃખી થાય. અને ત્યાં જ ધમ્મ દઈને અવાજ આવ્યો અને હું સહસા સાધ્વી પ્રજ્ઞામાંથી સાધ્વીને બાદ કરી ભોંય પર પટકાઈ. નજર સામે જે દ્રશ્ય હતું અને કર્ણપટલ ઉપર જે ધમ્મ સ્વરનો પ્રહાર થયો હતો, તે આ હતો. ટિપાઈ ઉપર હજી ગઈકાલે જ ૨૭૦૦ રૂપિયાનો નવો નક્કોર જર્મનીનો ઍન્ટીક પીસ ગોઠવ્યો હતો. તે કામવાળીનાં ઝાપટઝૂપટના એક જ ઝાટકે નાનાં નાનાં, ઝીણાં ઝીણાં ઍન્ટીક પીસિસ થઈ નીચે વિખેરાઈને પડ્યો હતો અને એ સાથે જ મારાથી જોરથી બોલાઈ ગયું, ''તને ભાન છે ખરું, તે કેટલું મોટું નુકસાન કર્યું તે? હજી ગઈકાલે જ તારા શેઠ ૨૭૦૦ રૂપિયાનો ઍન્ટીક પીસ લઈ આવેલા. હવે તું જ જવાબ આપજે.''

અને ત્યાં જ ઉગ્ર અવાજના પ્રતાપે મારી કામવાળીના હેઠ દોડતાં દોડતાં ઘટના સ્થળ ઉપર પહોંચ્યા. મને તો એમ જ કે હમણાં હોલિકા દહનવાળો એપિસોડ શરૂ! આજે એક નહીં, પણ બે-બે હોલિકા દહન પાક્કું જ સમજો. પણ પતિદેવ હજી ગુસ્સાને બહાર કાઢે કાઢે, ત્યાં તો મારી કામવાળી બોલી - ''હેઠ, તમે તે દા'ડે કેતા'તા ને કે રિટાયર્ડ થયા પછી મેરેજ બ્યૂરો ખોલવો છે. ટાઇમપાસનો ટાઇમપાસ, ને કમાણીની કમાણી. તે મેં એક ઘરાક પંદર હજારમાં તૈયાર કરેલ છે. બાજુના મહોલ્લામાં મંજરી નામની બાઈ છે. રૂપરૂપની અંબાર! બોલી તો એની જાણે કોયલની જેમ ટહુકે ને સુવાસ તો એની નામ પ્રમાણે જ! નામ છે એનું મંજરી. ઉંમર છે ખાલી પચાસ. પણ લાગે છે હજી બાવીસ-પચ્ચીસની જ. તે કાલે જ વાહણ-કપડાં કરવાં ગઈ, ત્યારે મેં કીધું, 'મંજરી મેડમ, તમે તો પચ્ચીસનાં હો નથી લાગતાં. હજી મોડું નથી થયું. લગન કરી લ્યો. આમ એકલાં એકલાં જિંદગી ના જાય. મોટી ઉંમરે માંદા-હાજા થીયે ને, ત્યારે જ લાકડીની જરૂર પડે. તમારે લાયક મુરતિયો હોધાવવો હોય તો મારા એક હેઠ મેરેજ બ્યૂરો શરૂ કરે છે. ઉદઘાટન તમારાથી કરાવી દઉં. તમારે લાયક ટેકણલાકડી મળી જાય તો પૂરા પૈહા દેવાના. પણ પહેલાં રજિસ્ટર્ડ કરવાનાં, ફોરમ ભરવાનાં ૫૦૦૦ આપવા પડે, બસ.' તે મંજરી મેડમ તો બારે હાથે મહોરી ઊઠ્યાં છે. મેં કીધું તું, હું બપોરે બે વાગ્યે કામ કરવા જાઉં, ત્યારે તમે ઘર નં. ૪૨૦ માં આવજો. હું મેરેજ બ્યૂરોના હેઠને મેળાવી આપા. પછી તમે નિરાંતે ઊંઘી જજો. મારા હેઠ તમને ઠેકાણે પાડ્યાં વિના ના રહે. મારા હેઠ હો આમ છપ્પનના છે, પણ હજી પચ્ચીસના જ લાગે છે.'' (મેં વિચાર્યું કે સાલું આટલી બારીકાઈથી તો મેં પણ જોયું નથી!)

હેઠે તો તરત જ પચ્ચીસ શબ્દ પડ્યો નથી, કે બચીકૂચી માથાની લટ ઉપર પ્રેમથી હાથ ફેરવ્યો ને એ સાથે જ મને થયું કે હું જ્યારે જીમમાં જાઉં છું, ત્યારે ઘરમાં નવા જ પ્રકારની હોળી તો ના હળગતી

(જુઓ પાનું ૬) ▶▶



# પુરુષ

## કેવી અનેરી છે જોગ-સંજોગની આ દુનિયા

**આપણી આસપાસ બનતી કેટલીક ઘટના તો એવી ભેદ-ભરમ ભરેલી હોય છે કે એને ન ઉકેલીને પણ આપણે એનો રોમાંચ -ઉત્તેજના માણવી જોઈએ!**

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

વિચક્ષણ તંત્રી અને સાથોસાથ અતિ લોકપ્રિય નવલકથાકાર હરકિસન મહેતાનો 'મોસ્ટ ફેવરિટ' એટલે કે બહુ માનીતો શબ્દ હતો : 'જોગાનુજોગ' ક્યારેક એમની નવલકથામાં અણધાર્યો વળાંક લાવવો હોય તો હરકિસનભાઈ આ શબ્દનો બહુ સિફતથી ઉપયોગ કરતાં. અરે, એમની એક નવલકથાનું શીર્ષક સુધ્ધાં હતું :

જોગ-સંજોગ!

એક વાર મેં એમને પૂછેલું પણ ખરું :

'આ 'જોગાનુજોગ' શબ્દ તમે ખાસ્સો કેમ વાપરો છો? જવાબમાં એ કહે : 'એ શબ્દ મારા માટે એ સચોટ શસ્ત્ર બની ગયો છે. ખાસ કરીને કથામાં વળાંક લાવવો હોય ત્યારે એને ખૂબીપૂર્વક સભાનતા સાથે વાપરું પછી જ મને લેખક તરીકે ધાર્યું નિશાન પાડ્યાનો સંતોષ મળે છે..!'

આ તો એક નિપુણ કથાકારે એના પુરવાર થયેલા કસબની વાત કરી, પણ 'જોગાનુજોગ'ની સમીપ આવે એક અંગ્રેજી શબ્દ છે : 'કોઈન્સિડન્સ' અર્થાત અકસ્માતે એક સાથે થવું તે આમ આપણા જીવનમાં આવાં તત્ત્વ જાણતા-અજાણતા અણધાર્યું કામ કરી જતાં હોય છે. ક્યારેક કોઈ ઘટના શું કામ થઈ કે થાય છે એની પાછળ કોઈ તર્ક કે કોઈ શાસ્ત્ર હોતું નથી. એના ભેદ-ભરમ પણ જલ્દી ઉકેલાતા નથી ત્યારે આપણે એને 'નિયતિ' નામ આપીને સંતોષ માની લઈએ છીએ.

પહેલે તકરાર બાદ મેં પ્યારના ઘણા કિસ્સા આપણે ફિલ્મોમાં જોઈએ ત્યારે આપણે મોં મચકોડીને કહીએ પણ ખરા: 'આવું બધું ફિલ્મોમાં જ જોવાં મળે સાચુકલું આવું થોડું થાય?'

-પણ નિયતિ નિરાળી છે. ફિલ્મમાંય અશક્ય લાગે એવી ઘટના - કિસ્સા સાચુકલા જોવાં-સાંભળવા મળે ત્યાર કહેવું પડે : 'અરે, આવું તો ફિલ્મમાંય નથી થતું..!'

આ એક ઘટના જાણવા જેવી છે ...

આમ તો આ વાતની શરૂઆત સાતેક વર્ષ પહેલાં થયેલી. થયું એવું કે કેરળના પાટનગર તિરુવનંતપુરમની એક સાંજે અચાનક વરસાદ તૂટી પડ્યો. એ આહલાદક વરસાદી સાંજમાં એક યુવતી મોજથી ભીંજાતી જઈ રહી હતી. એને હતું આ માવઠું પસાર થઈ જશે, પણ વરસાદ વધ્યો. હવે શું કરવું? એવું એ વિચારતી ત્યાં છત્રીવાળો એક હાથ લંબાયો ને ઈશારાથી સમજાવ્યું : 'ભીંજાવ નહીં છત્રીમાં આવી જાવ'

દલીલ કરવાનો સવાલ ન હતો. ભીંજાતી યુવતી પોતાની છત્રીમાં સમાવી લેનાર યુવકને એ ઉપરછલ્લી ઓળખતી હતી. બન્ને થોડે સુધી સાથે ચાલ્યાં. બે-ચાર શબ્દોની આપ -લે થઈ અને પછી નિયત સ્થળે યુવતી 'થેંક્યુ' કહીને છૂટી પડી.



અજાણ્યા યુવાન-યુવતીની વરસાદી આ તસ્વીર એમની પ્રેમકથા તથા લગ્ન માટે નિમિત્ત બની ગઈ...!

જો કે, 'રાત ગઈ-બાત ગઈ જેવી પેલા યુવક સાથે ભીંજાવાની એ ઘટના નહોતી. બીજે દિવસે સિવિલ સર્વિસની પરીક્ષાનાં પરિણામ જાહેર થયાં. આ યુવતી એટલે કે ચાંદની ચન્દ્રન ખુદ પરીક્ષામાં બેઠી હતી, પણ એ વખતે એનો નંબર ન લાગ્યો, પણ એના આશ્ચર્ય વચ્ચે આગલી સાંજે પોતે જે યુવક સાથે એક છત્રીમાં સાથે ભીંજાતી જઈ રહી હતી એ તસવીર ત્યાંના એક જાણીતા અંગ્રેજી અખબારમાં પ્રગટ થઈ હતી!



અબ્રાહમ લિંકન



જોન એફ. કેનેડી

ચાંદની ચમકી. એના ઘરવાળાં ચમક્યાં. સ્વજનો- મિત્રો સહિત બધા એને પૂછવા લાગ્યાઃ 'પેલો કોણ છે?!' બીજી તરફ, પેલો છત્રીવાળા યુવક એટલે કે અતુલ સુદર્શનના ઘરવાળા તથા મિત્રો પણ પૂછવા લાગ્યાં : 'તારી સાથે છત્રીમાં આ ભીગી ભીગી છોરી કોણ છે?!' હકીકતમાં ચાંદની- અરુણ એકબીજાને ખાસ ઓળખતા પણ નહોતા.બન્નેના ઘરમાં બબાલ મચી થઈ હતીઃ યે ક્યા હો રહા હૈ?' આખરે કંટાળીને પ્રથમ અતુલ અને પછી ચાંદનીએ જે અખબારમાં એમની તસવીર પ્રગટ થઈ હતી એના ફોટોગ્રાફરને ફોન પર ખખડાવ્યો : 'અમારી પરવાનગી ફોટો પાડ્યો કેમ -છાપ્યો કેમ ?' અતુલ-ચાંદનીને એકસરખો જવાબ મળ્યો : વરસાદનું દ્રશ્ય હતું..તમે જાહેર રોડ પર હતાં એટલે કેમેરા ફ્રેમમાં આવી ગયાં. આવાં દ્રશ્ય માટે પરવાનગીની જરૂર હોતી નથી બાય ધ વે, તસવીર અચ્છી આવી છે અમારા વાચકોએ એને બહુ વખાણી છે.

આમ તો અહીં આ ઘટના પર પૂર્ણવિરામ આવી જવું જોઈતું હતું,પણ એવું થયું નહીં. એક ફ્રેમમાં ચાંદની- અતુલ ખરેખર ફાંકડી રીતે ઝડપાયાં હતાં. બન્ને વચ્ચે આછી-પાતળી ઓળખ તો હતી. એમાં પેલી વરસાદી તસવીર નિમિત્ત બની એટલે બન્નેની ફરી મુલાકાત થઈ-પરિચય થયો - મૈત્રી વધી,જે પ્રેમમાં પલટાઈ અને.. યેસ, અને પછી અતુલ - ચાંદની રંગે-ચંગે પરણી પણ ગયાં!

આમ એક વરસાદી તસવીર પ્રેમકથા અને લગ્ન માટે નિમિત્ત બનીને આ વાતને જોગાનુજોગ વળાંક આપ્યો તેમ જોગ-સંજોગનો આ બીજો કિસ્સો પણ જાણવા જેવો છે.

વાત ક્રિકેટના મેદાનની છે.કરામતી કુદરત પણ નિપુણ સ્પિનરની જેમ ગુગલી નાખી શકે છે.

આઠેક વર્ષ પહેલાં ચેન્નય ટેસ્ટમાં ભારતીય ક્રિકેટ ટીમે ઈંગ્લેન્ડ સામે ૭ વિકેટે ૭૫૯ રન ફટકાર્યા, જે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આજે સૌથી વધુ સ્કોર છે. એ ટેસ્ટ ઈંગ્લેન્ડ બૂરી તરહ હાર્યું. એ યાદગાર દિવસ હતો ૧૯ ડિસેમ્બર - ૨૦૧૬. કેપ્ટન હતો વિરાટ કોહલી એ પછી બરાબર ચાર વર્ષ બાદ, ૨૦૨૦માં ઑસ્ટ્રેલિયા સામે એડિલેડ ટેસ્ટમાં ભારતીય ટીમ માત્ર ૩૬ રનમાં ખખડી ગઈ,જે અત્યાર સુધીમાં આપણો કંગાળ અને સૌથી ઓછો ટેસ્ટ સ્કોર છે..કેપ્ટન હતો વિરાટ કોહલી ને એ બુંદયાળ દિવસ હતો ૧૯ ડિસેમ્બર ..!

બોલો, આ પણ છેને કેવો યોગાનુયોગ!

બીજી બાજુ, આમ તો આપણી હિન્દી ફિલ્મોની વાર્તા જાતભાતના જોગ-સંજોગ ખડા કરવા માટે માહેર છે.એની ચર્ચા અહીં અ-સ્થાને છે, પણ આ ઉદ્યોગ સાથે સંકળાયેલી કેટલીક નામી વ્યક્તિ ખુદ જાણે-અજાણે એવું કંઈક કરે છે, જેની પાછળ કોઈ તર્ક હોતો નથી. જરા ઝડપથી જાણી લઈએ કેટલાંક ઉદાહરણ જેમકે રાજકુમાર રાવે 'શાહિદ' નામની ફિલ્મમાં કામ કર્યું હતું તો શાહિદ કપૂરે એક ફિલ્મમાં મુખ્ય રોલ ભજવ્યો એ ફિલ્મનું નામ હતું 'આર.રાજકુમાર' કરણ જોહરની 'ધર્મા પ્રોડકશન' દ્વારા બે ફિલ્મનું બબ્બે વાર નિર્માણ થયું એ જ નામે..પ્રથમ વારના અગ્નિપથમાં અમિતાભ હતા. બીજી વારમાં રીતિક રોશન.એ જ રીતે, પહેલી વાર 'દોસ્તાના' બની એમાં અમિતાભ- શત્રુઘ્ન હતા. બીજી વારમાં અભિષેક - જહોન અબ્રાહમ શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રા અને શિલ્પાના ભૂતપૂર્વ પ્રેમી અક્ષયકુમાર વચ્ચે એક સામ્ય છે. એ બન્નેની જન્મતારીખ ૯ સપ્ટેમ્બર છે વિનોદ ખન્ના અને ફિરોઝખાન ખાસ મિત્રો. બન્નેની દયાવાન ફિલ્મ સુપરહીટ. ફિરોઝખાનનું બેગ્લુરુમાં અવસાન થયું ૨૦૦૯ની સાલમાં,જ્યારે વિનોદ ખન્નાએ મુંબઈમાં છેલ્લાં શ્વાસ લીધાં ૨૦૧૭માં. આ બન્ને ખાસ મિત્રોની અવસાન તારીખ એક જ હતી - ૨૭ એપ્રિલ.

(જુઓ પાનું ૬) ▸▸

# ફીટ રહેવું એ આજના સમયની લક્ઝરી છે





મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback.ladki@bombaysamachar.com

વ્લાદિમીર પુતિન છઠ્ઠી વખત રશિયાના પ્રમુખ બન્યા એ આ અઠવાડિયાના સમાચાર છે. જો કે એનાથી રસપ્રદ સમાચાર એ છે કે પુતિન એકોતેર વર્ષના થઈ ગયા છે, છતાં હજુ જાણે એમની ચાળીસીમાં કે જીવનના પચાસમાં દાયકામાં હોય એવા એ યુવાન લાગે છે. એ કંઈ નાનીસૂની વાત નથી, કારણ કે આલ્કોહોલ, તમાકુ કે ખરાબ લાઈફ સ્ટાઈલને પગલે એજિંગ એ આજના સમયની મહત્ત્વની સમસ્યા બની ગયું છે. એજિંગને વળી માત્ર બાહ્ય દેખાવ સાથે જ નિસ્બત નથી. એજિંગ માનસિક સ્થિતિ તેમજ શારીરિક ક્ષમતા સાથે પણ સંબંધ ધરાવે છે. આજે ચાળીસીમાં પ્રવેશેલા આધેડો નીચા નમવાના, દોડવાના કે મહેનતનાં કામ સહજતાથી નથી કરી શકતા. સહેજ મહેનતનું કામ આવે ત્યાં આહકારો બોલાવતા થઈ જાય છે. કે સહેજ વધુ ચાલવું પડે કે સ્ટ્રેસ પડે ત્યાં કમ્મર પર બામ ચોપડતા થઈ જાય છે.

આજના માણસની આ સ્થિતિ ઉપરથી દેખાય એટલી સરળ નથી. સમય કરતાં વહેલાં રોજિંદી ક્ષમતાઓ ગુમાવવી એ ચિંતાજનક છે એટલે ક્ષમતા ન ગુમાવીએ કે પોતાના જીવનના સાઠમાં કે સીત્તેરમાં દાયકામાં પણ આપણે અત્યંત ફીટ રહીએ એ માટે અમુક એફર્ટ્સ-પ્રયાસ કરવા અત્યંત જરૂરી છે. આખરે વ્લાદિમીર પુતિન હોય કે પછી નરેન્દ્ર મોદી હોય કે પછી બોલીવુડમાં અનિલ કપૂર હોય આ લોકો આપણને યુવાન એ ઊર્જાવાન લાગે છે અને પાછળ એમના અથાક પ્રયત્નો જવાબદાર છે. એ કંઈ અમસ્તા જ, માત્ર ઈશ્વરની કૃપાથી યુવાન નથી દેખાતા!

પુતિન કે મોદી કે અનિલ કપૂર વચ્ચે સૌથી પહેલી સામ્યતા એ છે કે એ બધા કસરત બાબતે આળસુ નથી. મોદી યોગના ચાહક છે અને રોજ યોગ કરે છે એ તો હવે જાણીતી વાત થઈ. પુતિન પણ નિયમિત જીમ કરે છે અને અઠવાડિયામાં ત્રણ દિવસ સ્વિમિંગ કરે છે. મળતા અહેવાલો એવું પણ કહે છે કે પુતિનને વહેલી સવારે ચાલવા જવાનો શોખ છે ને એ નિયમિત ચાલવા જાય છે. અનિલ કપૂર પણ હવે તો ૬૮ના થવાના, પરંતુ આ ઉંમરે પણ દિવસના બે કલાક જેટલો સમય એ જીમમાં પસાર કરે છે.

અનિલ કપૂર તો એમ પણ કહે છે કે પોતાની ઊંઘ સાથે એ ક્યારેય બાંધછોડ કરતા નથી. દિવસની સાત કલાક નિયમિત ઊંઘ લેવાની એટલે લેવાની જ....આ વાત સાથે ભૂતપૂર્વ પાકિસ્તાની તેજ દોલંદાજ વાસિમ અક્રમ પણ સહમત છે.. વાસિમ અક્રમ પણ હવે ૫૮ વર્ષના થયા, પરંતુ એમના ચહેરા પર ત્રીસ વર્ષના યુવાનો કરતાં વધુ તેજ છે. એ કહે છે કે રાત્રે વહેલા પથારીમાં પડવું એ અત્યંત અઘરી બાબત છે, પરંતુ હું કોઈ પણ સંજોગમાં એ નિયમ પાળું છું.

આ વાત ઘણી મહત્ત્વની છે. આજનો માણસ નિયમિત તેમજ પૂરતી ઊંઘ લેતો નથી. તે પથારીમાં પડે પછીય બે-ત્રણ કલાકો સુધી મોબાઈલ સર્ફ કરે છે. રાત્રે પણ મોબાઈલ પથારીની બાજુમાં રાખે છે. સવારે ઊઠીને તરત જ ત મોબાઈલ હાથમાં લે છે!

આવી સ્થિતિથી શું મન પર નકારાત્મક અસરો ન થાય? એ જે રીતે ઓછી અને અનિયમિત ઊંઘની સીધી અસર આપણાં કાર્ય કે આપણી એકાગ્રતા પર નથી કરતી? કરે જ છે, પરંતુ આપણે એ દિશામાં વિચારતા નથી. આપણે આપણી જાતનો વિચાર કર્યા વિના મોડી રાત સુધી નકામી રિલ્સને સ્ક્રોલ કરતા રહીએ છીએ ને પછી બીજા દિવસે ભારે સૂઝેલા પોપચા સાથે આપણો દિવસ શરૂ કરીએ છીએ! બીજી તરફ, મોદીજી - અનિલ કપૂર કે પુતિન કે પછી વાસિમ અક્રમની આંખોના પોપચા આપણને ક્યારેય સૂઝેલા નહીં લાગે!

આવું જ ખોરાક અને વ્યસનનું છે. અહીં જે ચાર નામ ગણાવ્યા એ ચારેય નામ પોતાના ખોરાક સાથે પણ બાંધછોડ નથી કરતા એટલે કે ક્યારેય નકામું, જંક કહેવાય એવું આરોગતા નથી. એ ઓછો તળેલો, ઓછા કે નહીંવત મસાલાવાળો તેમજ તાજો ખોરાક જ લે છે. મન થયું તો બર્ગર ખાવાનું કે રસ્તા પર ઊભા રહી ભજિયાંની મિજલસ માણવાનું એ બધું હંમેશાં ટાળે છે. ભજિયાં તો ઠીક, જગતની શ્રેષ્ઠ કહી શકાય એવી મીઠાઈ કે એવા આઈસક્રીમ પણ ખાવાનું ટાળે છે. કેમ? તો કે સ્વાદની એમને કશી પડી જ નથી. એમને મન ખોરાકમાંથી પોષણ શું મળે છે એ મહત્ત્વનું છે.

સામે પક્ષે, આપણે છીએ કે ખાવામાં જરાય ધ્યાન રાખતા નથી અને સ્વાદને કેન્દ્રમાં રાખીને આખો દિવસ કંઈ ને કંઈ ખાઈએ છીએ.

એ જ રીતે વ્યસનને લઈને પણ આ પુરુષો અત્યંત સજાગ છે. તમાકુ હોય કે આલ્કોહોલ હોય કે પછી અન્ય કોઈ પણ તત્ત્વ હોય, એ લોકો પોતાના શરીરને એ તત્ત્વોથી દૂર રાખે છે. બલ્કે પોતાનું કામ જ એમના માટે વ્યસન હોય છે. જેની સીધી અસર એમનાં મન અને શરીર પર પડે છે અને એ આપણને અત્યંત પ્રભાવશાળી લાગે છે. ઉપરોક્ત તમામ વાત આપણે પણ જાણીએ જ છીએ, પરંતુ આપણી મર્યાદા એ છે કે એને નિયમિત રીતે અમલમાં મૂકી શકતા નથી. મોદીજી કે અનિલ કપૂર ઊંઘવામાં કે જમવામાં કે કસરતમાં નિયમિત રહે છે એટલે એ યુવાન લાગે છે અને આપણે પચાસ સુધી માંડ પહોંચીએ ત્યાં સુધીમાં કમ્મર ને પગની કે હૃદયની ફરિયાદ લઈને ફરીએ છીએ. ■

# ધવલની કરીઅરનો ધમાકેદાર અંત

**'મુંબઈ ચા યોદ્ધા' અને રણજી ચેમ્પિયન ધવલ કુલકર્ણીએ ઈંગ્લેન્ડના ઍલન ડેવિડસનની જેમ પોતાના છેલ્લા બૉલ પર વિકેટ લઈને કારકિર્દી પૂરી કરી**

સ્પોર્ટ્સમેન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

''દરેક ક્રિકેટરનું સપનું હોય છે કે તેની કરીઅરની શરૂઆત જીત સાથે થાય અને અંત પણ ધમાકેદાર વિજયવાળો હોય. મેં આવા બે સુખદ અનુભવ ૧૬ વર્ષની મારી શાનદાર કારકિર્દીમાં કર્યા. એમાં પણ ખાસ કરીને આ વખતની રણજી ટ્રોફીની ફાઈનલ મારા માટે સૌથી સ્પેશિયલ છે. હું છ રણજી ફાઈનલ રમ્યો જેમાંથી પાંચ ફાઇનલમાં મેં વિજય માણ્યો. એકંદરે હું દોઢ દાયકામાં (સચિન તેન્ડુલકર સહિતના) સિનિયર ખેલાડીઓ પાસેથી ઘણું શીખ્યો અને યુવા વર્ગ સુધી મારા બહુમૂલ્ય અનુભવો પહોંચાડવાની મેં હંમેશાં કોશિશ કરી.''

આ શબ્દો તાજેતરમાં જ નિવૃત્ત થયેલા પેસ બૉલર ધવલ કુલકર્ણીના છે. તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દી માંડ પોણાબે વર્ષની રહી જેમાં તે ફક્ત બાવીસ વિકેટ લઈ શક્યો, પરંતુ મુંબઈ વતી પ્રથમ કક્ષાની કરીઅર એવી ફર્સ્ટ ક્લાસ રહી કે વાત ન પૂછો.

રાઈટ-આર્મ મિડિયમ પેસ બૉલર ધવલે ૧૫૯ ઇનિંગ્સમાં ૧૬,૯૧૯ બૉલ ફેંક્યા, ૭૭૨૮ રનના ખર્ચે અને ૨૭.૧૧ની સરેરાશે કુલ ૨૮૫ વિકેટ લીધી અને તેનો ઇકોનોમી રેટ માત્ર ૨.૭૪નો હતો. મૅચમાં કુલ દસ વિકેટ એક વાર લીધી, પણ ઇનિંગ્સમાં પાંચ વિકેટ પંદર વાર અને ઇનિંગ્સમાં ચાર વિકેટ નવ વખત લીધી. પ્રથમ કક્ષાની વન-ડે અને ટી-૨૦ મૅચોમાં તેનો દેખાવ દમદાર હતો. એમાં તેના નામે કુલ ૨૯૦ ઇનિંગ્સમાં ૩૭૭ વિકેટ લખાઈ છે. એટલું જ નહીં,



તેણે ૨,૫૦૦ પણ ફર્સ્ટ કલાસ ક્રિકેટમાં બનાવ્યા હતા.

આઈપીએલમાં મુંબઈ, રાજસ્થાન અને ગુજરાત લાયન્સ વતી રમનાર ધવલે ૧૪મી માર્ચે વાનખેડેના મેદાન પર વિદર્ભ સામેની ફાઈનલમાં મુંબઈને યાદગાર જીત મેળવવામાં અને વિક્રમજનક ૪૨મું રણજી ટાઈટલ જિતાડવામાં મહત્ત્વનું યોગદાન આપ્યા પછી જેમ કરીઅરના અવિસ્મરણીય અંતનો ઉલ્લેખ કર્યો એના વિશે થોડી ચર્ચા કરીએ.


ભૂતપૂર્વ ચેમ્પિયન વિદર્ભ સામેની એ ફાઈનલના પ્રથમ દાવમાં ધવલે ત્રણ વિકેટ લીધી એને કારણે જ વિદર્ભની ટીમ ૧૦૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી અને પછી બીજી ઇનિંગ્સમાં ૫૩૮ રનના તોતિંગ લક્ષ્યાંક સામે લડત આપ્યા બાદ ૧૬૯ રનથી હારી ગઈ હતી. અહીં ખાસ ઉલ્લેખ કરવાનો કે ફાઈનલની આખરી વિકેટ ધવલે લીધી હતી. એ વિકેટવાળો બૉલ તેની કારકિર્દીનો અંતિમ બૉલ બન્યો.

કરીઅરના આખરી બૉલ પર વિકેટ મેળવવાનું સૌભાગ્ય ભાગ્યે જ કોઈને મળે.





જેમ! કોઈ બૅટર પોતાની ૧૦૦મી કે કરીઅરની અંતિમ મૅચમાં સેન્ચુરી ફટકારે એવી સિદ્ધિ બૉલર પણ મેળવી શકે. એ બૉલરને દાવમાં પાંચ વિકેટ મળે તો તેની કારકિર્દીનો અંત યાદગાર બન્યો કહેવાય. એમાં પણ જો પોતે છેલ્લી મૅચના આખરી બૉલ પર વિકેટ લીધી હોય તો સોનામાં સુગંધ ભળી કહેવાય. ધવલ કુલકર્ણીના કેસમાં આવું જબન્યું. ૧૪મી માર્ચે ફાઈનલમાં મુંબઈએ વિદર્ભની એક વિકેટ લેવાની બાકી હતી અને ધવલની કરીઅરની અંતિમ પળ ગણાઈ રહી હતી ત્યારે કેપ્ટન અજિંક્ય રહાણેએ



રિધમ સાથે સારી બોલિંગ કરી રહેલા તનુષ કોટિયનને બદલે ધવલને બૉલ આપીને એ આખરી વિકેટ લેવાનો મોકો આપ્યો હતો. ધવલે એ મોકો ઝડપી લીધો અને વન-ડેના સાથી ખેલાડી (વિદર્ભના) ઉમેશ યાદવને કલીન બોલ્ડ કરીને પોતાના અંતિમ બૉલ પર વિકેટ મેળવી ગર્વભેર માથું ઊંચું રાખીને ગૌરવ સાથે ક્રિકેટના મેદાનને અલવિદા કરી હતી.

આ પ્રસંગે ઑસ્ટ્રેલિયાના મહાન ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર ઍલન ડેવિડસનની યાદ આવી ગઈ. ૧૯૬૩માં તેઓ જે છેલ્લી ટેસ્ટ રમ્યા એમાં ઇંગ્લેન્ડની અંતિમ વિકેટ તેમણે લીધી હતી. સિડનીમાં ટેડ ડેક્ષટરની ઇંગ્લેન્ડની ટીમ સામેની એ મૅચમાં તેમણે દાવની અંતિમ વિકેટના રૂપમાં ઍલન સ્મિથને આઉટ કર્યા એ તેમની આખરી વિકેટ હતી. એ પછી તેમને ફરી ટેસ્ટ નહોતી રમવા મળી. ૨૦૨૧માં સિડનીમાં ૯૨ વર્ષની ઉંમરે ડેવિડસનનું અવસાન થયું હતું.

ધવલે કહ્યું કે તેણે કરીઅરની શરૂઆત પણ સારી કરી હતી. ૨૦૦૮માં તે ઑસ્ટ્રેલિયા સામે જે પહેલી ફર્સ્ટ કલાસ મૅચ રમ્યો હતો એ મૅચ તો ડ્રો થઈ હતી, પરંતુ ૨૦૧૪માં તેણે ભારત વતી રમેલી પોતાની પ્રથમ વન-ડેમાં અને ૨૦૧૬માં પ્રથમ ટી-૨૦માં વિજય માણ્યો હતો. ધવલે ૨૦૦૮માં (મુંબઈ વતી પોતાના પહેલા વર્ષમાં) અને ૨૦૦૯માં (બીજા વર્ષમાં) મુંબઈને રણજી ટાઈટલ મેળવતું જોયું હતું. એ હતી તેની કરીઅરની ગૌરવભરી શરૂઆત અને હવે ૪૨મા ટાઈટલ સાથે તેને અંત પણ એવો જ શાનદાર જોવા મળ્યો. તેણે મુંબઈને ઘણી વાર હારના મુખમાંથી બહાર લાવ્યું હતું તેમ જ યોદ્ધાની જેમ લડીને મૅચ જિતાડી આપી હતી.

ધવલને કરીઅરની શરૂઆતમાં સચિન તેન્ડુલકરનો બહુ સારો સપોર્ટ મળ્યો હતો. ગયા અઠવાડિયે રોહિત શર્મા ઉપરાંત સચિને ધવલને 'મુંબઈ ચા યોદ્ધા' તરીકે બિરદાવતા ટ્વિટર પર તેના માટે લખ્યું, ''અપ્રતિમ કારકિર્દી બદલ અભિનંદન. નિષ્ઠા, સમર્પણની ભાવના અને શિસ્તને કારણે જ દોસ્ત તું મુંબઈના છેલ્લા ૧૫ વર્ષના સૌથી મહત્ત્વના ખેલાડીઓમાં ગણાય છે. કારકિર્દીના આખરી બૉલ પર વિકેટ લેવા બદલ પણ તને ખૂબ અભિનંદન. ક્રિકેટના ખેલાડી પછીની નવી ઇનિંગ્સ માટે તને શુભકામના.'' ■

# કચ્છમાં યલો એલર્ટ વચ્ચે ફાગણ આકરા પાણીએ: ૩૭થી ૩૯ ડિગ્રી તાપમાન સાથે લોકો શેકાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સમગ્ર રાજ્યની સાથે સાથે રણપ્રદેશ કચ્છમાં ચૈત્ર -વૈશાખ જેવા બળબળતા તાપ સાથે ફાગણનો સુદ પક્ષ જાણે આકરા પાણીએ થયો હોય તેમ વાગડથી લઈ કોટેશ્વર સુધી ગરમીનું મોજું ફરી વળતાં જનજીવન તોબા પોકારી ઊઠયું છે.

હવામાન વિભાગે સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમીની યલો એલર્ટ આપી છે એ વચ્ચે સૂકા રણપ્રદેશ કચ્છમાં ઉનાળાએ તેનો અસલ મિજાજ દેખાડવો શરૂ કર્યો હોય તેમ બપોરે લૂ વર્ષા સાથે રાત્રે પણ ઉકળાટનો દોર યથાવત્ રહેતાં લોકો ચૈત્ર- વૈશાખમાં અનુભવી હોય તેવી આકરી ગરમી અને બફારો અનુભવી રહ્યાં છે.

જિલ્લા મથક ભુજમાં આજે તાપમાન ઊંચકાઈને ૩૯ ડિગ્રીએ પહોંચતા સવારના સૂર્ય નારાયણનાં દર્શન સાથે જ આભમાંથી અગનજ્વાળા વરસવાનું શરૂ થઈ ગયું હતું અને આ શહેરે રાજ્યના સૌથી ગરમ મથકોમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું. જો કે બપોરના એકાદ વાગ્યાની આસપાસ ભુજ અને તેની આસપાસના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ છવાતાં શહેરીજનોને આકરી ગરમીમાંથી થોડી વાર માટે રાહત મળી હતી, જોકે સાંજના સમયે ગભરામણ થાય તેવા બફારાથી જનજીવન અકળાયું હતું.

અબડાસાના મુખ્ય મથક નલિયામાં ૩૭ ડિગ્રી મહત્તમ જ્યારે ૧૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાતા વહેલી સવારે અને રાત્રે તાપની આણ થોડી નરમ પડેલી જોવા મળી હતી. બીજી તરફ રણકાંધીના રાપર અને ખાવડામાં પણ ૩૮ ડિગ્રી આસપાસ મહત્તમ તાપમાન રહેતાં સર્વત્ર ગરમીનું સામ્રાજ્ય છવાયેલું જોવા મળ્યું હતું.

વધતી જતી ગરમી વચ્ચે ઝાડા-ઊલટી, કમળો, ટાઇફોઇડ,મલેરિયા જેવા મચ્છરજન્ય અને ઋતુજન્ય રોગચાળાના દર્દીઓથી દવાખાનાઓ ઊભરાઈ રહ્યા છે. હોળી-ધુળેટી પર્વના શરૂ થઇ ગયેલા કાઉન્ટડાઉન વચ્ચે ફરી એક ગુલાબી ઠંડીનો રાઉન્ડ કચ્છમાં આવે તેવી પ્રાર્થના હાલ લોકો કરી રહ્યા છે. ■

# કચ્છમાં ડ્રગ્સની હેરાફેરી યથાવત્: શિયાળ ક્રીકમાંથી માદક પદાર્થનું એક બિનવારસુ પેકેટ મળી આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશની પશ્ચિમ સરહદે ભારત-પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય ભૂમિ અને જળસીમાને અડીને આવેલા કચ્છના દરિયાઈ વિસ્તારોમાંથી છેલ્લાં પાંચ વર્ષમાં 'સામેપાર'થી ઠાલવ્યા બાદ માદક પદાર્થોના બિનવારસુ પેકેટ મળવાનો સિલસિલો ફરી પાછો શરૂ થયો હોય તેમ સતત બીજા દિવસે સીમાવર્તી જખૌથી અંદાજિત ૧૫ કિલોમીટર દૂર આવેલા સૈયદ સુલેમાનપીર પાસેના દુર્ગમ શિયાળ ક્રીક પાસેથી સ્ટેટ ઇન્ટેલિજન્સ બ્યૂરો અને મરીન પોલીસને વધુ એક ચરસનું બિનવારસુ પેકેટ મળી આવતાં અહીં સુરક્ષા એજન્સીઓ દ્વારા સર્ચ ઓપરેશનને વધુ વ્યાપક બનાવી દેવામાં આવ્યું છે. આ અંગે જખૌ પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર, મરીન પોલીસ અને સ્ટેટ આઇબીની ટુકડી તેમની સ્પીડ બોટ પર પાકિસ્તાનની સમુદ્રી સીમા નજીક આવેલા શિયાળ બેટ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે આશરે ૧૧૦૦ ગ્રામ વજનનું સિલ્વર રંગનું, એક દિવસ અગાઉ મળેલાં ચરસનાં પેકેટ જેવું ડેલ્ટા કોફી અને મોટા અક્ષરમાં પ્લેટિનમ લખેલું ચરસનું વધુ એક પેકેટ બિનવારસી હાલતમાં મળી આવ્યું હતું. આ પેકેટની મેન્યુફેક્ચરિંગ ડેટ ગત વર્ષનો હોતાં તાજેતરમાં ડ્રગ માફિયાઓએ ચરસની ખેપ લગાવી હોવાની પ્રબળ સંભાવના ઊભી થઇ છે. આ પ્રકારના પડીકાં મળવાની શરૂઆત પાંચ વર્ષ અગાઉ થઇ હતી અને અત્યાર સુધી ૧૮૦૦થી વધારે ડ્રગ્સના પેકેટ સામેપારથી તણાઈને કચ્છના સાગરકાંઠેથી મળી રહ્યાં છે. ગત એપ્રિલ માસમાં જખૌ નજીકથી એમ.ડી. ડ્રગ્સ બનાવવા માટે ઉપયોગમાં લેવાતાં મોંઘેરાં એમ્ફેટામાઇનના પડિકાં સહિત સેંકડો માદક પદાર્થોના બિનવારસુ પડિકાં અને પાકિસ્તાની નેવીના વણફૂટેલાં વિસ્ફોટકો પણ મળી ચુક્યા છે. ■

# વડોદરામાં 'પોસ્ટર વોર': ભાજપના ઉમેદવાર રંજનબેન ભટ્ટના વિરોધમાં લાગ્યાં પોસ્ટરો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લોકસભાની ચૂંટણી પહેલા વડોદરાના રાજકારણ ભારે ગરમાયું છે. રંજન ભટ્ટને વડોદરા લોકસભાની સીટ માટે ત્રીજી વખત રિપીટ કરવામાં આવ્યાં છે. જે બાદ અનેક લોકોએ વિરોધ વ્યક્ત કર્યો હતો. શહેરમાં મંગળવારની મોડી રાતે સંગમ અને કારેલીબાગ વિસ્તારમાં આવેલી સોસાયટી પાસે રંજનબેન ભટ્ટના વિરોધમાં પોસ્ટરો લાગ્યા હતા. આ સાથે ધારાસભ્ય મનીષાબેન વકીલના જનસંપર્ક કાર્યાલયના બોર્ડ પાસે પણ રંજનબેન વિરુદ્ધના પોસ્ટર લગાવાયા હતા અને વડોદરા ભાજપના જ દિગ્ગજ નેતાઓએ તેનો ભારે વિરોધ કર્યો છે. અને ઉમેદવાર બદલવા માટે પણ રજૂઆતો કરી છે. પોલીસે આ કેસમાં બે જણની ધરપકડ કરીને વધુ કાર્યવાહી શરૂ કરી હતી.

વડોદરાના કારેલીબાગ, ગાંધી પાર્ક સોસાયટી, વલ્લભ પાર્ક સોસાયટી, જાગૃતિ સોસાયટી, ઝવેર નગર સોસાયટી સહિત આસપાસના પોશ ગણાતા અનેક વિસ્તારોમાં વર્તમાન સાંસદ અને આ વખતના ભાજપના લોકસભાના ઉમેદવાર રંજનબેન વિરુદ્ધ પોસ્ટર જોવા મળ્યા હતા. રંજનબેનને ત્રીજી વખત રિપીટ કરાતાં હોદ્દેદારોમાં ભારે નારાજગી હોવાનું બહાર આવી ચૂક્યું છે. ભાજપ દ્વારા વડોદરા લોકસભા બેઠક પર સાંસદ રંજનબેન ભટ્ટને ત્રીજી વખત રિપીટ કરવામાં આવતાં શહેર ભાજપના કેટલાક હોદ્દેદારો ભારે નારાજ છે, જેમાં વડોદરા લોકસભા બેઠક માટે પ્રમુખ દાવેદાર મનાઈ રહ્યાં હતાં એવાં પૂર્વ મેયર ડૉ. જ્યોતિબેન પંડ્યાએ ટિકિટ ન મળતાં તેમણે પાર્ટીની પરવા કર્યા વગર જાહેરમાં આવી પોતાની નારાજગી વ્યક્ત કરી હતી તેમજ તેમણે સાંસદ રંજનબેન ભટ્ટ સામે ભ્રષ્ટાચારના આરોપો મૂકી ભૂકંપ સર્જ્યો હતો. મંગળવારે સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારનું રાજીનામું આખો દિવસ ચર્ચામાં રહ્યું હતું અને પછી મોડી રાતે રંજનબેન વિરુદ્ધના પોસ્ટર લગાવાતા વડોદરાનું રાજકારણ ભારે ચર્ચામાં આવી રહ્યું છે. શહેરના સંગમ અને કારેલીબાગ વિસ્તારમાં આવેલી સોસાયટીમાં રંજનબેન ભટ્ટ વિરુદ્ધના પોસ્ટર કોણે લગાવ્યા તે અંગે હાલ તપાસ થઇ રહી છે. જોકે, આ પોસ્ટરો હાલ હટાવી લેવામાં આવ્યા છે. ભાજપના લોકસભાના ઉમેદવાર રંજનબેન વિરુદ્ધમાં લખવામાં આવ્યું છે કે, 'મોદી તુજસે વેર નહીં રંજન કેરી ખેર નહીં', વડોદરાનો વિકાસ ક્યાં ગયો, કોઇના ગજવામાં કે ઘરમાં ગયો, જનતા જવાબ માગે છે.' ■

# લોકસભા ચૂંટણીમાં નાણાંની હેરફેર પર આઈટી વિભાગે શરૂ કર્યો કંટ્રોલ રૂમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને અનુલક્ષીને આવકવેરા વિભાગ દ્વારા કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. બ્લેકમની, હવાલા મની અને કેશ બુલિયન અંગેની માહિતી અને ફરિયાદો મેળવવા માટે અમદાવાદના આયકર ભવન ખાતે કંટ્રોલ રૂમ શરૂ કરાયો છે.

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને ધ્યાનમાં રાખીને બ્લેકમની, હવાલા મની અને કેશ બુલિયન જેવી પ્રવૃત્તિઓની માહિતી પૂરી પાડવા કે ફરિયાદો મેળવવા આવકવેરા વિભાગ દ્વારા અમદાવાદના આયકર ભવન ખાતે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે, તેમજ કંટ્રોલ રૂમના સંપર્ક નંબર, વોટ્સ ઍપ નંબર તથા ઈ-મેઈલ આઈ.ડી. જાહેર કરવામાં આવ્યા છે.

કોઈપણ પ્રકારના ભય કે લાલચ વગર મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણીઓ યોજાય તે માટે ભારતના ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા આવશ્યક વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. જેના ભાગરૂપે લોકસભાની સામાન્ય ચૂંટણી દરમિયાન બ્લેકમની, હવાલા મની અને કેશ બુલિયન જેવી ગતીવિધિ સંદર્ભે કોઈપણ પ્રકારની જાણકારી આપવા કે ફરિયાદ કરવા આવકવેરા વિભાગ દ્વારા રૂમ નં.૧૪૧, પહેલો માળ, આયકર ભવન, અમદાવાદ ખાતે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. ■

# ₹ ૧૪૬૬ કરોડનું જીએસટી કૌભાંડ: આરોપીને રેગ્યુલર જામીન મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રૂ. ૧૪૬૬ કરોડના જીએસટી કૌભાંડના આરોપીને હાઇ કોર્ટે રેગ્યુલર જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો છે. હાઇ કોર્ટના જસ્ટિસ એમ.આર.મેંગડેએ આરોપીને જામીન આપતાં આદેશમાં નોંધ્યું છે કે, બંને પક્ષોની રજૂઆત અને કેસના તથ્યોને ધ્યાનમાં લેતાં સામે આવ્યું છે કે આ કેસની તપાસ પૂર્ણ થઇ છે અને ચાર્જશિટ દાખલ થઇ ગઇ છે. અરજદાર ઓક્ટોબર-૨૦૨૩થી જેલમાં છે અને તેણે બનાવટી અને ખોટાં રેકોર્ડ્સ ઊભા કરીને ઇનપુટ ટૅક્સ ક્રેડિટનો ખોટો લાભ લીધો છે. તેણે ખરેખર કોઇ માલની ખરીદી કર્યા વિના ખરીદી કર્યાનું દર્શાવી આ ગુનો આચર્યો છે અને કરોડો રૂપિયાનો લાભ લીધો છે.

આ ગુનામાં પાંચ વર્ષની મહત્તમ સજાની જોગવાઇ છે. ટ્રાયલ પણ નજીકના સમયમાં પૂર્ણ થાય એમ જણાતી નથી અને તેથી અરજદારને જામીન આપવામાં આવે છે.' આ કેસમાં અરજદાર હિતેષ લોઢિયા તરફથી હાઇ કોર્ટમાં જામીન મેળવવા માટે અરજી કરવામાં આવી હતી. રાજકોટ જીએસટી વિભાગ ખાતાએ તેની વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી. તેના તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે અરજદાર ઓક્ટોબર-૨૦૨૩થી કસ્ટડીમાં છે. તે તપાસમાં સંપૂર્ણ સહકારમાં આપી રહ્યો છે અને તેણે જરૂરી તમામ માહિતીઓ પણ પૂરી પાડી છે. આ ગુનામાં મહત્તમ પાંચ વર્ષની સજાની જોગવાઇ છે અને ગુનો મેજિસ્ટ્રેટ ટ્રાયેબલ છે. આ કેસની ટ્રાયલ ટૂંક સમયમાં પૂર્ણ થાય એમ જણાતી નથી. તેથી અરજદારને શરતોને આધિન જામીન પર મુક્ત કરવાનો આદેશ કરવો જોઇએ. બીજી તરફ જીએસટી વિભાગ તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે અરજદાર આરોપી રૂ. ૧૪૬૬ કરોડના કૌભાંડમાં સંડોવાયેલો છે. એટલું જ નહીં ગુનામાં મહત્તમ કેટલી સજાની જોગવાઇ છે, એ મુદ્દો જામીન માટે એટલો મહત્ત્વ રાખતો જ નથી. આરોપી ગુનાનો મુખ્ય સૂત્રધાર છે. તેણે બનાવટી રેકોર્ડ ઊભા કરીને કરોડો રૂપિયાની ઇનપુટ ટૅક્સ ક્રેડિટ લીધી છે અને તેથી તેનો ગુનો ગંભીર છે. આ કેસના સહઆરોપીઓની તપાસ હજુ ચાલી રહી છે અને ઓથોરિટીને રૂપિયાની આખી ટ્રેઇલ સુધી પહોંચવાનું છે. અન્ય સહઆરોપીઓ સુધી પહોંચવાનું પણ જરૂરી છે. તેથી અરજદારને કસ્ટડીમાં રાખવાની અને વધુ તપાસ કરવાની જરૂર છે. તેથી તેને જામીન પર મુક્ત ન કરવો જોઇએ. બંને પક્ષોની રજૂઆતને ધ્યાનમાં લેતાં હાઇ કોર્ટે ટ્રાયલ ટૂંક સમયમાં પૂર્ણ થાય એમ ન હોવાનું નોંધી આરોપીને જામીન આપ્યા છે. ■

# ૨૦૧૯માં ભાજપ-કૉંગ્રેસ સિવાયના તમામ ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થઈ હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લોકસભાની ચૂંટણીમાં અત્યારથી જ ભારે રસાકસીના એંધાણ વરતાઇ રહ્યા છે ત્યારે કેટલા ઉમેદવારો ચૂંટણી જંગમાં ઝંપલાવશે તેનું ગણિત શરૂ થઇ ગયું છે. પક્ષો દ્વારા હરિફ ઉમેદવારના મત ઓછા કરવા કેટલાક ઉમેદવારોને વ્યૂહાત્મક રીતે ઊભા કરવામાં આવતા હોય છે, જોકે, ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ૩૭૧ જેવી મોટી સંખ્યામાં ૨૬ બેઠક માટે ઉમેદવારો મેદાનમાં હતા, તેમાંથી ભાજપ અને કૉંગ્રેસ સિવાય બધા અપક્ષ ઉપરાંત તમામ પક્ષના ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થવા પામી હતી. ભાજપ, કૉંગ્રેસ સહિત ૪૩ જેટલી વિવિધ પાર્ટીના ઉમેદવારો ચૂંટણી લડ્યા હતા. લોકસભાની ચૂંટણીની જાહેરાત થઇ ગઇ પરંતુ ભાજપ-કૉંગ્રેસ જેવા મુખ્ય પક્ષના તમામ ઉમેદવારો પણ હજુ સુધી નક્કી થઇ શક્યા નથી. છેલ્લી બે ચૂંટણીથી તમામ બેઠકો પર ભાજપની ક્લિન સ્વીપ થાય છે તે જોતાં ૨૦૧૯ની સરખામણીમાં ૨૦૨૪ની ચૂંટણીમાં ઉમેદવારો ઓછા ચૂંટણીમાં ઊભા રહે તેવી સંભાવના છે. ભાજપ દ્વારા ૨૦૧૯માં છ મહિલા અને ૨૦ પુરુષ ઉમેદવારો સહિત ૨૬ અને કૉંગ્રેસ દ્વારા એક મહિલા અને ૨૫ પુરુષ ઉમેદવાર ચૂંટણી લડ્યાં હતાં. કૉંગ્રેસના ઉમેદવારો એકપણ બેઠક જીતી શક્યા ન હતા, પરંતુ એકપણ ઉમેદવારની ડિપોઝિટ જપ્ત થવા પામી ન હતી. કુલ ૪૩ પક્ષમાંથી ૪૧ પક્ષના ઉમેદવારોએ ડિપોઝિટ ગુમાવી હતી. ૧૯૭ અપક્ષ ઉમેદવારની પણ ડિપોઝિટ જપ્ત થવા પામી હતી. આ વખતે પણ જે રીતનો માહોલ છે તે જોતાં બે-ત્રણ બેઠકને બાદ કરતા ભાજપના ઉમેદવારો અત્યારથી જ સરસાઇ ધરાવતા હોય તેવી સ્થિતિ છે. ગત વખતે અન્ય તમામની ડિપોઝિટ જપ્ત થઇ હતી તે જોતા આ વખતે કેટલા ઉમેદવારો લોકસભા ચૂંટણી જંગના મેદાનમાં છેલ્લે રહેશે તે સવાલ છે. ■

# વડોદરામાં શાળાની સામે જ ૫.૫ કિલોગ્રામ ગાંજાનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં પોલીસે પાંચ કિ.ગ્રામ ગાંજા સાથે એક વ્યક્તિની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરાના તાંદલજા વિસ્તારમાં આવેલી શકીલા પાર્કમાં રહેતા અબ્દુલ ઇબ્રાહિમ પટેલ ગાંજાનું વેચાણ કરતો હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. જેથી પોલીસની ટીમ છેલ્લા બે મહિનાથી અબ્દુલ ઇબ્રાહિમ પટેલ પર સતત વોચ રાખી રહી હતી. પોલીસની ટીમ શકીલા પાર્કમાં રહેતા અબ્દુલ ઇબ્રાહિમ પટેલના મકાનમાં દરોડો પાડ્યો હતો. જ્યાંથી અંદાજિત સાડા પાંચ કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જેની તપાસઅર્થે પોલીસ દ્વારા એફ.એસ.એલની પણ મદદ લેવામાં આવી હતી, જોકે તપાસમાં ગાંજો હોવાનુ સ્પષ્ટ થતાં અંદાજિત રૂ. ૫૦ હજાર ઉપરાંતની કિંમતનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે એન.ડી.પી.એસ અને પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

ડૉ. વૈશાલી જોશી આત્મહત્યા કેસ

# ધરપકડથી બચવા પી.આઇ.ની આગોતરા જામીનની અરજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં મહિલા ડૉક્ટર વૈશાલી જોશી આત્મહત્યા કેસ મામલે ધરપકડથી બચવા પી.આઇ બી.કે ખાચરે સેશન્સ કોર્ટના શરણું લીધું હતું..પી.આઇ બી.કે ખાચરે સેશન્સ કોર્ટમા આગોતરા જામીન માટે અરજી કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ આર્થિક ગુના નિવારણ શાખાના પી.આઇ બી.કે ખાચર વિરુદ્ધ ફરિયાદ નોંધાઇ છે. તેમના આગોતરા જામીન માટે સેશન્સ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ અરજીમાં મોત પામનારને કાયદેસરની સહાય મેળવવાની જરૂરિયાત હોવાથી સંપર્કમાં આવી હોવાનું તેમજ સલાહ અને સહાય બાદ પણ યુવતીએ સતત સંપર્ક ચાલુ રાખ્યો હોવાની ખાચરે રજૂઆત કરી છે. ખાચરનો ઉદ્દેશ્ય શરૂઆતથી માત્ર કાયદાકીય માર્ગદર્શન પુરું પાડવાનો હોવાનો અરજીમાં ખુલાસો કરવામાં આવ્યો છે. ખાચરને પરિવારમાં પત્ની અને ૨ દીકરા તથા ૧ દીકરી હોવાથી તપાસમાં સહકાર આપવાની રજૂઆત તથા સંબધિત કેસમાં જો આગોતરા જામીન મળે તો સંપૂર્ણ પણે તપાસમાં સહકારની ખાચરે ખાતરી આપી છે. આ કેસની આગામી સુનાવણી તા. ૨૭મી માર્ચના રોજ હાથ ધરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ફરિયાદ નોંધાયાનાં પાંચ દિવસ છતાંય બી.કે ખાચરનો પત્તો મળી રહ્યો નથી. ■

# કાજલ હિન્દુસ્તાની સામે પાટીદાર સમાજ વિરુદ્ધ બફાટ બદલ પોલીસ ફરિયાદ નોંધવા અરજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કાજલ હિન્દુસ્તાનીએ પાટીદાર સમાજની યુવતીઓના મુદ્દે કરેલા નિવેદનને લઈ સમાજમાં રોષ વ્યાપ્યો છે. પાસના પૂર્વ કન્વિનર દ્વારા મહેસાણા પોલીસને ફરિયાદ નોંધવા માટે અરજી કરવામાં આવી હતી. કાજલ હિન્દુસ્તાની વિરુદ્ધ કાયદેસર ગુનો નોંધવા માટે અરજી કરવામાં આવી હતી. આમ કાજલ હિન્દુસ્તાનીના નિવેદન બાદ વિવાદ વધતો જવા લાગ્યો છે અને હવે વધુ એક પોલીસ ફરિયાદ નોંધવા માટેની માગ કરવામાં આવી હતી.

મહેસાણા શહેરના બી ડિવિઝન પોલીસ મથકમાં પાસના પૂર્વ કન્વિનર નરેન્દ્ર પટેલે લેખિત અરજી આપીને ફરિયાદ નોંધવાની માગ કરવામાં આવી છે. તેઓએ નિવેદનથી પાટીદાર સમાજનું ભયંકર અપમાન ગણાવ્યું છે અને પાટીદાર નારીઓનું અપમાન ચલાવી નહીં લેવાય એમ કહ્યું હતું. કાજલ હિન્દુસ્તાની સામે મહેસાણામાં પોલીસ ફરિયાદ નોંધવા માટે અરજી કરીને રજૂઆત કરવામાં આવી હતી. ■

# ડાકોરમાં ફાગણી પૂનમ નિમિત્તે ૪૭૫ એક્સ્ટ્રા બસો દોડાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં આગામી ફાગણી પૂનમને પગલે તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. રાજયભરમાંથી ડાકોર આવતા દર્શનાર્થીઓ માટે એસ.ટી. નિગમ દ્વારા ખાસ સુવિધા કરવામાં આવી છે. એસ.ટી. નિગમ દ્વારા ફાગણી પૂનમને અનુલક્ષીને વધારાની ૪૭૫ બસ દોડાવવા માટેનું આગોતરું આયોજન કર્યું છે જેથી મુસાફરોને પણ ઠાકોરજીના દર્શન માટે પહોંચવામાં કોઈ મુશ્કેલી ના પડે.

પ્રાપ્ત માહિતી અનુસાર આગામી તા. ૨૫મી માર્ચના રોજ ડાકોરમાં ફાગણી પૂનમની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવશે. લાખોની સંખ્યામાં પદયાત્રિઓ અને દર્શનાર્થીઓ આ પાવન પર્વે ભગવાન રણછોડરાયજીના દર્શનાર્થે ડાકોર પહોચશે, ત્યારે શ્રદ્ધાળુઓને ડાકોર પહોંચવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે એસ.ટી. વિભાગ દ્વારા વધારાની બસ દોડાવવાનો નિર્ણય કર્યો છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે એસટી વિભાગ દ્વારા ૫૦ વધારાની બસ મળી કુલ ૪૭૫ બસ દોડાવવામાં આવશે. આ બસ ૪૫૦૦ ટ્રીપ મારીને શ્રદ્ધાળુઓને ડાકોર લાવવા- લઈ જવાની સેવા કરશે. બે દિવસમાં ૪૫૦૦ ટ્રીપ દોડાવવા આયોજન પદયાત્રીઓ ચાલીને ડાકોર આવી, ઠાકોરજીના દર્શન કરી પોતાના ઘરે પરત ફરવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે એસ.ટી. વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યા છે. હોળી-ધુળેટીના તહેવાર દરમિયાન અમદાવાદથી મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ આવતા હોવાથી મહત્તમ બસ અમદાવાદ તરફ દોડાવવાનું આયોજન છે. વર્ષ ૨૦૨૩માં ૪૨૫ બસો દ્વારા ૩૫૧૮ ટ્રીપ દોડાવવામાં આવી હતી. ચાલુ વર્ષે ૫૦ બસનો વધારો કરવામાં આવ્યો છે. ૧૯ માર્ચથી ૨૫ માર્ચ દરમિયાન આ વધારાની બસ દોડાવવામાં આવશે. ■

# સાબરમતી શુદ્ધીકરણ પાછળ ₹ ૪૫૦ કરોડ ખર્ચાયા બાદ પણ નદી શુદ્ધ ન થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની આગવી ઓળખ સમાન સાબરમતી નદીની ગણના દેશની સૌથી વધુ પ્રદૂષિત નદીઓમાં થાય છે. અમદાવાદ મનપા દ્વારા સાબરમતીની બંને તરફ રિવરફ્રંટ બનાવીને તેના સૌંદર્યમાં વધારો કરવામાં આવ્યો છે, પરંતુ નદીના પ્રદૂષણમાં કોઈ જ ઘટાડો કરવામાં આવ્યો નથી. ગુજરાત હાઈ કોર્ટની આકરી ફિટકાર બાદ પણ તંત્ર નઘરોળ સાબિત થયું છે. સાબરમતી નદીનું પ્રદૂષણ ઓછું કરવા માટે નેશનલ રિવર કન્ઝર્વેશન પ્લાન અંતર્ગત રૂ.૪૦૦ કરોડ કરતા પણ વધુ રકમ ખર્ચ કરવામાં આવી છે, પરંતુ તેના કારણે પણ નદીનું પ્રદૂષણ ઓછું થયું નથી. તંત્ર દ્વારા ખર્ચ કરવામાં આવેલ કરોડો રૂપિયા એળે ગયા છે અને નદીનું પ્રદૂષણ દિવસેને દિવસે વધી રહ્યું છે ખાસ કરીને મનપા એસટીપી પ્લાન્ટ તેમ જ વિવિધ ઔદ્યોગિક એકમો દ્વારા ટ્રીટ કરીને છોડવામાં આવતા પાણીમાં પણ પ્રદૂષણની માત્રા વધારે જોવા મળે છે.

અમદાવાદ મનપા દ્વારા સાબરમતી નદી શુદ્ધિકરણ માટે રિવર કોન્ઝર્વેશન પ્લાન ૨૦૧૧માં મંજૂર કરવામાં આવ્યો હતો જેમાં કુલ રૂ.૪૪૪.૪૪ કરોડની મંજૂરી આપવામાં આવી હતી જેમાં કેન્દ્ર સરકાર તરફથી ૬૦ ટકા ગ્રાન્ટ મળી હતી. સદર પ્રોજેક્ટ માર્ચ ૨૦૨૨માં પૂર્ણ થયો હતો ત્યાં સુધી આ પ્રોજેક્ટ અંતર્ગત રૂ.૪૫૩.૧૮ કરોડનો માતબર ખર્ચ થયો હતો તેમ છતાં નદીનું પ્રદૂષણ લેશમાત્ર પણ ઓછું થયું નથી. મનપાએ સદર પ્રોજેક્ટ અંતર્ગત શહેરમાં રૂ.૪૨૯.૭૮ કરોડના ખર્ચે છ સ્થળે નવા એસટીપી પ્લાન્ટ બનાવ્યા છે. આ તમામ પ્લાન્ટ એસબીઆર ટૅકનોલોજીથી તૈયાર કરવામાં આવ્યા છે, પરંતુ તેના પણ પેરામીટર્સ મળતા નથી ખાસ કરીને વાડજ જલવિહાર, શંકરભુવન અને નવા પીરાણા ૧૫૫ પ્લાન્ટમાં સમસ્યા જોવા મળી રહી છે. મનપા દ્વારા નદી શુદ્ધીકરણ યોજના અંતર્ગત ચંદ્રભાગા નાળા પાસે, મેઘાણીનગર, હાથીજણ,ચિલોડા, વાસણા, નવા નિકોલ અને વસ્ત્રાલમાં રૂ.૬૦ કરોડના ખર્ચથી ડ્રેનેજ પપિંગ સ્ટેશન બનાવવામાં આવ્યા છે. તદ્ઉપરાંત સરખેજ, રાણીપ, વટવા, હંસપુરા, નરોડા અને વસ્ત્રાલમાં રૂ.૪૩.૧૭ કરોડના ખર્ચથી ૮૮ કિ.મી.ની નવી લાઈનો નાખવામાં આવી છે. મનપા દ્વારા રૂ.૭૦ કરોડના ખર્ચથી ૧૧ કિ.મી.ની લંબાઈની લાઈનોના રિહેબ કરવામાં આવ્યા છે જેમાં એપીએમસી વાસણાથી ગુપ્તાનગર, વાસણાથી પાલડી, નહેરુનગરથી વિજય, દરિયાપુરથી કાલપુર, મેમ્કોથી બાપુનગરનો સમાવેશ થાય છે. તંત્ર દ્વારા અંદાજે રૂ. ૪૫૦ કરોડ ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં નદીમાં હજી પણ પ્રદૂષિત પાણી જઈ રહ્યું છે જે નદીમાં જતા આઉટલેટના પરિણામો પરથી જાહેર થાય છે. ■

# અમદાવાદમાં પાણીજન્ય રોગચાળો વકર્યો: કોલેરાના ૧૬ કેસ નોંધાયા

અમદાવાદ: શહેરમાં ગરમીની શરૂઆતની સાથે જ પાણીજન્ય રોગચાળામાં ચિંતાજનક હદે વધારો થયો છે શહેરમાં ઝાડા ઊલટી, કોલેરા, કમળો અને ટાઇફોઇડ જેવા જીવલેણ રોગના કેસ સતત વધી રહ્યા છે ખાસ કરીને દાણીલીમડા, જમાલપુર, બહેરામપુરા, સરસપુર, વટવા, લાંભા સહિતના વિસ્તારોમાંથી પાણીજન્ય રોગના કેસ મોટી સંખ્યામાં બહાર આવી રહ્યા છે. શહેર વધુ એક વખત પાણીજન્ય રોગચાળો વકરી રહ્યો છે. શહેરમાં ચાલુ વર્ષ દરમ્યાન કોલેરાના ૧૬ કેસ કન્ફર્મ થયા છે. જે પૈકી બે કેસ છેલ્લા એક સપ્તાહમાં જ નોંધાયા છે. શહેરના પૂર્વ વિસ્તારમાં લાંભા અને જશોદાનગર વિસ્તારમાં કોલેરાના એક-એક કેસો નોંધાયા છે. મનપાના આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર પાણીજન્ય રોગોમાં માર્ચ મહિનામાં ૧૭ દિવસમાં ઝાડા ઊલટીના ૩૩૬ જ્યારે ટાઇફોઇડના ૧૫૩ અને કમળાના ૫૭ જેટલાં કેસો નોંધાયા છે. શહેરમાં છેલ્લા એક મહિના દરમ્યાન મચ્છરજન્ય રોગોમાં ઘટાડો જોવા મળ્યો છે. ડેન્ગ્યુના ૧૦ અને મેલેરિયાના ૦૯ કેસો નોંધાયા છે. ચાલુ વર્ષ દરમ્યાન ડેન્ગ્યુના કુલ ૯૭ કેસ નોંધાયા છે. જે પૈકી મોટાભાગના કેસ દક્ષિણ અને પૂર્વઝોનમાં કન્ફર્મ થયા છે. જે વિસ્તારમાં પાણીજન્ય રોગો વધ્યા છે ત્યાં પાણીના સેમ્પલ લેવાની અને ક્લોરિનની ગોળીઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ચાલુ વર્ષ દરમિયાન ૨૦૧૩ જેટલા પાણીના સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં ૩૨ સેમ્પલ અનફિટ આવ્યા છે. ■

# ડીંડોલીમાં એક જ દિવસમાં ત્રણ બોગસ તબીબોને ઝડપી પાડ્યા

અમદાવાદ: સુરતના ડીંડોલી વિસ્તારમાં અલગ અલગ ત્રણ જગ્યાએથી ડિગ્રી વગર ડૉક્ટર બની લોકોની જિંદગી સાથે ચેડાં કરતા ત્રણ બોગસ તબીબોને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. શહેરના ડીંડોલી સીઆર પાટીલ રોડ લક્ષ્મીનારાયણ સોસાયટી વિભાગ એક પાસે માતોશ્રી કલીનીક નામના દવાખાનામાં પોલીસે રેડ કરી હતી, ત્યાંથી ડિગ્રી વગર ડૉક્ટર તરીકે પ્રેક્ટિસ કરતા આરોપી ઇન્દ્રેશકુમાર પાલની પોલીસે ધરપકડ કરી હતી. જેના ક્લિનિકમાંથી અલગ અલગ પ્રકારની દવાઓ, ઇન્જેક્શન, સિરપ મળી કુલ્લે ૧૨,૬૨૬ તથા રોકડા રૂપિયા ૧.૦૨ મળી કુલ ૧.૧૪ લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો. પોલીસની પૂછપરછમાં, તે ઉધના વિસ્તારની અલગ અલગ હૉસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકે નોકરી કરતો હતો. જ્યાં ડૉક્ટર સાહેબની મદદમાં રહીને દર્દીઓને દવા આપતો હતો. જેથી પોતાને સામાન્ય બીમારીમાં કઈ કઈ દવા, ઇન્જેક્શન આપવા તેની માહિતી હોય જેથી હૉસ્પિટલમાંથી નોકરી છોડી છેલ્લા પાંચેક વર્ષથી આ કલીનીક ચાલુ કર્યું હોવાનું જણાવ્યું હતું.

બીજા બનાવમાં ડીંડોલી માનસી રેસિડેન્સીની બાજુમાં શ્રી હરીનગર સોસાયટીમાં આવેલા મધુમીતા ક્લિનિક નામના દવાખાના પોલીસે રેડ કરી હતી. અહીંથી પોલીસે ડિગ્રી વગર ડૉક્ટર તરીકે પ્રેક્ટિસ કરતા આરોપી ઉત્તમ બીમલ ચક્રવાતીને ઝડપી પાડ્યો હતો. તેના દવાખાનામાંથી પોલીસે દવાઓ, ઇન્જેક્શન સિરપ મળી કુલ ૭,૪૧૫ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ત્રીજા બનાવમાં ડીંડોલી માનસી રેસિડેન્સીની બાજુમાં શિવનગર સોસાયટીમાં આવેલા સાંઈ ક્લિનિક નામના દવાખાનામાં પોલીસે રેડ કરી હતી અને ડિગ્રી વગર ડૉક્ટર તરીકે પ્રેક્ટિસ કરતા આરોપી સંજયકુમાર મોર્યાને ઝડપી પાડ્યો હતો, તેના પ્રેક્ટિસમાંથી પોલીસે અલગ અલગ દવાઓ, ઇન્જેક્શન, સિરપ મળી કુલ ૮૩,૪૪૬નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ■

# લોકસભાની ચૂંટણી માટે પાલિકાના ૫૦ હજાર કર્મચારી

## મોન્સૂન પહેલાં રસ્તાનું કોંક્રીટીકરણ અને નાળાંસફાઈનાં કામની ચિંતા

મુંબઈ: શહેરમાં રસ્તાનું કોંક્રીટીકરણ અને નાળાંસફાઈનાં કામ પહેલાંથી જ રખડ્યાં છે ત્યારે લોકસભા ચૂંટણીની ડ્યૂટી માટે પાલિકાના ૪૫થી ૫૦ હજાર કર્મચારી જવાના હોવાથી આ વર્ષે પાલિકાનાં વરસાદ પહેલાંનાં કામો ટલ્લે ચડવાનાં છે. ચૂંટણીનાં કામમાં પ્યૂનથી લઇને અધિકારીઓ સુધીના કર્મચારીઓ ચૂંટણીનાં કામ માટે જવાના છે. હાલની સ્થિતિમાં ૧૨ હજાર કર્મચારી ચૂંટણીની ડ્યૂટી માટે હાજર પણ થઇ ગયા છે. આને કારણે પાલિકા મોન્સૂન પહેલાં કામ કેવી રીતે કરશે તેવો પ્રશ્ન ઉદ્ભવી રહ્યો છે.

લોકસભા ચૂંટણી માટે એડમિનિસ્ટ્રેટિવ સ્તરે કરવી પડતી તૈયારીને કારણે પાલિકા સહિત રાજ્ય સરકારના તમામ વિભાગના કર્મચારીઓ હાલમાં ચૂંટણીનાં કામ માટે મોકલવામાં આવી રહ્યા છે. મુંબઈ મહાપાલિકાના અંદાજે ૪૫થી ૫૦ હજાર કર્મચારી ચૂંટણીની ડ્યૂટી માટે જવાના છે. હાઈ કોર્ટ, સુપ્રીમ કોર્ટના આદેશ અને ચૂંટણી પંચના આદેશ પ્રમાણે માગણી અનુસાર સંસ્થાના અંદાજે ૭૦ ટકા કર્મચારી આપવા ફરજિયાત છે. આમાં સ્થાનિક પ્રશાસન, બેંકોના કર્મચારીઓ પણ ચૂંટણીનાં કામ માટે બોલાવવા પડી શકે એમ છે. તે અનુસાર માગણી પ્રમાણે કર્મચારી મોકલવામાં આવશે, એવું પાલિકાએ જણાવ્યું હતું. આમાં સી અને ડી વર્ગના કર્મચારીનો પણ સમાવેશ થવાનો છે. ■

### શહેરમાં ૯ હજાર પોલિંગ બૂથ

મુંબઈમાં ૯ હજાર પોલિંગ બૂથ પર ચારથી છ કર્મચારીની નિમણૂક કરવામાં આવતી હોય છે. આ ઉપરાંત પાલિકા તરફથી પાણીપુરવઠા, સ્વચ્છતા, સ્વચ્છતાગૃહો, આરોગ્ય વ્યવસ્થા જેવી સુવિધા પણ કરવામાં આવશે. આથી વિશેષ વાહનો સહિત અન્ય જરૂરી સુવિધા પણ માગવામાં આવી શકે છે.

# ભિવંડીમાં ભંગારના ગોડાઉનમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે જિલ્લાના ભિવંડીમાં એક ભંગારના ગોડાઉનમાં મંગળવાર મોડી રાત બાદ ભીષણ આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. પરંતુ માલસામાનને મોટી માત્રામાં નુકસાન થયું હતું.

ભિવંડી શહેરના દાપોડા રોડ પર વાલપાડામાં મોટા પ્રમાણમાં વેરહાઉસ આવેલા છે. મંગળવારે મોડી રાતના ૧૨.૪૫ વાગે ભંગારના ગોડાઉનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડના બે ફાયર ઍન્જિન પહોંચી ગયા હતા. બુધવારે વહેલી સવારના ૫.૩૦ વાગે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી.

વહેલી સવારે આગ બુઝાવી દેવામાં આવી હતી, પરંતુ કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલુ હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. ■

# હવે ૧૫ ડબ્બાની ટ્રેનો ટિટવાલા અને બદલાપુર સુધી દોડાવવી શક્ય

## સ્ટેશનો પર ડબલ સ્ટોપ આપવાની પ્રવાસી મહાસંઘની માગણી

મુંબઈ: મુંબઈ લોકલમાં વધતી જતી ભીડને પહોંચી વળવા માટે સ્લો લાઈન પર ૧૫ ડબ્બાની ટ્રેનો દોડાવવામાં આવે એવી માગણીએ જોર પકડ્યું છે. પ્લેટફોર્મ લાંબા ન હોવાનું કારણ આપીને પ્રશાસન એ વાતને કાને ધરતું નથી. જોકે લોકલને ડબલ સ્ટોપ (સ્ટેશન પર ટ્રેન બે વાર થોભે) આપવામાં આવે તો ટિટવાલા-બદલાપુર સુધી લોકલ ટ્રેન દોડાવવી શક્ય બનશે. આને કારણે લાખો પ્રવાસીઓને રોજની ભીડથી રાહત મળશે, એવું પ્રવાસી મહાસંઘે જણાવ્યું હતું.

મધ્ય રેલવેની ઉપનગરીય ટ્રેનોમાં પ્રવાસીની સંખ્યા સતત વધી રહી છે. તેની સરખામણીમાં ટ્રેનોની ફેરીઓની સંખ્યામાં મોટો વધારો થયો નથી. આથી હાલમાં દોડી રહેલી ટ્રેનોમાં ભીડ વધી ગઇ છે. કલ્યાણથી ટિટવાલા-બદલાપુર દરમિયાન શહાડ, આંબિવલી, વિઠ્ઠલવાડી, ઉલ્હાસનગર દરમિયાન દરેક પ્લેટફોર્મનો વિસ્તાર અને અંબરનાથમાં ત્રણ પ્લેટફોર્મના વિસ્તૃતીકરણનું કામ કરવું જરૂરી છે. કુલ ૧૧ પ્લેટફોર્મનું કામ પ્રસ્તાવિત છે. આ કામ પૂરું કરવા માટે સમય લાગશે. આને કારણે તાત્કાલિક કલ્યાણથી ટિટવાલા અને બદલાપુર દરમિયાન લોકલ ફેરીઓને ડબલ સ્ટોપ આપવામાં આવે, એવી માગણી ઉપનગરીય રેલવે પ્રવાસી મહાસંઘે કરી હતી.

છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી કલ્યાણ દરમિયાન ૧૫ ડબ્બાની લોકલ દોડે છે. કલ્યાણથી ટિટવાલા અને બદલાપુર દરમિયાન ડબલ સ્ટોપ આપવામાં આવે તો તાત્કાલિક અસરથી ૧૫ ડબ્બાની લોકલ ચલાવવી શક્ય થશે. ડબલ સ્ટોપ આપતાં પહેલાં વ્યાપક જનજાગૃતિ કરવામાં આવે તો પ્રવાસીઓને તેની માહિતી પ્રાપ્ત થશે.

પશ્ચિમ રેલવે પર અંધેરીથી વિરાર દરમિયાન સ્લો ટ્રેક પર ૧૫ ડબ્બની લોકલ ફેરી દોડે છે. લોકલનો વિસ્તાર કરીને એ જ પ્રયોગ કલ્યાણથી ટિટવાલા અને બદલાપુર દરમિયાન શક્ય છે. આને કારણે પ્રશાસને એ માગણીનો વિચાર કરીને તાત્કાલિક પગલાં લેવાં જોઇએ, એવી માગણી પ્રવાસીઓએ કરી હતી. ■

# કૉલેજની જેમ જ હવે સ્કૂલોમાં પણ અમલમાં આવશે ગ્રેડિંગ

## એનઈપી હેઠળ સ્ટેટ સ્કૂલ સ્ટાન્ડર્ડ ઓથોરિટીની રચના

મુંબઈ: રાજ્યમાં કોલેજોની પાર્શ્વભૂમિ પર સ્કૂલોનું પણ ગ્રેડિંગ કરવામાં આવશે. સ્કૂલોનું ૬ શ્રેણીમાં વર્ગીકરણ અને ૩ સ્તરે તેનું મૂલ્યાંકન કરવામાં આવશે. સૌથી પહેલાં સ્કૂલોને વિભિન્ન ઘટકોને ધ્યાનમાં રાખીને સ્વ મૂલ્યાંકન (સેલ્ફ ઈવેલ્યુશન) કરીને ગ્રેડિંગ આપવું પડશે. ત્યાર પછી બાહ્ય મૂલ્યાંકન (એક્સટર્નલ ઇવેલ્યુશન) અને ત્યાર બાદ ત્રીજા પક્ષ દ્વારા મૂલ્યાંકન કરાવવામાં આવશે. સેલ્ફ એસેસમેન્ટ અને બાહ્ય મૂલ્યાંકનમાં મળતા ગુણમાં ૧૫ ટકાથી વધુનું અંતર હોવું ન જોઇએ. જો સેલ્ફ એસેસમેન્ટ પછી બાહ્ય મૂલ્યાંકન અને ત્રીજા પક્ષના મૂલ્યાંકનમાં ૧૫ ટકાથી વધારાનો ફરક દેખાશે તો એ માટે સ્કૂલ જવાબદાર ગણાશે. નેશનલ એજ્યુકેશન પોલિસી (રાષ્ટ્રીય શિક્ષણ નીતિ)ને અસરકારક બનાવવા માટે સાર્થક નામનું એક પુસ્તક બનાવવામાં આવ્યું છે. આમાં ૨૯૭ ટાસ્ક આપવામાં આવ્યા છે. રાજ્ય સરકારે આ ટાસ્કને પૂરો કરવા માટે સ્ટેટ સ્કૂલ સ્ટાન્ડર્ડ ઓથોરિટી (એસએસએસએ)ની નિમણૂકને મંજૂરી આપી દીધી છે. સ્ટેટ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગના ડિરેક્ટરને આ ૬ સભ્યોની ઓથોરિટીના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. આમાં પ્રાઈમરી એન્ડ સેકન્ડરી એજ્યુકેશન ડિરેક્ટર મેમ્બર હશે. એક અધિકારીના જણાવ્યા અનુસાર તમામ માધ્યમો અને મેનેજમેન્ટવાળી સ્કૂલોમાં વિકસિત સ્કૂલ ક્વોલિટી એસેસમેન્ટ એન્ડ એસ્યોરન્સ ફ્રેમવર્ક ( એસક્યુએએફ) અમલ કરવાની જવાબદારી ઓથોરિટીની રહેશે. ઓથોરિટીની એક અલગ વેબસાઈટ પણ હશે, જેના પર સ્કૂલોનાં રજિસ્ટ્રેશન, સેલ્ફ ઈવેલ્યુશન, એક્સટર્નલ ઈવેલ્યુશન સંબંધની સૂચનાઓ આપવામાં આવશે. સ્કૂલોની ક્વોલિટીના આધારે અને તેમાં કરવામાં આવેલા બદલાવ માટે વિભિન્ન માપદંડ તૈયાર કરવામાં આવશે, જેનું પાલન સ્કૂલ પ્રશાસને કરવું પડશે. મૂલ્યાંકન પછી સ્કૂલોના જે સ્ટાન્ડર્ડમાં સુધારા કરવાની જરૂર જણાશે તેણે વિકાસ યોજના બનાવીને વેબસાઈટ પર અપલોડ કરવાની રહેશે. ઈવેલ્યુશન સંબંધી કોઇ પણ વિવાદને લઇને સ્કૂલ પોતાની ફરિયાદ ઓથોરિટીને કરી શકે છે. ■

# એક ક્લિક અને પાલિકાના ડૉક્ટરોની મળશે એપોઈન્ટમેન્ટ

## પાલિકાની મોબાઈલ એપ અને વેબ પોર્ટલ પર દર્દી અને ડૉક્ટરો હેલ્થ હિસ્ટ્રીની આપ-લે કરી શકશે

મુંબઈ: ૨૦૨૫માં મુંબઈગરો મોબાઈલ એપ અને વેબ પોર્ટલ દ્વારા પાલિકાની હોસ્પિટલોમાં પોતાની એપોઈન્ટમેન્ટ નોંધાવી શકશે. માત્ર એક જ ક્લિક પર દર્દી અને ડોક્ટર બંને પાસે હેલ્થ હિસ્ટ્રી હશે. પાલિકાની તમામ હોસ્પિટલો અને દવાખાનાંઓમાં હેલ્થ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ (એચએમઆઈએસ)નાં ટેન્ડર સરકારી યુનિટ રેલટેલને આપવામાં આવ્યાં છે.

આ સિસ્ટમ જે સમયે અમલમાં ત્યારે પાલિકાની હોસ્પિટલોમાં પેપરલેસ થઇ જશે. એચએમઆઈએસ ડોક્ટર, દર્દી અને સ્વાસ્થ્ય યોજના બનાવનારી સરકાર, ત્રણેય માટે લાભકારી પ્રણાલી છે. દર્દીનું રજિસ્ટ્રેશન થયા પછી તેને યુનિક આઈડેન્ટિટી નંબર આપવામાં આવશે.

આ નવી પ્રણાલીને કારણે દર્દી અને ડોક્ટરો બંનેનો સમય બચશે. આ આખી પ્રક્રિયા પેપરલેસ છે. ડોક્ટર અને દર્દીની હેલ્થ હિસ્ટ્રી, રિપોર્ટસ અને દવા કોમ્પ્યુટર દ્વારા એચએમઆઈએસ સિસ્ટમમાં ફીડ કરવામાં આવશે.

ડોક્ટરની સાથે બીજી વારની વિઝિટમાં દર્દીને ફરીથી પોતાની હિસ્ટ્રી બતાવવાની જરૂર નહીં પડે. ડોક્ટરના યુનિક આઈડેન્ટિટી ફીડ કરતાં જ એક ક્લિક પર દર્દીની હિસ્ટ્રી કોમ્પ્યુટર સ્ક્રીન પર દેખા દેશે. દર્દીઓનો ડાટા ભેગો કરવાથી બીમારીઓના ટ્રેન્ડ અંગે માલૂમ થશે. ■

# પગમાંના વીંછિયા પરથી મહિલાની હત્યાનો ભેદ ઉકેલાયો: પ્રેમી સહિત બેની ધરપકડ

## લગ્ન અને મિલકત માટે દબાણ કરનારી પ્રેમિકાનું માથું ધડથી અલગ કરી મૃતદેહ વૈતરણા નદી પાસે ફેંક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લગ્ન અને મિલકત નામે કરવા માટે દબાણ કરનારી પ્રેમિકાને ફરવા માટે લોનાવલા લઈ જવાને બહાને તેનું માથું ધડથી અલગ કરી મૃતદેહ વૈતરણા નદીના પુલ પરથી ફેંકવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી હતી. મહિલાના પગમાંના વીંછિયા પરથી પોલીસે હત્યાનો ભેદ ઉકેલી પ્રેમી સહિત બે જણની ધરપકડ કરી હતી.

પાલઘર ક્રાઈમ બ્રાન્ચ અને મોખાડા પોલીસની ટીમે પકડી પાડેલા બન્ને આરોપીની ઓળખ સુનીલ ઉર્ફે ગોવિંદ યાદવ (૪૫) અને મહેશ રવીન્દ્ર બડગુજર ઉર્ફે વિક્કી (૩૧) તરીકે થઈ હતી. ઉત્તર પ્રદેશના વતની અને હાલમાં સોલાપુરમાં રહેતા આરોપી યાદવ અને ધુળે જિલ્લાના શિરપુર તાલુકામાં મૌજે લાકડે હનુમાન ખાતે રહેતી મૃતક મમતા વચ્ચે પ્રેમપ્રકરણ હતું.

તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે યાદવ શિરપુરમાં રહેતા મિત્ર વિક્કીને ઘેર આવતો ત્યારે તેની ઓળખાણ મમતા સાથે થઈ હતી. બન્નેની મિત્રતા પ્રેમમાં પરિણમતાં મહિલા લગ્ન માટે યાદવ પર દબાણ કરતી હતી. એ સિવાય મિલકત પોતાના નામ પર કરવા મહિલા આરોપીને ધમકાવતી હતી. આ વાતથી કંટાળી યાદવે તેનો કાંટો કાઢવાનું નક્કી કર્યું હતું.

૬ ફેબ્રુઆરીએ યાદવ તેના મિત્ર વિક્કી સાથે મમતાને મળવા ગયો હતો. લોનાવલા ફરવા જવાને બહાને કારમાં મહિલાને પાલઘર જિલ્લાના કારેગાંવ ખાતે લાવવામાં આવી હતી. કારમાં જ રૂમાલની મદદથી ગળું દબાવી મહિલાની હત્યા કરવામાં આવી હતી. નિર્જન સ્થળે તીક્ષ્ણ હથિયારથી મહિલાનું માથું ધડથી અલગ કર્યા પછી તેના મૃતદેહને વૈતરણા નદીના પુલ પરથી નીચે ફેંકવામાં આવ્યો હતો.

બીજી સવારે મહિલાનો મૃતદેહ મળતાં મોખાડા પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. મહિલાના જમણા હાથ પર મમતા નામ ત્રોફેલું હતું અને પગની આંગળીમાંથી ચાંદીનો વીંછિયો મળી આવ્યો હતો. ■

### તાલુકાની મતદાર યાદીમાં ૪૪૫ મમતા

વૈતરણા નદીને કિનારેથી મહિલાનો મૃતદેહ મળી આવ્યા પછી પોલીસ વીંછિયા પરના 'એસડીએસ' અક્ષરને આધારે ધુળે જિલ્લાના શિરપુર તાલુકાની દીક્ષા જ્વેલર્સ દુકાન સુધી પહોંચી હતી. દીક્ષા જ્વેલર્સના માલિક સુધાકર દીપચંદ સોનાર (એસડીએસ) હોવાનું જણાયું હતું. પોલીસને મળેલો વીંછિયો પાવરા સમાજની મહિલાઓ પહેરતી હોવાનું જ્વેલર્સે કહ્યું હતું. મહિલાના હાથ પર મમતા નામ ત્રોફાવેલું હોવાથી પોલીસે શિરપુર તાલુકામાં રહેતી મમતા નામની મહિલાઓની માહિતી એકઠી કરવાનું નક્કી કર્યું હતું. જોકે તાલુકાની મતદાર યાદી તપાસતાં શિરપુરમાં ૪૪૫ મમતા રહેતી હોવાનું સામે આવ્યું હતું. આટલી બધી મમતામાંથી મૃતકને શોધી કાઢવાનું કપરું હોવાથી પોલીસે સ્થાનિક પોલીસ પાટીલોની મદદથી વ્હૉટ્સઍપનાં અલગ અલગ ગ્રૂપ બનાવ્યાં હતાં. આ ગ્રૂપને આધારે મૃતક મમતા લાકડે હનુમાન ગામમાં રહેતી હોવાનું શોધી કઢાયું હતું.

# થાણેમાં ઈલેક્ટ્રિક ટુ વ્હિલરની બૅટરીમાં સ્ફોટ: ત્રણ જણ જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે જિલ્લાના કલવામાં મફતલાલ કંપનીના પરિસરમાં બુધવારે ઈલેક્ટ્રિક ટુ વ્હીલરની બેટરીના સ્ફોટથી ઘરની દિવાલ તૂટી પડી હતી, જેમાં ત્રણ જણ જખમી થયા હતા. થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ શાંતીનગરમાં મફતલાલ કમ્પાઉન્ડમાં સાવિત્રી દેવી વેલફેર સોસાયટી નામની ચાલીના રૂમ નંબર ૩૧/૨૦ માં રહેતા વિશ્વનાથ ગુપ્તાએ મંગળવારે ઈલેક્ટ્રિક બાઈકની ૫૬ વૅટ પાવરની લિથિયમ બેટરી ચાર્જ કરવા માટે મૂકી હતી. મોડી રાતના ૧૦.૩૦ વાગ્યાની આસપાસ બેટરીમાં જોરદાર સ્ફોટ થયો હતો તેને કારણે બાજુના ઘરની દિવાલ અને પતરા તૂટી પડ્યા હતા.

આ દુર્ઘટનાને કારણે ત્રણ જણ જખમી થયા હતા જેમાં ૨૮ વર્ષની કુસુમદેવી વિશ્વનાથ ગુપ્તા, ૬૬ વર્ષના લાલ બાદશાહ અને ૫૬ વર્ષના મેહબુબી લાલ બાદશાહનો સમાવેશ થાય છે. આ ત્રણેય જખમીને કલવામાં આવેલી છત્રપતિ શિવાજી મહારાજ હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ■

# ભાજપ અને મનસેનો મનમેળ થાય તેવી પૂરી શક્યતા

## રાજ ઠાકરે અને અમિત શાહ વચ્ચેની બેઠક સકારાત્મક રહી: ફડણવીસ

મુંબઈ: રાજ ઠાકરે ઉદ્ધવ ઠાકરેથી જુદા થયા અને પોતાની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(મનસે) પાર્ટી બનાવી ત્યારથી અત્યાર સુધી લગભગ દરેક ચૂંટણી વખતે રાજ ઠાકરે ભાજપ સાથે હાથ મિલાવશે તેવી અટકળો સાંભળવા મળતી હતી.

જોકે, આ લોકસભાની ચૂંટણીમાં આખરે ભાજપ અને મનસેનો મનમેળ થાય તેવી શક્યતા પ્રબળ દેખાઇ રહી છે. કારણ કે દિલ્હીમાં મનસે અધ્યક્ષ રાજ ઠાકરે અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ વચ્ચે બેઠક થઇ તે ખૂબ જ સકારાત્મક રહી હોવાનું જાણવા મળ્યું છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ આ ચર્ચા સકારાત્મક રહી હોવાનું જણાવતા ટૂંક સમયમાં સકારાત્મક સમાચાર સાંભળવામાં આવી શકે, તેવો સંકેત કર્યો છે.

પત્રકારો સાથે વાતચીત કરતા ફડણવીસે જણાવ્યું હતું કે રાજ ઠાકરે અને અમિત શાહ વચ્ચે સકારાત્મક વાતચીત થઇ હતી અને આગામી દિવસોમાં ચિત્ર સ્પષ્ટ થઇ જશે.

જોકે, ઓચિંતા આ અંગે કોઇ નિવેદન આપવું યોગ્ય નહીં ગણાય. આવનારા દિવસોમાં અમે તમને વિસ્તારમાં આ અંગે જણાવશું, તેમ ફડણવીસે જણાવ્યું હતું.

### ...તો મનસેને મળશે એક બેઠક

મનસેના દિગ્ગજ નેતા બાળા નંદગાંવકરે પણ જણાવ્યું છે કે મનસે રાજ ઠાકરેના કરેલા સૂચન મુજબ નિર્ણય લઇને લોકસભાની ચૂંટણીમાં ઝંપલાવશે. જો મનસે મહાયુતિમાં જોડાય તો મુંબઈથી તેને એક બેઠક ફાળવવામાં આવી શકે, તેવી શક્યતા છે.

### બધાનું એક જ લક્ષ્ય: ફરીથી મોદીને વડા પ્રધાન બનાવવાનું

મહાયુતિના ત્રણ મુખ્ય પક્ષો અજિત પવારની એનસીપી, એકનાથ શિંદેની શિવસેના અને ભાજપ વચ્ચે હજી સુધી અમુક બેઠકો માટે રસ્સીખેંચ ચાલી રહી છે તેવામાં મનસેને મહાયુતિમાં સામેલ કરવાની વાતો ચાલી રહી છે.

જોકે, બારામતી અને માઢાની બેઠકો માટે શું નિર્ણય લેવામાં આવશે તે વિશે પૂછવામાં આવતા ફડણવીસે જણાવ્યું હતું કે બારમતીની બેઠક હોય કે સોલાપુરના માઢાની, બધાનું એક જ લક્ષ્ય છે અને તે છે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ફરીથી વડા પ્રધાન બનાવવાનું. ■

# ઍરપોર્ટ પર ચાર દિવસમાં ૧.૭૬ કરોડનું સોનું અને ૧.૧૮ લાખ ડૉલર્સ જપ્ત

## કસ્ટમ્સ વિભાગ દ્વારા આઠ ગુનામાં ૧૧ પ્રવાસી પર કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે ચાર દિવસમાં ૧૧ પ્રવાસી પર કાર્યવાહી કરી ૧.૭૬ કરોડ રૂપિયાનું સોનું, ચાર આઈફોન્સ અને ૧.૧૮ લાખથી વધુ યુએસ ડૉલર્સ જપ્ત કર્યા હતા.

અધિકારીના જણાવ્યા મુજબ કસ્ટમ્સના અધિકારીઓએ ૧૭થી ૨૦ માર્ચ દરમિયાન આઠ કેસ નોંધ્યા હતા, જેમાંથી છ કેસમાં આઠ પ્રવાસી પાસેથી દાણચોરીથી લાવવામાં આવેલું સોનું જપ્ત કરવામાં આવ્યું હતું. પ્રથમ કેસમાં દમામથી ઍર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટથી મુંબઈ આવેલા ભારતીય નાગરિકને આંતરવામાં આવ્યો હતો. તેના બૅગમાં ટૂલ બૉક્સ હતું, જેમાંથી સોનું મળી આવ્યું હતું.

કસ્ટમ્સે નોંધેલા અન્ય કેસોમાં દુબઈથી આવેલા ત્રણ ભારતીય પ્રવાસી પાસેથી સોનાની ચાર ચેન, કુવેતથી આવેલા બે ભારતીય પાસેથી શરીરમાં સંતાડેલું સોનું જપ્ત કરાયું હતું. એ સિવાય શારજાહથી ઍર અરેબિયાની ફ્લાઈટમાં આવેલા ભારતીય નાગરિકની તપાસ કરતાં તેના આંતર વસ્ત્રોમાં સંતાડેલી ગૉલ્ડ ડસ્ટ અને ચાર આઈ ફોન મળી આવ્યા હતા.

દુબઈથી જ આવેલા અન્ય એક પ્રવાસીના સામાનની તપાસ કરતાં રમકડાની કાર મળી આવી હતી. આ કારમાં વાયર સ્વરૂપે રાખવામાં આવેલું સોનું જપ્ત કરવામાં આવ્યું હતું.

કસ્ટમ્સના અધિકારીએ જણાવ્યું હતું કે બે અલગ અલગ કેસમાં મુંબઈથી દુબઈ જવા નીકળેલા બે ભારતીયને તાબામાં લેવાયા હતા. સીઆઈએસએફના તાબામાં સોંપાયેલા બન્ને પ્રવાસી પાસેથી ૧,૧૮,૩૫૦ યુએસ ડૉલર્સ મળી આવ્યા હતા. પકડાયેલા પ્રવાસીઓ વિરુદ્ધ સંબંધિત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. ■

# મોદી, શાહમાં ઔરંગઝેબના ગુણ: ઉદ્ધવ ઠાકરે

બુલઢાણા: શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ જીજામાતાના પિયરના ગામ સિંદખેડારાજા ખાતે બુધવારે લોકસભાની ચૂંટણીનું રણશિંગુ ફૂંકતા જાહેર સભા યોજી હતી ત્યારે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાત પ્રત્યે વિશેષ લાગણી દર્શાવવા અને રાજ્યો વચ્ચે દુશ્મનીની દીવાલો બાંધવા બદલ ટીકા કરી હતી. ભાજપના 'અબ કી બાર ચારસો પાર' સૂત્રની મજાક ઉડાવતા 'અબ કી બાર ભાજપ તડીપાર'નું સૂત્ર આપ્યું. તેમણે દેશમાં રશિયા જેવી એકહથ્થુ તાનાશાહી લાવવા માંગતી ભાજપની યોજનાઓને લોકસભાની ચૂંટણીમાં નષ્ટ કરીને મહારાષ્ટ્રના દેશદ્રોહીઓને જમીનમાં દાટી દેવાનું આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે વિપક્ષી નેતા અંબાદાસ દાનવે, સાંસદ સંજય રાઉત, ધારાસભ્ય નીતિન દેશમુખ, જિલ્લા સંપર્ક વડા નરેન્દ્ર ખેડેકર, જિલ્લા પ્રમુખ જાલિન્દર બુધવત ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં ઠાકરેએ ભાજપ અને શિવસેના પર આકરા પ્રહારો કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને માત્ર ગુજરાતની જ ચિંતા કેમ? તેમણે આ પ્રશ્ન ઉઠાવ્યો હતો. ઠાકરેએ એવો ધડાકો કર્યો હતો કે દેશમાં આવનારા બે સેમીકન્ડક્ટર પ્રોજેક્ટને ફરીથી ગુજરાતમાં લઈ જવામાં આવ્યા છે. મહારાષ્ટ્રમાં છોડો, પણ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડમાં કેમ નહીં? તેમણે આ પ્રશ્ન પૂછ્યો. ભાજપ ભાડૂતી જનતા પાર્ટી છે. ભાજપે આ વર્ષે 'અબ કી બાર ચારસો પાર' સૂત્ર આપ્યું છે. જો કે, આ અશક્ય છે અને લોકો દેશમાં સરમુખત્યારશાહીના જોખમને ઓળખે અને આવા વલણને કચડી નાખે તે સમયની માંગ છે. લોકો આ કરવા જઈ રહ્યા છે અને આ વર્ષે દેશમાં પરિવર્તન અનિવાર્ય છે તેવી આગાહી કરતાં તેમણે તાળીઓના ગડગડાટ વચ્ચે 'અબકી બાર ભાજપ તડીપાર'ના નારા લગાવ્યા હતા. ■

# લોકસભાની સાત બેઠક પર કૉંગ્રેસને આંબેડકરનું સમર્થન

મુંબઈ: આગામી લોકસભા ચૂંટણી સંદર્ભે બેઠકોની ફાળવણીના મુદ્દે મહાવિકાસ આઘાડીના સાથીઓ શિવસેના (યુબીટી) અને એનસીપી (શરદ પવાર) સાથે ઘર્ષણ ચાલી રહ્યું છે ત્યારે વંચિત બહુજન મોરચા (વીબીએ)ના અધ્યક્ષ પ્રકાશ આંબેડકરે સાત લોકસભા બેઠક પર કૉંગ્રેસના ઉમેદવારોને ટેકો જાહેર કર્યો છે. કૉંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને લખેલા પત્રમાં લોકસભા બેઠકો અંગે થયેલી બેઠકોમાં વીબીએને બાકાત રાખવા બદલ પ્રકાશ આંબેડકરે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે પત્રમાં લખ્યું છે કે મહાવિકાસ આઘાડી દ્વારા આયોજિત અનેક મિટિંગમાં શિવસેના (યુબીટી) અને એનસીપી (શરદચંદ્ર પવાર) વીબીએના પ્રતિનિધિઓની રજૂઆત કાને નહોતા ધરી રહ્યા. આ બંને પક્ષના વીબીએ પ્રત્યેના વલણને કારણે તેમના પરથી અમારો વિશ્વાસ ઊઠી ગયો છે. એમવીએ સાથે જોડાણ સ્વીકારવાના બદલામાં વીબીએ મહારાષ્ટ્રની ૪૮ લોકસભા બેઠકમાંથી ૧૨ બેઠકની માગણી કરી રહ્યો છે. જોકે, એમવીએ તરફથી માત્ર ચાર બેઠકની ઓફર આવી હોવાથી આંબેડકરે કૉંગ્રેસને ટેકો જાહેર કર્યો હતો. ■

# રેલવે સ્ટેશનો પરના થ્રીડી સેલ્ફી બૂથ હટાવાયા

મુંબઈ: ભારતીય રેલવેના અલગ અલગ વિભાગોમાં કેન્દ્રની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી 'થ્રીડી સેલ્ફી બૂથ' અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી 'થ્રીડી સેલ્ફી પોઈન્ટ્સ'ની સ્થાપના કરવામાં હતી. મધ્ય રેલવેના પાંચ વિભાગોમાં ૫૦ મહત્ત્વપૂર્ણ સ્ટેશનો પર ૧.૬૨ કરોડના ખર્ચે થ્રીડી સેલ્ફી બૂથ અને પોઈન્ટ ઊભા કરવામાં આવ્યા હતા. જોકે લોકસભા ચૂંટણી માટે આચારસંહિતા લાગુ થઈ ગઈ હોવાથી વડા પ્રધાન મોદીના પોસ્ટરવાળા થ્રીડી સેલ્ફી બૂથ હટાવી લેવામાં આવ્યા છે. રેલવે સ્ટેશનો પર અવરોધિત જગ્યા ખાલી કરવામાં આવી હોવાથી સ્ટેશનોએ રાહતનો શ્વાસ લીધો છે.

સ્કિલ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા, હમ હૈ ડિજિટલ, હમ હૈ નયા ભારત, સ્પેસ પાવર નયા ભારત, નયા ભારત (ઘર) આવાસ કી શક્તિ, ગેસ ધુને સે મુક્તિ-ઉજ્જવલ કી શક્તિ, હર ઘર જલ-જલ જીવન મિશન, ડિજિટલ ઈન્ડિયા હમ હૈ ડિજિટલ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ નાગરિકો સુધી પહોંચે તે માટે મધ્ય રેલવે સ્ટેશનો પર 'થ્રીડી સેલ્ફી બૂથ' અને 'થ્રીડી સેલ્ફી પોઈન્ટ' બનાવવામાં આવ્યા હતા. ■

## સંસ્થા સમાચાર

### રાજધાની દિલ્હીમાં પૂ. ધીરગુરુદેવના આગમનથી આનંદોત્સવ: રવિવારે ઋણ સ્વીકાર સમારોહ



શ્રી દિલ્હી ગુજરાતી સ્થાનકવાસી જૈન સંઘના ઉપક્રમે પૂ. શ્રી ધીરગુરુદેવના પ્રીતવિહાર, શક્તિનગર, પ્રીતમપુરા વગેરે વિસ્તારમાં પ્રવચનો થયા બાદ ૧૭ માર્ચના ૧૨૫ વર્ષ જૂના ગુજરાતી સમાજના પટાંગણે આત્મજાગરણ શિબિર પ્રવચન યોજાયેલ. જીવદયા કળશનો લાભ અનિલાબેન દિલીપભાઈ ધોળકિયાએ તથા સાતાકારી પાટનો અનેક ભાવિકોએ લાભ લીધેલ.

પ્રીતમપુરામાં કુંથુંનાથ જૈન મંદિરમાં સમક્તિથી સમાધિ પ્રવચનમાં ભાવિકો ઉત્સાહભેર જોડાયા હતા. કળશના લાભાર્થી સંઘપતિ શ્રી કીર્તિભાઈ ગાંધી બન્યા હતા. ચાતુર્માસની વિનંતિ કરતાં આનંદોત્સવ છવાયો હતો.

જ્યારે શક્તિનગર જૈન સંઘમાં 'એકબીજાને સાથ આપો' વિષય પર પ્રેરણાના તંત્રી અજયભાઈ શેઠના વક્તવ્યથી સહુએ પ્રસન્નતા અનુભવી હતી. પર્યુષણ પ્રવચનમાળા માટે અનુરોધ કરેલ. ૨૪ માર્ચ રવિવારે સવારે ૧૦ થી ૧૨ કલાકે ગુજરાતી સમાજ, સિવિલ લાઈન્સમાં ઋણ સ્વીકાર સમારોહ મધ્યે 'શાસન પ્રગતિ - આવશ્યક સૂત્ર' વિશેષાંકની વિમોચન વિધિ યોજાયેલ છે.

દિલ્હીમાં ગુજરાતી સમાજને ઉપયોગી મહાવીર ભવન, ધર્મસ્થાનક, આયંબિલ ભવન વગેરેના નિર્માણ માટે સહુ પ્રયત્નશીલ છે.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા દિલીપભાઈ ધોળકિયા, કેતન વોરા, સચીન શાહ, મેહુલ ઝોંસા વગેરે કાર્યરત છે.

## બિઝનેસ બિટ્સ

### એશિયન ગ્રેનિટોની નવી માર્કેટિંગ સ્ટ્રેટેજી

મુંબઇઃ ભારતની અગ્રણી ટાઇલ્સ, એન્જિનિયર્ડ માર્બલ, ક્વાટ્ર્ઝ અને બાથવેર બ્રાન્ડ્સ પૈકીની એક એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડ (એજીએલ)એ નવી માર્કેટીંગ સ્ટ્રેટેજી અંતર્ગત અભિનેતા રણબીર કપૂરની બ્રાન્ડ એમ્બેસડર તરીકે પસંદગી કરી છે. કંપની થોડા મહિનાઓમાં નવી બ્રાન્ડ કેમ્પેઇન અને ટીવી કમર્શિયલ લોન્ચ કરશે. એજીએલ સમકાલીન ડિઝાઇનથી લઈને ટાઇમલેસ ક્લાસિક સુધીની વિવિધ પ્રકારની ટાઇલ્સ અને બાથવેર સોલ્યુશન્સ ઓફર કરે છે.

### એજેસ ફેડરલને બેસ્ટ એમ્પ્લોયર્સમાં સ્થાન

મુંબઈઃ ભારતમાં ખાનગી ક્ષેત્રની અગ્રણી જીવન વીમાકંપનીઓ પૈકીની એક એજેસ ફેડરલે લાઇફ ઇન્સ્યોરન્સએ દુનિયાભરમાં સૌથી વધુ પ્રતિષ્ઠિત ગણાતા કિનસેન્ટ્રિક બેસ્ટ એમ્પ્યોલર્સ ૨૦૨૪માં ટોચનું સ્થાન મળ્યું છે. કંપની જગપ્રસિદ્ધ કિનસેન્ટ્રિક દ્વારા ભારતની ટોચની બેસ્ટ એમ્પ્લોયર્સમાં સામેલ છે. કંપની સહયોગી બેંક શાખા અને નોંધપાત્ર નેટવર્ક સહિત ૩,૨૦૦થી વધુ શાખા ધરાવે છે. કંપની રૂ. ૧૫,૧૨૯ કરોડથી વધારેની કુલ એયુએમ (એસેટ અંડર મેનેજમેન્ટ) ધરાવે છે.

### જેએસડબલ્યુ જૂથે એમજી મોટર્સનો સ્ટેક લીધો

મુંબઇઃ જેએસડબલ્યુ અને ચાઈનીઝ ઓટોમોટિવ ઉત્પાદક એસએઆઇસી મોટરની માલિકીની એમજી મોટર ઈન્ડિયાએ સંયુક્ત સાહસ અંતર્ગત ઈલેક્ટ્રિક અને ઈન્ટરનલ કમ્બશન એન્જિન ધરાવતી ઇલેક્ટ્રિકલ કાર સેગમેન્ટમાં પ્રવેશ કર્યો છે. જેએસડબલ્યુ ગ્રૂપે એસએઆઇસી પાસેથી એમજી મોટર ઇન્ડિયાનો ૩૫ ટકા હિસ્સો ખરીદ્યો છે. હાલ આ બજારમાં મુખ્યત્વે મારૂતિ અને ટાટામોટર્સ પ્રભુત્વ ધરાવે છે.

### ટાટા કેમિકલ લિમિટેડના શેરમાં કેમ બોલાયો નોંધપાત્ર કડાકો?

મુંબઇઃ ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ (એફએન્ડઓ) સેક્ટરમાં ટ્રેડિંગ પર પ્રતિબંધિત શેરોની યાદીમાંથી દૂર કરવામાં આવ્યા બાદ બુધવારે સવારે ટાટા કેમિકલ્સનો શેર ૯.૩ ટકાથી વધુ તૂટ્યો હતો. બુધવારે સવારે ૧૦.૫૫ વાગ્યાની આસપાસ શેરે રૂ. ૧૦૨૧.૮૦ પ્રતિ શેરના ઇન્ટ્રાડે નીતી સપાટીને સ્પર્શ કર્યો હતો. કંપની ૨૦૨૫માં આઇપીઓ લાવશે એવા અહેવાલોને પગલે માર્ચના પહેલા સપ્તાહમાં તેના શેરમાં ૪૦ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. જોકે, હવે કંપની આઇપીઓ લાવવાના મૂડમાં ના હોવાની ચર્ચા વચ્ચે તેમાં વેચવાલી વધી છે. બજારના રિબાઉન્ડ સાથે આ શેર અંતે નીચી સપાટી સામે થોડા સુધારાએ સત્રને અંતે ૭.૯૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૦૩૧.૯૦ની સપાટીએ સ્થિર થયો હતો.

### આરબીઆઇ વ્યાજદર સ્થિર રાખશે?

મુંબઇઃ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) પાંચમી એપ્રિલે આગામી નાણાકીય નીતિમાં યથાસ્થિતિ જાળવી રાખે તેવી શક્યતા હોવાનું ટાટા એએમસીના પ્રવકતાએ એક પોર્ટલને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું. ફેબ્રુઆરીની મોનેટરી પોલિસીમાં કેન્દ્રિય બેન્કે સતત છઠ્ઠી વખત રિપોઝિશન રેટ ૬.૫ ટકાના સ્તરે જાળવી રાખ્યો હતો, જે સંકેત આપે છે કે સતત ઊંચા ફુગાવા સામે લાંબી લડાઈ ચાલુ છે. તેમણે ઉમેર્યું હતું કે સામાન્ય ચોમાસું ધારીને આગામી વર્ષ માટે ગ્રાહક ભાવાંક આધારિત ફુગાવા માટે મધ્યસ્થ બેન્કનું અનુમાન ૪.૫ ટકા છે. સેન્ટ્રલ બેંકની મોનેટરી પોલિસી કમિટીની બેઠક ત્રણ એપ્રિલથી પાંચ એપ્રિલની વચ્ચે મળવાની છે.

# બાર્ગેન હંટીંગઃ સેન્સેક્સ, નિફ્ટી રિબાઉન્ડ તરીકે રિલાયન્સ, આઈટીસીના શેરમાં તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાની ફેડરલ રિઝર્વ વ્યાજદરના ઘટાડાની રૂપરેખા જારી કરશે એવી આશા વચ્ચે વોલસ્ટ્રીટની પાછળ એશિયાઇ બજારમાં આવેલા ઉછાળાને અનુસરતા સ્થાનિક બજારે પણ બાર્ગેન હંટિંગના સહારે રિબાઉન્ડ કરીને પોઝીટીવ ઝોનમાં પાછા ફરવામાં સફળતા મેળવી હતી. ખાસ કરીને વિશ્વબજારના સારા સંકેત પાછળ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, આઇટીસી અને સ્ટેટ બેન્ક જેવા ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં લેવાલી અને સુધારો આવતા બેન્ચમાર્ક સુધારાને પંથે આગળ વધ્યો હતો.

અફડાતફડીમાંથી પસાર થઇને સત્રને અંતે ત્રીસ શેરો ધરાવતો બીએસઇનો બેન્ચમાર્ક ઇન્ડેક્સ, સેન્સેક્સ ૮૯.૬૪ પોઈન્ટ અથવા ૦.૧૨ ટકા વધીને ૭૨,૧૦૧.૬૯ પોઇન્ટની સપાટી પર સેટલ થયો હતો. દિવસ દરમિયાન તે ૩૯૦.૬૨ પોઈન્ટ અથવા ૦.૫૪ ટકા વધીને ૭૨,૪૦૨.૬૭ પોઇન્ટના સ્તર પર પહોંચ્યો હતો. બેન્ચમાર્ક પ્રારંભિક સત્ર દરમિયાન ૩૩૭.૬૩ પોઈન્ટ અથવા ૦.૪૬ ઘટીને ૭૧,૬૭૪.૪૨ પોઇન્ટની નીચી સપાટીને પણ અથડાયો હતો. જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક ઇન્ડેક્સ નિફ્ટી ઇન્ડેક્સ ૨૧.૬૫ પોઇન્ટ અથવા તો ૦.૧૦ ટકાના સુધારા સાથે ૨૧,૮૩૯.૧૦ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે સાનુકૂળ વૈશ્વિક સેન્ટિમેન્ટ અને નક્કર ડાયરેક્ટ ટેક્સ વસૂલાતને કારણે ભારતીય બજારોમાં સુધારો જોવા મળ્યો હતો અને સાધારણ સુધારા સાથે બંધ થયા હતા. મજબૂત એફઆઇઆઇ અને ડીઆઇઆઇના આંતરપ્રવાહે બજારને ટકાવી રાખ્યું હતું.સેન્સેક્સ બાસ્કેટમાંથી મારૂતિ, નેસ્લે, પાવર ગ્રીડ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આઈટીસી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, કોટક મહિન્દ્રા બેંક, બજાજ ફાઈનાન્સ, ઈન્ડસઈન્ડ બેંક અને એશિયન પેઈન્ટ્સ ટોપ ગેઇનર્સ શેરની યાદીમાં સામેલ થયા હતા. તેનાથી વિપરીત, ટાટા સ્ટીલ, એક્સિસ બેંક, ટાટા મોટર્સ અને એચડીએફસી બેંકનો ટોપ લુઝર્સ શેરોની યાદીમાં સમાવેશ હતો.

કોર્પોરેટ હલચલમાં વિવિધ શ્રેણીના પ્રોજેક્ટ્સ માટે વિઝ્યુઅલ ઇફેક્ટ્સ (વીએફએક્સ) પૂરી પાડવાની વિશેષતા ધરાવતી કંપની ડિજીકોર સ્ટુડિયો લિમિટેડે વીએફએક્સ ઉદ્યોગમાં અનુભવી અનુભવી જેસન સ્પર્લિંગની તેમના નવા ક્રિએટિવ ડિરેક્ટર અને વીએફએક્સ સુપરવાઇઝર તરીકે નિમણૂક કરી છે. જેસન તેમની સાથે નેટફ્લિક્સ ખાતે યુએસએ અને કેનેડાના વીએફએક્સ (સિરીઝ) ડિરેક્ટર તરીકેની બે દાયકાથી વધુની કુશળતાની ભૂમિકાનો ટ્રેક રેકોર્ડ ધરાવે છે. તેમની સમગ્ર કારકિર્દી દરમિયાન તેમણે ત્રણ પ્રાઇમટાઇમ એમી નોમિનેશન અને બે વિઝ્યુઅલ ઇફેક્ટ્સ સોસાયટી એવોર્ડ નોમિનેશન મેળવ્યા છે.

એશિયન બજારોમાં, સિઓલ, શાંઘાઈ અને હોંગકોંગ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા હતા. જાપાનીઝ સ્ટોક એક્સચેન્જ રજા માટે બંધ હતા. યુરોપિયન બજારો મોટે ભાગે નીચામાં ટ્રેડ થઈ રહ્યા હતા. વોલ સ્ટ્રીટ મંગળવારે રાતોરાત વેપારમાં સુધારા સાથે પોઝિટીવ ઝોનમાં બંધ રહ્યું હતું. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ મંગળવારે રૂ. ૧,૪૨૧.૪૮ કરોડના મૂલ્યની ઇક્વિટી ખરીદી હતી. એડવાન્સ ટેક્સમાં ઊંચી વસૂલી થઇ હોવાથી ૧૭ માર્ચ સુધીમાં નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૯.૮૮ ટકા વધીને રૂ. ૧૮.૯૦ લાખ કરોડથી વધુ થયું હતું. વૈશ્વિક કઊડ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૮૦ ટકા ઘટીને ૮૬.૬૮ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું છે.

મંગળવારે ૩૦ શેરો ધરાવતો બીએસઇ બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ ૭૩૬.૩૭ પોઈન્ટ અથવા ૧.૦૧ ટકા ઘટીને ૭૨,૦૧૨.૦૫ પોઇન્ટ પર સેટલ થયો હતો. જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૨૩૮.૨૫ પોઈન્ટ અથવા ૧.૦૮ ટકા ઘટીને ૨૧,૮૧૭.૪૫ પોઇન્ટના સ્તરે બંધ થયો હતો.

સેબીની ચેતવણી અને ફંડોની સ્ટ્રેસ ટેસ્ટ બાદ રિડેમ્પશનના દબાણને કારણે નાના શેરોમાં વેચવાલી વધતી રહી હોવાથી, મિડ અને સ્મોલકેપ શેરઆંકોમાં પણ નિરાશાજનક વલણ ચાલુ રહ્યું છે. જોકે, આ સત્રમાં મિડકેપના બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં અત્યંત મમૂલી સુધારો અને સ્મોલકેપના બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં સાધારણ ઘસરકો જોવા મળ્યો હતો.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, શેરબજારમાં વૈશ્વિક પરિબળો સાથે સ્થાનિક સ્તરે ઇલેક્શનની જાહેરાતને પગલે સાવચેતીના માહોલ વચ્ચે ઉથલપાથલ અને અફડાતફડીનો દોર તીવ્ર બન્યો છે.

# ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસા તૂટ્યો

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો વધુ ૧૩ પૈસા તૂટીને ૮૩.૧૬ના મથાળે રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી રહી હોવાના નિર્દેશને કારણે રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૦૩ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૧૮ અને ઉપરમાં ૮૩ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે વધુ ૧૩ પૈસા ગબડીને ૮૩.૧૬ના મથાળે બંધ રહ્યો હતો. દરમિયાન આજે વિશ્વ બજારમાં અમેરિકી ફેડરલ રિઝર્વની આજે સમાપન થનારી નીતિવિષયક બેઠકની ફળશ્રુતિ પૂર્વે ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૮ ટકાના ઉછાળા સાથે ૧૦૪.૧૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો.

# નાણાકીય વર્ષ ૨૦૨૬માં કુદરતી ગૅસની આયાત નિર્ભરતા ૪૫ ટકા આસપાસ રહેશેઃ કૅર રેટિંગ્સ

નવી દિલ્હીઃ ગત નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં દેશના કુલ એલએનજી (લિક્વિડ નેચરલ ગૅસ)ના વપરાશ સામે આયાત નિર્ભરતા ૫૩ ટકાની સપાટીએ હતી. તેમાં ધીમે ધીમે ઘટાડો આવી રહ્યો છે અને છેલ્લાં થોડા વર્ષોથી સ્થાનિકમાં કુદરતી ગૅસના ઉત્પાદનમાં વધારો થવાથી આયાત નિર્ભરતા ઘટી રહી હોવાનું કૅર એજ રેટિંગ્સે એક અહેવાલમાં જણાવતાં ઉમેર્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૬ સુધીમાં એલએનજીની આયાત નિર્ભરતા ઘટીને ૪૫ ટકા આસપાસ રહેશે.

છેલ્લાં ત્રણ વર્ષમાં લગભગ પ્રતિદિન ત્રણ કરોડ ટન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર કુદરતી ગૅસના ઉત્પાદનમાં વધારો થવાની સાથે માગમાં થઈ રહેલા વધારાનો પણ ટેકો મળતો રહેવાની શક્યતા છે. તેમ જ નાણાકીય વર્ષ ૨૦૨૫માં વધુ પ્રતિદિન ૧.૫ કરોડ ક્યુબિક મીટર ઉત્પાદન શરૂ થવાની ધારણા મુકાઈ રહી છે.

વધુમાં કૅર એજ રેટિંગ્સનાં ડિરેક્ટર હાર્દિક શાહે જણાવ્યું હતું કે સરકારના સ્વચ્છ ઈંધણ પર ભાર મૂકવાની સાથે સરકારના કેરએજ રેટિંગ્સના ડિરેક્ટર હાર્દિક શાહે જણાવ્યું હતું કે, નસ્ત્રસ્વચ્છ ઇંધણ તરફ સંક્રમણ માટે સરકારના વધુ ભાર સાથે, નાણાકીય વર્ષ ૨૦૨૦ સુધીમાં કુદરતી ગૅસના વપરાશમાં મક્કમ દરે વૃદ્ધિ થતી રહી હતી. જોકે, કૉવિડ-૧૯ મહામારી અને રાજકીય-ભૌગોલિક કારણોસર કુદરતી ગૅસના વૈશ્વિક ભાવ વધી આવ્યા હોવાથી નાણાકીય વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૩ દરમિયાન કુદરતી ગૅસના વપરાશમાં વપરાશમાં ઘટાડો થયો હતો.

જોકે, વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતમાં કુદરતી ગૅસનો વપરાશ વિક્રમ સ્તરે રહેવાની ધારણા વ્યક્ત કરતાં કૅર એજ રેટિંગ્સે ઉમેર્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૩માં કુદરતી ગૅસના વપરાશમાં ઘટાડો મુખ્યત્વે રશિયા-યુક્રેન વચ્ચે ફાટી નીકળેલા યુદ્ધને કારણે વૈકલ્પિક ઈંધણના સ્પર્ધાત્મક ભાવ અને કુદરતી ગૅસના ભાવમાં થયેલા તિવ્ર વધારાને આભારી હતો.

# નબળા રૂપિયે સોનામાં ₹ ૧૦૦નો અને ચાંદીમાં ₹ ૪૨નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વની આજે સમાપન થતી નીતિવિષયક બેઠકની ફળશ્રુતિ પૂર્વે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત અન્ડરટોન જળવાઈ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે સોના-ચાંદીમાં પીછેહઠ જળવાઈ રહી હતી. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસા ગબડી ગયો હોવાથી સોનાની આયાત પડતરમાં વધારો થવાથી સ્થાનિક ઝવેરી બજારમાં હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૦નો અને ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં રૂ. ૪૨નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સોનામાં સ્ટોકિસ્ટો, રોકાણકારો અને જ્વેલરી ઉત્પાદકોની નિરસ માગ ઉપરાંત ઊંચા મથાળેથી રિટેલ સ્તરની લેવાલી પણ પાંખી રહી હોવા છતાં રૂપિયો નબળો પડવાથી આયાત પડતર વધવાને કારણે વિશ્વ બજારથી વિપરીત સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૦વધીને ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૫,૪૨૬ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૫,૬૮૯ના મથાળે રહ્યા હતા. વધુમાં .૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, પરંતુ ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૪૨ના સાધારણ સુધારા સાથે રૂ. ૭૩,૮૮૬ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત આજે ફેડરલ રિઝર્વની સમાપન થતી બે દિવસીય બેઠકના અંતે ફેડરલના અધ્યક્ષ જૅરૉમ પૉવેલ ભવિષ્યમાં વ્યાજદરમાં કપાત અંગે કોઈ અણસાર આપે છે કે કેમ તેના પર રોકાણકારોની નજર હોવાથી સાવચેતીના અભિગમ વચ્ચે હાજર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને અનુક્રમે ઔંસદીઠ ૨૧૫૫.૯૩ ડૉલર અને ૨૧૫૯.૭ ડૉલર તથા હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૨૪.૯૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં અપેક્ષા કરતાં વહેલા કાપ મૂકે તેવી ધારણા વચ્ચે તેજીનો પવન ફૂંકાઈ ગયા બાદ આગલા સપ્તાહે અમેરિકામાં ફેબ્રુઆરી મહિનામાં ફુગાવો વધી આવતાં વહેલા વ્યાજદરમાં કપાતની ધારણા સામે પ્રશ્નાર્થ મૂકાઈ જતાં સોનામાં તેજીના વળતા પાણી જોવા મળ્યા હતા અને હાલમાં તેજી થાક ખાઈ રહી હોવાનું ટીડી સિક્યોરિટીઝનાં સ્ટ્રેટેજિસ્ટ રેન મેકીએ જણાવતાં ઉમેર્યું હતું કે હવે આજે મોડી સાંજે ફેડરલની બેઠક પશ્ચાત્ વ્યાજદર અંગેના કોઈ અણસાર મળે છે કે કેમ તેના પર રોકાણકારો મીટ માંડીને બેઠા છે.

# ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુમાં નરમાઈ

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત અન્ડરટોન રહ્યો હોવાથી દેશાવરોમાં વિવિધ કૉમૉડિટીની આયાત પડતરોમાં વધારો થતા માગ પર માઠી અસર પડતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૧, રૂ. ૧૨ અને રૂ. સાતનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બેનો ઘટાડો આવ્યો હતો, જ્યારે એલ્યુમિનિયમ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૧ ઘટીને રૂ. ૨૪૮૭, રૂ. ૧૨ ઘટીને રૂ. ૧૪૯૫ અને રૂ. સાત ઘટીને રૂ. ૭૯૭ના મથાળે રહ્યા હતા.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**EXPRESSION OF INTEREST**

Mukand Limited, a Bajaj Group Company is an integrated Stainless - Steel manufacturer of Stainless Steel through the Electric Arc Furnace at its Kalwe plant. We invite Proposals for the purchase of Furnace Slag from Mukand Ltd, Kalwe plant

Average Quantity of Slag: 3500 MT to 4000 MT per month

Prospective buyers of Slag are requested to visit the plant before 23rd March 2024 and submit the offers in a sealed envelope on or before 28th March 2024 to the Contracts Department. Attn.: Mr. Nilesh Ghugare or Mr. Mangesh Pansare.

EMD equivalent to one month sale value shall be required with an offer (by DD drawn in favor of Mukand Ltd).

BAJAJ MUKAND

-: Address :-
Contracts Department, Building No. 4, Mukand Ltd. Thane - Belapur Road, Kalwe Works, Thane - 400 605



**પશ્ચિમ રેલવે-અમદાવાદ**

**માળખાકિય આલેખન અને રેખાંકનો તૈયાર કરવાનું અને રજૂઆત કરવાનું કામ.**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુ. ચીફ એન્જીનીયર (બાંધકામ)-II, પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચે જણાવેલ કાર્ય માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ઈ-ટેન્ડર નોટીસ નં. ડેપ્યુ.સીઈ/સી/II/એડીઆઈ/જીઈઆર-બીઆરસી-આરઓબીએસ-01 (સિંગલ પેકેટ) (1) કામનું નામ તેના સ્થળ સહિતઃ** વડોદરા ડિવિઝનના વડોદરા-ગેરતપુર સેક્શન ઉપર બે લેનના 4 નંગ રોડ ઓવરબ્રિજ (બંને છેડે એપ્રોચીઝ સહિત) ના બાંધકામ માટે માળખાકિય આલેખન અને રેખાંકનો તૈયાર કરવાનું અને રજૂઆત કરવાનું કામ. (સિંગલ પેકેટ) (2) **કામની અંદાજિત પડતરઃ** ₹ 68,40,000/- (3) **જમા કરાવવાની અર્નેસ્ટમની ડિપોઝીટઃ** ₹ 1,36,800/- (4) **ટેન્ડર ફોર્મ ફીઃ** નિઃશુલ્ક (5) **કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળોઃ** 03 (ત્રણ) મહિના (6) **બીડ જમા કરવાની અને બીડ ખુલવાની તારીખ અને સમયઃ** તા.04-04-2024 ના 15:00 કલાક સુધી જમા કરી શકાશે અને તા.04-04-2024 ના 15:30 કલાકે ખોલાશે. (7) **વેબસાઈટ વિગત, નોટીસ બોર્ડનું સરનામું જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે અને ઓફીસનું સરનામુંઃ** ડેપ્યુ.ચીફ એન્જીનીયર, (બાંધકામ) II, પશ્ચિમ રેલવે, બીજો માળ, 'C' વિંગ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, અસારવા, અમદાવાદ-382 345. **વેબસાઈટઃ** www.ireps.gov.in CPM-071

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે**

**સ્યુએજનો નિકાલ અને વિવિધ અન્ય કામ**

ડીવીજનલ રેલવે મેનેજર (WA), પ. રે., ૬ઠ્ઠો માળ, એન્જી. વિભાગ, મું. સેન્ટ્રલ, મુંબઈ-૮. ઈ-ટેન્ડર નોટીસ નં.: **BCT/૨૩-૨૪/૩૨૦ તા. ૧૯/૩/૨૪** મંગાવે છે. કામ અને સ્થળઃ **વિરાર-સુરત સેક્શનઃ ૨૪ મહિના માટે અંડરગ્રાઉન્ડ સ્યુએજ લાઈન, મેનહોલ અને સ્યુઅર લાઈન ઈ.ની સાફસફાઈ માટે વિરાર-સુરત સેક્શન વાર્ષિક નિભાવ કોન્ટ્રેક્ટના અનુસંધાનમાં સીની. DEN/ નોર્થની હકૂમતમાં ડ્રેઈનેજ સીસ્ટમની જાળવણી અને સ્યુએજ, ગાર્બેજનો નિકાલ કરવો.** કામની અંદા. કિંમતઃ ₹ ૫૪,૬૪,૮૩૭.૩૮. બારડીઃ ₹ ૧,૦૯,૩૦૦/-. સુપ્રતિની તા. અને સમયઃ ૧૬/૪/૨૪ના ૧૫ ક. સુધી. ખુલવાની તા. અને સમયઃ ૧૬/૪/૨૪ના ૧૫.૩૦ ક. નોંધઃ કામના વિગતવાર પ્રકાર, ટેન્ડર દસ્તાવેજની કિંમત (નોન-રીફંડેબલ) બારડી, લાયકાતની શરતો, કામનો સમાન પ્રકાર, વિગતવાર ટેન્ડર શરતો અંગે કૃપયા મુલાકાત લો **www.ireps.gov.in** મેન્યુઅલ ઓફરોની વિચારણા કરાશે નહિ. 1286

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે-અમદાવાદ**

**2 લેનના 3 નંગ ઓવરબ્રિજ (ROB) નું બાંધકામ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુ. ચીફ એન્જીનીયર (બાંધકામ)-II, પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચે જણાવેલ કાર્ય માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ઈ-ટેન્ડર નોટીસ નં.** ડેપ્યુ.સીઈ/સી/II/એડીઆઈ/આરઓબી-238-267-271 (બે પેકેટ) (1) **કામનું નામ તેના સ્થળ સહિતઃ** વડોદરા ડિવિઝનના વડોદરા-ગેરતપુર વચ્ચે કિ.મી. 401/24-26 ખાતે LC નં. 238, કિ.મી. 441/16-18 ખાતે LC નં. 267 અને કિ.મી. 441/10-12 ખાતે LC નં. 271 ને બદલે એપ્રોચીઝ (બંને છેડે) સહિત 2 લેનના 3 નંગ ઓવરબ્રિજ (ROB) નું બાંધકામ કરવાનું કામ (બે પેકેટ) (2) **કામની અંદાજિત પડતરઃ** ₹ 111,23,99,439.22/- (3) **જમા કરાવવાની અર્નેસ્ટમની ડિપોઝીટઃ** ₹ 57,12,000/- (4) **ટેન્ડર ફોર્મ ફીઃ** નિઃશુલ્ક (5) **કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળોઃ** 18 (અઢાર) મહિના ચોમાસા સહિત (6) **બીડ જમા કરવાની અને બીડ ખુલવાની તારીખ અને સમયઃ** તા.05-04-2024 ના 15:00 કલાક સુધી જમા કરી શકાશે અને તા.05-04-2024 ના 15:30 કલાકે ખોલાશે. (7) **વેબસાઈટ વિગત, નોટીસ બોર્ડનું સરનામું જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે અને ઓફીસનું સરનામુંઃ** ડેપ્યુ.ચીફ એન્જીનીયર, (બાંધકામ) II, પશ્ચિમ રેલવે, બીજો માળ, 'C' વિંગ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, અસારવા, અમદાવાદ-382 345. **વેબસાઈટઃ** www.ireps.gov.in CPM-072

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

**ICF કોચીઝનું NMGHS કોચીઝમાં રૂપાંતરણ કરવાનું કામ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુ. ચીફ મિકેનીકલ એન્જીનીયર, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે નીચે આપેલ વિગતો મુજબનાં કાર્યો માટે ઈ-ટેન્ડર આવકારે છે. **ઈ-ટેન્ડર નં. BVPW-2023-24-RSP-01-R, કામનું નામઃ** ભાવનગર વર્કશોપ ખાતે કામના અવકાશ મુજબ 12 મહિનાઓ માટે ICF કોચીઝનું NMGHS કોચીઝમાં રૂપાંતરણ કરવાનું કામ. **કામની અંદાજિત પડતરઃ** ₹ 8,59,81,867.61/-, **બીડ સિક્યુરીટીઃ** ₹ 5,79,900/- **ટેન્ડર દસ્તાવેજ ફીઃ** ₹ 0.00/- **ટેન્ડર ઓફર ની માન્યતા : 60 દિવસ, કાર્ય પૂર્ણ કરવાનો સમય ગાળો :** LOA ઈશ્યુની તારીખ થી 12 મહિના, **ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય અને ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** તા.05-04-2024 ના 15:00 કલાકે અને તા.05-04-2024 ના 15:30 કલાકે, **જારીકર્તા :** ડેપ્યુ. ચીફ મીકેનિકલ એન્જીનીયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફીસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે. **મહત્વની સુચના :** ટેન્ડર ફક્ત ઈલેક્ટ્રોનિક્લી https://www.ireps.gov.in પર જમા કરવામાં આવશે અને આ ટેન્ડર સામે કોઈ મેન્યુઅલ ઓફરને મંજૂરી આપવામાં આવતી નથી અને આ ઓફિસમાં મળેલી આવી કોઈ પણ મેન્યુઅલ ઓફર ને અવગણવામાં આવશે અને ખોલવામાં નહિં આવે. BVP-188

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly


## રમતગમત

# વિરાટ કોહલી અને સ્મૃતિ મંધાનાએ આરસીબીની નવી જર્સી કરી લોન્ચ

બેંગલૂરુઃ ઇન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૪ શરૂ થવાને હવે થોડા દિવસો બાકી છે અને ૨૨ માર્ચે સીઝનની પ્રથમ મેચમાં વિરાટ કોહલીની ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને એમએસ ધોનીની ચેન્નઈ સુપર કિંગ્સ આમને-સામને ટકરાશે પરંતુ તે પહેલા રોયલ ચેલેજર્સ બેંગ્લોરએ પોતાની ટીમની નવી જર્સી લોન્ચ કરી હતી. તેની યુટ્યુબ ચેનલ પર નવી જર્સી લોન્ચ કરવામાં આવી હતી. આ વખતે ટી-શર્ટના ઉપરના ભાગમાં કાળાને બદલે ઘેરા વાદળી રંગનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

નોર્વેના સંગીતકાર એલન વોકર પણ જર્સી લોન્ચ સમારોહમાં હાજરી આપી હતી, જેને વિરાટ કોહલી અને ટીમના કેપ્ટન ફાફ ડુ પ્લેસિસે એલન વોકરના નામ સાથે છાપેલી આરસીબીની ટી-શર્ટ ભેટમાં આપી હતી. આ દરમિયાન આરસીબીની આખી ટીમ, કોચ અને સપોર્ટિંગ સ્ટાફ પણ મંચ પર હાજર હતો. આ વખતે પણ આરસીબીનું ટાઈટલ સ્પોન્સર 'કતાર એરવેઝ' હશે અને ટીમની જર્સી પર મોટા શબ્દોમાં 'કતાર એરવેઝ' લખેલું છે. જર્સી લોન્ચ કરતા પહેલા વિરાટ કોહલીએ મહિલા આરસીબી ટીમની કેપ્ટન સ્મૃતિ મંધાનાને સ્ટેજ પર બોલાવી હતી. વિરાટ કોહલી, ફાફ ડુ પ્લેસિસ અને સ્મૃતિ મંધાનાએ એકસાથે બટન દબાવ્યું, જેના પછી વીડિયો શરૂ થયો હતો.

# ઑસ્ટ્રેલિયાનો સ્ટાર બેટ્સમેન કેમરુન બેનક્રોફ્ટ બાઈક અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત

મેલબોર્નઃ ઑસ્ટ્રેલિયાના સ્ટાર બેટ્સમેન કેમરુન બેનક્રોફ્ટ બાઇક અકસ્માતનો શિકાર બન્યો છે. આ અકસ્માતમાં કેમરુન બેનક્રોફ્ટને ગંભીર ઈજા થઈ છે. આ દુર્ઘટના પછી તે શેફિલ્ડ શિલ્ડની ફાઇનલમાં રમી શકશે નહીં. શેફિલ્ડ શીલ્ડની ફાઈનલ વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયા અને તાસ્માનિયા વચ્ચે રમાશે. પરંતુ અકસ્માત બાદ કેમરુન બેનક્રોફ્ટ વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયન ટીમનો ભાગ પણ નહીં રહે. મીડિયા અહેવાલો અનુસાર, શેફિલ્ડ શિલ્ડ ફાઇનલમાં તસ્માનિયા સામે વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયા કેમરુન બેનક્રોફ્ટની ગેરહાજરીમાં એરોન હાર્ડી સાથે મેદાનમાં ઉતરી શકે છે. કેમરુન બેનક્રોફ્ટે અત્યાર સુધી ૧૦ ટેસ્ટ મેચ અને ૧ ટી૨૦ મેચમાં ઑસ્ટ્રેલિયાનું પ્રતિનિધિત્વ કર્યું છે. કેમરુને ટેસ્ટ મેચોમાં ૨૬.૨૪ની એવરેજથી ૪૪૬ રન કર્યા છે. કેમરુન બેનક્રોફ્ટે આ સીઝનમાં શેફિલ્ડ શીલ્ડમાં સારું પ્રદર્શન કર્યું છે. આ સીઝનમાં કેમરુને ૭૭૮ રન ફટકાર્યા છે. આ સીઝનમાં તે તેની ટીમ વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયા માટે બીજો સૌથી વધુ રન કરનાર ખેલાડી છે. વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયા શેફિલ્ડ શિલ્ડ ફાઇનલમાં તાસ્માનિયા સામે તેના ઘણા મોટા ખેલાડીઓ વિના રમશે.

# ઓલિમ્પિક ખેલાડીઓને વહેંચવામાં આવશે ત્રણ લાખ કોન્ડમ

મુંબઈઃ પેરિસમાં ૨૬ જુલાઈથી લઈને ૧૧ ઑગસ્ટ સુધી ઓલિમ્પિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ રમતોત્સવ માટે ઓલિમ્પિક વિલેજમાં ૧૪,૨૫૦ એથ્લીટ માટે ૩,૦૦,૦૦૦ કોન્ડમ વહેંચવામાં આવશે. ઓલિમ્પિકમાં ખેલાડીઓને ઈન્ટિમસી પર લગાવવામાં આવેલો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો છે અને રમતવીરોને એઈડ્સથી સુરક્ષા માટે આટલી મોટી સંખ્યામાં કોન્ડમ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# દાઉદ ઈબ્રાહિમનું નામ સુવર્ણ અક્ષરથી લખાશે, તેના સંબંધી હોવું ગર્વની વાતઃ પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર મિયાંદાદ

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર જાવેદ મિયાંદાદે અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ સાથેના સંબંધોનો ખુલ્લેઆમ સ્વીકાર કર્યો છે અને તેની સાથે સંબંધ હોવાને સન્માનની વાત ગણાવી હતી. ૧૯૯૨માં વન-ડે વર્લ્ડ કપ જીતનાર પાકિસ્તાની ક્રિકેટ ટીમનો ભાગ રહેલા જાવેદ મિયાંદાદે એક ઈન્ટરવ્યૂમાં આ વાતનો સ્વીકાર કર્યો હતો. જાવેદ મિયાંદાદ અને દાઉદ ઇબ્રાહિમ વેવાઇ છે. દાઉદની દીકરીના લગ્ન જાવેદ મિયાંદાદના દીકરા સાથે થયા છે. મિયાંદાદે આના પર ખુશી વ્યક્ત કરતા કહ્યું કે દાઉદના જમાઇ હોવું ખુશીની વાત છે. દાઉદે મુસ્લિમો માટે ઘણા કામ કર્યા છે.

ઇન્ટરવ્યૂ દરમિયાન મિયાંદાદે કબૂલ્યું હતું કે દાઉદને લાંબા સમયથી ઓળખતો હતો અને દુબઈમાં તેમની પ્રથમ મુલાકાત વિશે વાત કરી હતી. અત્યાર સુધી બંને પરિવારો વચ્ચેના સંબંધો ઘણા લોકોની નજરથી છૂપાયેલા હતા. આ ઈન્ટરવ્યૂમાં મિયાંદાદે બંને પરિવારો વચ્ચેના સંબંધો પર કહ્યું હતું કે, 'મારા માટે સન્માનની વાત છે કે તેની દીકરીએ મારા પુત્ર સાથે લગ્ન કર્યા છે.' જાવેદે કહ્યું હતું કે તે તેને ઘણા સમયથી ઓળખે છે. અમારા પરિવારો વચ્ચે જૂના સંબંધો છે. વાસ્તવમાં દાઉદ ઈબ્રાહિમની મોટી દીકરી માહરુખ ઈબ્રાહિમ અને જાવેદ મિયાંદાદના પુત્ર જુનૈદ મિયાંદાદના લગ્ન વર્ષ ૨૦૦૫માં થયા હતા. આ પછી દુબઈની ગ્રાન્ડ હયાત હોટેલમાં બંનેનું ગ્રાન્ડ રિસેપ્શન (વાલીમા) યોજવામાં આવ્યું હતું. આ લગ્ને તે સમયે ભારે ચર્ચા જગાવી હતી.

આ ઈન્ટરવ્યૂમાં મિયાંદાદે દાઉદના વખાણ કર્યા અને કહ્યું કે તેણે મુસ્લિમ સમુદાય માટે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. મિયાંદાદે ખુલ્લેઆમ દાઉદના વખાણ કર્યા અને કહ્યું, 'દાઉદે મુસ્લિમ સમુદાય માટે જે પણ કર્યું છે તે સુવર્ણ અક્ષરોમાં લખવામાં આવશે.' ઑગસ્ટ ૨૦૦૫માં જુનૈદ અને માહરુખના લગ્ન થયા ત્યારે દાઉદે રિસેપ્શન અને લગ્ન બંનેમાં હાજરી આપી ન હતી. અંડરવર્લ્ડ ડોન ૧૯૯૩ના મુંબઈ બોમ્બ બ્લાસ્ટ માટે વોન્ટેડ છે. આ હુમલામાં લગભગ ૨૫૦ લોકો માર્યા ગયા હતા. પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર મિયાંદાદે ૧૯૭૫, ૧૯૭૯, ૧૯૮૩, ૧૯૮૭, ૧૯૯૨ અને ૧૯૯૬માં એમ કુલ છ વન-ડે વર્લ્ડ કપમાં ભાગ લીધો હતો.

# ભારત ૨૦૩૬ ઓલિમ્પિકનું આયોજન કરવા માટે તૈયારઃ અનુરાગ ઠાકુર

નવી દિલ્હીઃ ભારતીય ખેલાડીઓ ભલે આ વર્ષે જુલાઈ-ઑગસ્ટમાં યોજાનારી પેરિસ ઓલિમ્પિકની તૈયારીમાં વ્યસ્ત હોય, પરંતુ ભારત સરકારે ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાની મેળવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. કેન્દ્રીય રમતગમત પ્રધાન અનુરાગ સિંહ ઠાકુરે કહ્યું કે ભારત ૨૦૩૦માં યુથ ઓલિમ્પિક અને ૨૦૩૬માં ઓલિમ્પિક ગેમ્સની યજમાની કરવામાં કોઈ કસર છોડશે નહીં. અનુરાગ ઠાકુરે એક ખાનગી કાર્યક્રમમાં કહ્યું હતું કે બિડિંગ શરૂ થતાં જ ભારત ઓલિમ્પિકની યજમાની માટે સંપૂર્ણ રીતે તૈયાર હશે. તેમણે કહ્યું હતું કે આપણે વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક શક્તિ છીએ અને આપણે એવા દેશોમાં છીએ જ્યાં યુવા શક્તિ અપાર છે. સ્પોર્ટ્સ માટે ભારતથી મોટું કોઈ બજાર નથી. ભારત ૨૦૩૦ યુથ ઓલિમ્પિક અને ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાની કરવા માટે તૈયાર છે. રમતગમત પ્રધાન અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે તાજેતરમાં ધર્મશાલામાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી પાંચમી ટેસ્ટ મેચ જોવા માટે ચાર હજારથી વધુ વિદેશી ચાહકો ઈંગ્લેન્ડથી આવ્યા હતા અને તેઓએ અહીંના સુંદર સ્ટેડિયમની પ્રશંસા કરી હતી.

# દાદરની કચ્છી મહિલા ડૉક્ટરે અટલ સેતુ પરથી દરિયામાં ઝંપલાવ્યું

## ઘરમાંથી સ્યુસાઇડ નોટ મળીઃ પોલીસે સર્ચ ઑપરેશન હાથ ધર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દાદરમાં રહેનારી ૪૩ વર્ષની કચ્છી મહિલા ડૉક્ટરે અટલ સેતુ પરથી દરિયામાં ઝંપલાવ્યું હોવાની ઘટના સોમવારે બપોરે બની હતી. સ્યુસાઇડ નોટ લખીને ઘરેથી નીકળેલી મહિલાએ ટેક્સી પકડીને અટલ સેતુ પર પહોંચ્યા બાદ આ પગલું ભર્યું હતું. ન્હાવા શેવા પોલીસે કોસ્ટલ સિક્યુરિટી પોલીસની મદદદથી સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું, પણ બુધવાર સાંજ સુધી મહિલાની કોઇ ભાળ મળી નહોતી, એમ અધિકારીએ કહ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર શિવડી-ન્હાવા શેવા વચ્ચે નવનિર્મિત અટલ સેતુ પર આત્મહત્યાના પ્રયાસનો આ પહેલો કિસ્સો છે.

ભોઇવાડા પોલીસના જણાવ્યા અનુસાર મહિલા ડૉક્ટરની ઓળખ કિંજલ કાંતિલાલ શાહ તરીકે થઇ હોઇ તે દાદાસાહેબ ફાળકે રોડ પર નવીન આશા ઇમારતમાં રહેતી હતી. કિંજલ છેલ્લાં આઠથી દસ વર્ષથી ડિપ્રેશનનો સામનો કરી રહી હતી અને તેની સારવાર ચાલી રહી હતી, એમ તેના પિતાએ પોલીસને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું. કિંજલ સોમવારે (જુઓ પાનું ૪) ▶▶

# પાલિકાની તિજોરીમાં એક દિવસમાં ₹ ૧૦૦ કરોડનો પ્રોપર્ટી ટેક્સ જમા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરવાની મુંબઈ મહાનગર પાલિકાની ઝુંબેશને નાગરિકોએ જોરદાર પ્રતિસાદ આપ્યો છે. મંગળવાર, ૨૦ માર્ચના એક જ દિવસમાં ૧૦૦ કરોડ રૂપિયા પાલિકાની તિજોરીમાં જમા થઈ ગયા હતા. મંગળવારે પાલિકાએ ૨૫ વોર્ડમાંથી પ્રોપર્ટી ટેક્સની વિક્રમી વસૂલાત (જુઓ પાનું ૪) ▶▶




### મુંબઈ પાલિકાને મળ્યા નવા કમિશનર

# ઈકબાલસિંહ ચહલનું સ્થાન ભૂષણ ગગરાણીએ સંભાળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચૂંટણી પંચના આદેશ અનુસાર દેશભરમાં આઈએસ અધિકારીઓની બદલી કરવામાં આવી છે, જેમાં બે દિવસ પહેલાં મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર પદેથી ઈકબાલસિંહ ચહેલને હટાવવામાં આવ્યા બાદ બુધવારે તેમના સ્થાને સિનિયર આઈએએસ ઓફિસર ભૂષણ ગગરાણીએ કમિશનર પદનો ભાર સ્વીકાર કર્યો હતો.

બુધવારે સાંજે સુધરાઈના મુખ્યાલયમાં કમિશનર પાંચ વાગે આવી પહોંચેલા ભૂષણ ગગરાણીનું સ્વાગત વિદાય લેનારા ઈકબાલસિંહ ચહલે કર્યું હતું. એ દરમિયાન ભૂષણ ગગરાણીએ કહ્યું હતું કે તેઓ મુંબઈના વિકાસ માટે (જુઓ પાનું ૪) ▶▶









# પારો @૩૮.૭ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાએ બુધવારે ધગધગતી ગરમીનો અનુભવ કર્યો હતો. દિવસ દરમિયાન ભયંકર ગરમી, ઉકળાટ અને બફારો રહ્યો હતો. દિવસ દરમિયાન મુંબઈમાં તાપમાનનો પારો ૩૮.૭ ડિગ્રી પર પહોંચી ગયો હતો. એ સાથે જ બુધવારનો દિવસ ચાલુ મોસમમાં માર્ચ મહિનામાં અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો.

મુંબઈમાં બુધવારનો દિવસ એકદમ ગરમ રહ્યો હતો. દિવસ દરમિયાન સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન (જુઓ પાનું ૪) ▶▶






















"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**